ન્યુ રીનોવેટેડ A/C. લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૭-૩-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૪, અંક: ૩૦૫


મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

શોર્ટેક્ષ - વિણાટ
એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
98242 00970

# ઈન્દ્રનીલ રાજયગુરૂના રાજકારણને રામ રામ: સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે કોંગ્રેસને મોટો ફટકો: છેલ્લા ઘણાં સમયથી નિષ્ક્રિય રહ્યા બાદ હવે રાજકારણ જ છોડી દીધું:સમર્થકો અને કાર્યકરોને મોટો આંચકો



**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આડે હવે માત્ર બે મહિના જેવો જ સમય બાકી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં કોંગ્રેસને આજે સૌથી મોટો ફટકો પડ્યો છે.પૂર્વ ધારાસભ્ય અને પક્ષના લડાયક -કદાવર નેતા ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુએ સક્રિય રાજનીતિમાંથી નિવૃત્તિ લેવાના સ્પષ્ટ સંકેતો આપી દીધા છે.રાજકારણમાંથી તેઓ હવે નિવૃત્ત થવા માંગે છે. તેની જાણ મવડી મંડળને પણ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ ભાઈ રાજ્યગુરુ સૌરાષ્ટ્રમાં કોંગ્રેસના એક ખૂબ જ મોટા ગજાના નેતા પૈકીના એક હતા. ભાજપના અડીખમ ગઢ ગણાતા રાજકોટ શહેરમાં તેઓ કમળના કાંગરા ખેરવવામાં સફળ રહ્યા હતા. વર્ષ ૨૦૧૨માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેઓએ કોંગ્રેસના ઉમેદવાર તરીકે રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. કોંગ્રેસના ધારાસભ્ય તરીકે ચૂંટાય આવ્યા હતા.વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં તેઓ રાજકોટ પશ્ચિમ બેઠક પરથી તે સમયે મુખ્યમંત્રી એવા વિજયભાઈ રૂપાણી સામે ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા હતા.જેમાં તેઓએ હારનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસમાં પૂરતું માન-પાન મળતું ન હોવાના કારણે તેઓએ વર્ષ -૨૦૨૨ વિધાનસભાની ચૂંટણી પૂર્વે પંજાનો સાથ છોડી આમ આદમી પાર્ટીનું ઝાડું પકડી લીધું હતું. દરમિયાન ‘‘આપ‘‘દ્વારા ગુજરાતમાં આપ જીતશે તો મુખ્યમંત્રી ઉમેદવાર તરીકે ઈશુદાનભાઈ ગઢવી બનશે તેવી જાહેરાત કરવામાં આવતા ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ નારાજ થઈ ગયા હતા. ત્યારબાદ તેઓએ એકપણ ક્ષણનો વિચાર કર્યા વિના ‘‘આપ‘‘ સાથે છેડો ફાડી કરી માતૃ સંસ્થા કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. સંગઠનને મજબૂત કરવા માટે કોંગ્રેસ દ્વારા હાથ ધરવામાં આવેલા ‘‘હાથ સે હાથ જોડો અભિયાન‘‘માં પક્ષ દ્વારા તેઓને ખૂબ જ મોટી જવાબદારી સોંપવામાં આવી હતી અને કન્વીનર પણ બનાવવામાં આવ્યા હતા.જેમાં તેઓ સફળ રહ્યા હતા. વર્ષ ૨૦૨૨માં તેઓ રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા હતાપરંતુ તેમાં તેઓનો પરાજય થયો હતો.

છેલ્લા ઘણા સમયથી તેઓ સક્રિય રાજનીતિથી અલિપ્ત રહેતા હતા પક્ષના કોઈપણ કાર્યક્રમમાં પણ તેઓની હાજરી ખૂબ જ ઓછી દેખાતી હતી.

(અનુ. આઠમા પાને)

### પ્રદેશ કોંગ્રેસની ચૂંટણીલક્ષી એક પણ કમિટીમાં સ્થાન ન મળતા નારાજ થયાની ચર્ચા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખી અલગ-અલગ સાત કમિટીની રચના કરવામાં આવી છે.જેમાં એક પણ કમિટીમાં સ્થાન ન મળતા ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ નારાજ હોવાની ચર્ચા ચાલી રહી હતી. છેલ્લા ઘણા સમયથી પક્ષ દ્વારા તેઓને આ સાઈડ લાઈન કરવામાં આવતા હતા જેના કારણે હવે તેઓએ રાજકારણ જ છોડી દેવાનું મન મનાવી લીધું હોવાનું પણ મનાય રહ્યું છે.

### જૂથવાદમાં કોંગ્રેસે વધુ એક લડાયક નેતા ખોયા!

રાજકોટ શહેર કોંગ્રેસમાં જેટલા નેતાઓ છે એટલા જૂથ ધમધમી રહ્યા છે તે વાત સર્વ વિદિત છે જૂથવાદના કારણે કોંગ્રેસને એક પણ ચૂંટણીમાં સફળતા મળતી નથી તે વાત હાઈ કમાન્ડ ખૂબ જ સારી પેઠે જાણે છે. શહેર કોંગ્રેસના જૂથવાદના કારણે પક્ષે એક લડાયક અને કદાવર નેતાને હોવાનું વારો આવ્યો છે.

# ઈરાન યુધ્ધ સમાપ્ત થવાના આરે?!! શાંતિદૂત બનશે ભારત

## વિદેશમંત્રી એસ. જયશંકર અને ઈરાનના નાયબ વિદેશ મંત્રી સઈદ ખતીબઝાદેહેની દિલ્હીમાં થયેલી વાતચીતમાં ભારત મધ્યસ્થી તરીકે ભૂમિકા ભજવે તેવી શક્યતા

**અબતક, નવી દિલ્હી**

નવી દિલ્હીમાં આયોજિત 'રાયસીના ડાયલોગ ૨૦૨૬' દરમિયાન પશ્ચિમ એશિયાના તણાવપૂર્ણ માહોલ વચ્ચે એક આશાનું કિરણ દેખાયું છે. ઈરાનના નાયબ વિદેશ મંત્રી સઈદ ખતીબઝાદેહે ભારતની ધરતી પરથી આંતરરાષ્ટ્રીય સમુદાયને મહત્વનો સંદેશ આપ્યો છે, જે સૂચવે છે કે ભારત આ વિવાદમાં મધ્યસ્થી તરીકે મોટી ભૂમિકા ભજવી શકે છે.



ભારત એક એવો દેશ છે જેના સંબંધો ઈરાન, ઈઝરાયેલ, અમેરિકા અને તમામ અરબ દેશો સાથે સંતુલિત અને મજબૂત છે. આ જ કારણ છે કે જ્યારે પણ સંકટ આવે છે, ત્યારે તમામ પક્ષો ભારત તરફ આશાની નજરથી જુએ છે.

ઈરાની મંત્રીએ નવી દિલ્હીમાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે ટૂંકી પણ મહત્વની મુલાકાત કરી હતી. ભારતનો ઈરાન અને પશ્ચિમી દેશો બંને સાથે સંતુલિત સંબંધ હોવાથી, ભારત આ સંઘર્ષને રોકવા માટે 'શાંતિદૂત' તરીકે ઉભરી શકે છે તેવી ચર્ચાઓ તેજ બની છે.

ઈરાનના મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં 'ચેરી-પિકિંગ' (પોતાની મરજી મુજબ કાયદા પસંદ કરવા) બંધ થવું જોઈએ. તેમણે કહ્યું કે જો વિશ્વ શાંતિ ઈચ્છતું હોય તો નિયમોનું પાલન દરેક માટે સમાન હોવું જોઈએ.

આયાતુલ્લા અલી ખામેનેઈ પરના હુમલાને ઈરાને રાજદ્વારી મર્યાદાઓનું ઉલ્લંઘન ગણાવ્યું અને ચેતવણી આપી કે જો આવું ચાલશે તો કોઈ દેશ સુરક્ષિત રહેશે નહીં.ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે આક્રમણકારો સામે છેલ્લા શ્વાસ સુધી લડશે, પરંતુ જો ન્યાયપૂર્ણ રીતે કાયદાનું પાલન થાય તો શાંતિની શકયતાઓ નકારી શકાય નહીં.

### બિનશરતી શરણાગતિ સ્વીકારો અથવા વિનાશ નિશ્ચિત: ટ્રમ્પ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાની સૈન્ય લગભગ ‘સફેદ થઈ ગયું’ (Wiped out) છે. તેમણે સ્પષ્ટ કર્યું કે જો ઈરાન હાર સ્વીકારીને શરણાગતિ નહીં સ્વીકારે, તો તેની સૈન્ય શક્તિને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરવામાં આવશે. અમેરિકાએ આ ઓપરેશનને 'ઓપરેશન એપિક ફ્યુરી' નામ આપ્યું છે.

### અરબ મિત્ર દેશોની ધરતીનો ઉપયોગ કરી નિર્દોષો પર હુમલા કરવાનું બંધ કરો: ઈરાનના વિદેશમંત્રી

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભયાનક તણાવ વચ્ચે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીનું તાજેતરનું નિવેદન યુદ્ધના અંતની આશા જન્માવી રહ્યું છે. ઈરાને અમેરિકા પર આકરા પ્રહારો કરવાની સાથે સાથે પોતાના પાડોશી અરબ દેશોને ‘‘મિત્ર અને ભાઈ‘‘ ગણાવ્યા છે. આ નિવેદન સૂચવે છે કે ઈરાન હવે સંઘર્ષ વધારવાને બદલે પ્રાદેશિક એકતા અને શાંતિ તરફ ડગલાં માંડી રહ્યું છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તેઓ અરબ દેશો સાથે સદીઓથી સ્નેહ અને મિત્રતાથી રહે છે. જ્યારે કોઈ દેશ પોતાના પાડોશીઓને 'મિત્ર' ગણાવે, ત્યારે તે સંકેત આપે છે કે તે મોટા પાયે પ્રાદેશિક યુદ્ધ ઈચ્છતું નથી.

# ન હોય, સોનું પણ ડિસ્કાઉન્ટમાં વેચાવા આવ્યું!



## કાર્ગો અને ફ્લાઈટ્સ રદ થતાં સોનાની ડિલિવરીમાં મુશ્કેલી, દુબઈમાં સંગ્રહખોરી અને વીમાના ખર્ચથી બચવા ટ્રેડરો ઔંસ દીઠ 30 ડોલર સુધીનું ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે

**અબતક, નવી દિલ્હી**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ અને તણાવની સ્થિતિને કારણે દુબઈમાં ફસાયેલું સોનું અત્યારે મોટા ડિસ્કાઉન્ટ પર વેચાઈ રહ્યું છે. ફ્લાઈટ્સ રદ થવાને કારણે અને યુએઈનો એરસ્પેસ આંશિક રીતે બંધ હોવાથી કાર્ગો ખસેડવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. અત્યારે ગ્રાહકો પણ ઊંચા શિપિંગ ચાર્જ અને વીમા ખર્ચ ચૂકવવા તૈયાર નથી, કારણ કે સમયસર ડિલિવરીની કોઈ ગેરંટી નથી. આથી, સંગ્રહખોરી અને વીમાનો વધારાનો ખર્ચ ટાળવા માટે ટ્રેડરો લંડન બેન્ચમાર્ક કરતા ઔંસ દીઠ ૩૦ સુધીનું મોટું ડિસ્કાઉન્ટ આપીને સોનું વેચવા મજબૂર બન્યા છે.

આ ભૌગોલિક રાજકીય તણાવ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવની સીધી અસર વૈશ્વિક સપ્લાય ચેઈન પર પડી રહી છે. ઓગમોન્ટ એન્ટરપ્રાઈઝિસના રિસર્ચ હેડ રેનિષા ચૈનાનીના જણાવ્યા અનુસાર, ફ્લાઈટ્સ રદ થવાને કારણે કાર્ગો

(અનુ. આઠમા પાને)

### ભારતમાં સોના-ચાંદીના ભાવમાં કડાકો નોંધાયો

એક તરફ દુબઈમાં સોનું ડિસ્કાઉન્ટમાં વેચાઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ ભારતમાં સોનાના ભાવમાં ઘટાડો નોંધાયો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં શુક્રવારે સોનાના ભાવમાં રૂ. ૧,૧૦૦ નો ઘટાડો નોંધાયો છે, જેના કારણે ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂ. ૧.૬૪ લાખ પર આવી ગયો છે. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર ૯૯.૯ ટકા શુદ્ધતાવાળું સોનું લગભગ ૧ ટકા ઘટીને ૧,૬૪,૧૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગયું છે. આ સાથે બુલિયન માર્કેટમાં ચાંદી પણ ૬૦૦ રૂપિયા ઘટીને ૨,૭૧,૭૦૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

### લોજિસ્ટિક્સ ખર્ચમાં ૭૦ ટકા સુધીનો તોતિંગ ઉછાળો

એમએમટીસી-પીએમપી ના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર સમિત ગુહાના જણાવ્યા અનુસાર નવા કોન્ટ્રાક્ટ માટે લોજિસ્ટિક્સ ખર્ચમાં ૬૦ થી ૭૦ ટકાનો ઉછાળો આવ્યો છે. એચડીએચસી સિક્યોરિટીઝના સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીના જણાવ્યા મુજબ, યુએસ ડોલરની મજબૂતી અને ટ્રેઝરી યીલ્ડ વધવાને કારણે આ અઠવાડિયે સોના અને ચાંદી બંનેમાં ઘટાડો જોવા મળ્યો છે. લેમન માર્કેટ્સ ડેસ્કના રિસર્ચ એનાલિસ્ટ ગૌરવ ગર્ગ અને એલકેપી સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદી પણ આ યુદ્ધની સ્થિતિ અને મેક્રોઈકોનોમિક આંકડાઓની બજાર પર થતી અસર પર નજર રાખી રહ્યા છે.



# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

ખાનગી શૈક્ષણિક સંસ્થાના માલિક માટે આ સપ્તાહ મધ્યમ અથવા પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના અને સંયોગ. ફેબ્રીક ક્ષેત્રે, પોલી ક્લોથ્સ તથા રેડીમેડ ગાર્મેન્ટ્સ ફેશન એસેસરીઝ સંબંધિત તમામ નાના મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે, આ સપ્તાહ આંશિક પ્રતિકૂળ અથવા સરેરાશ રહે તેવી સંભાવના. પ્લાસ્ટિક મટીરીયલ્સના ઉત્પાદક માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના તથા વ્યાપારી એકમના જાતક માટે સરેરાશ સપ્તાહ.સરકારી કર્મચારી માટે આ સરેરાશ તથા વ્યસ્ત સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. પરિવાર સાથે હળવા વિખવાદ થવાના સંયોગો. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ ૧૩ તથા ૧૪ માર્ચ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ — બ,વ,ઉ

ઉચ્ચસ્થ શનિ એવમ વાયુ તત્વની રાશિના બલિષ્ઠ શનિવાળા જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે. ઉતાવળ પર કાબુ રાખી, અધૂરા કામ પૂરા કરવા. જૂની ઉઘરાણી પાકવાના સંયોગ શક્યતા. ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપાર-વણિજના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. સરકારી કર્મચારી, પોલીસ કર્મી માટે આ સપ્તાહ હળવું લાભકારી તથા દોડધામ વાળું નીવડશે સાથોસાથ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સગા-સ્નેહી સાથે નાની ગેરસમજ થઈ જવાની શક્યતા. મિત્ર તરફથી હળવો સહકાર મળશે. યુવાવર્ગ માટે થોડો પરિશ્રમ વાળું સપ્તાહ. મહિલા-કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૩ તથા ૧૪ માર્ચ સામાન્ય જણાશે.

### મિથુન — ક,છ,ઘ

આ સપ્તાહ દરમિયાન નિરાંત તથા માનસિક શાંતિ વળવાની સંભાવના. દરેક પ્રકારના નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર વણિજ કે જથ્થાબંધ માલના વ્યાપારીના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. પરિશ્રમ વાળા કોઈ પણ એકમના જાતકો બહુ લાભ થવાની સંભાવના. જૂની ઉઘરાણી કે લેણી રકમ પાકવાની સંભાવના, તેમજ ટલ્લે ચડી ગયેલાં ધંધા વ્યવસાયના કામકાજનો નિવેડો આવશે તેવી પૂર્ણ સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે તેવી પૂરી શક્યતા. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી તેમજ નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી રહેશે. કેવળ ૧૨ માર્ચનો દિવસ સાવ મધ્યમ જણાશે.

### કર્ક — ડ,હ

જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિ વિશેષ માટે આ સપ્તાહ પણ હળવું પ્રતિકૂળ રહે તેવી સંભાવના, હજુ પણ આવા જાતકે વિવાદ-વિખવાદ ન સર્જાય તેના માટે ખાસ સંભાળ લેવી. નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. તથા કઠિન પરિશ્રમ વાળા વ્યાપાર-ધંધાના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે હળવા આર્થિક લાભ સાથે આ સપ્તાહ ચડાવઉતાર વાળું નીવડશે. કુટુંબીજન કે સગા વચ્ચે હળવી અણસમજ થવા સંભાવના, પરંતુ સાથ સહકાર અકબંધ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. કેવળ, ૧૧ માર્ચનો દિવસ જ સાવ સામાન્ય અથવા સરેરાશ રહેશે.

### સિંહ — મ,ટ

સિંહ રાશિના સર્વ જાતક માટે આ સપ્તાહ ધરપત વાળું તેમજ બહુ લાભદાયક નીવડશે. ધંધા એવમ વ્યવસાયના હેતુસર સ્થળાંતર એવમ પ્રવાસ થવાની પૂરી સંભાવના. આ સપ્તાહે જૂની ઉઘરાણી પાકશે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના તમામ જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. છૂટક એવમ નાના વ્યાપારી જાતક તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ અતિ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે સાથોસાથ પ્રમોશનના સંયોગ પણ જણાય છે. ખાનગી ક્ષેત્રના કર્મચારી આ સપ્તાહ લાભદાયક એવમ સાનુકૂળ નીવડશે. સગા તરફથી સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, ગૃહિણી, મહિલા કર્મી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. કેવળ, ૧૩ માર્ચ સાવ સાધારણ રહેશે.

### કન્યા — પ,ઠ,ણ

સખત પરિશ્રમ કરનાર જાતક, કારીગર વર્ગ તથા તમામ શ્રેણીના શિલ્પી માટે આ સપ્તાહ કામકાજથી વ્યસ્ત રાખનારું તેમજ અત્યાધિક લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન આવકના નવા નવા સ્રોત મળવાની પૂરી શક્યતા એવમ સંયોગ. જૂના કરજ કે લોનમાંથી મુક્ત થવાના તથા પડતર ઉઘરાણી પાકવાની પૂરી શક્યતા. ઉતાવળિયા ભાવકે થોડી ધીરજ રાખવી. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા તમામ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પણ આંશિક લાભદાયી પરંતુ દોડ ધામ વાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી રહેશે. ૧૨ તથા ૧૪ માર્ચ સામાન્ય રહેશે.

### તુલા — ર,ત

ટલ્લે ચડી ગયેલા અગત્યના કામકાજ આ સપ્તાહે આગળ વધશે. ગૃહ/કુટીર ઉદ્યોગ એકમના જાતક તથા હસ્તકલા એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે સાથે નવી તક સાંપડવાની શક્યતા. આ સિવાયના ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ તથા દેશ-વિદેશ વ્યાપાર વણિજ તથા વ્યવસાય જોડે જોડાયેલ જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી અથવા સાનુકૂળ નીવડે તેવી સંભાવના. સખત પરિશ્રમ વાળા ધંધા વ્યાપાર માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક જણાશે. મોસાળ પક્ષ સાથે હળવા મતભેદ થવાની સંભાવના. ગૃહિણી તથા મહિલા-કર્મી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે.૧૦ તથા ૧૪ માર્ચ સાવ સામાન્ય જણાશે.

### વૃશ્ચિક — ન,ય

આ સપ્તાહ દરમિયાન નવા કામકાજ હાથમાં ન લેવાં, અગત્યના નિર્ણય લેવાના જ હોય તો શક્ય હોય તો આ એક સપ્તાહ માટે મુલતવી રાખવા. લાલચ, તથા ઉતાવળ પર ખાસ નિયંત્રણ રાખવું. નાના ગૃહોદ્યોગ એકમના જાતક તથા નાના ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ આંશિક રૂપે લાભદાયક નીવડશે. છૂટક તથા નાના વ્યાપારી, ફેરી કરતા વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી એવમ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે, સાથે, આ સપ્તાહ માટે નોકરીમાં વિશેષ કાળજી રાખવી. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી જણાશે. ૧૩ તથા ૧૪ માર્ચ સાવ સામાન્ય રહેશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

કેમિકલ્સ એકમના જાતક તથા વિલાયતી ફાર્માસ્યુટીક્લ્સ એકમના જાતક માટે આ સપ્તાહ અતિ ભાગદોડ વાળું તથા આંશિક લાભદાયક નીવડશે. ઓટોમોબાઈલ્સ સ્પેરપાર્ટ્સના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. આ સિવાયના, અન્ય, ઉદ્યોગ-વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. નાના વ્યાપારી તથા છૂટક, ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. જીવનમાં સંવાદિતા તથા સુમેળમાં વધારો થવાના સંયોગ. નિવૃત્ત, ગૃહિણી તથા છાત્ર માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૧ તથા ૧૩ માર્ચ અર્ધ-સાધારણ નીવડશે.

### મકર — ખ,જ

શેર બજાર તથા અવૈધ શેર સટ્ટા બજારના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. પેટ્રોલિયમ ઉત્પાદ તેમજ ઈલેક્ટ્રીસીટી સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી તથા દોડધામ વાળું જણાશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયી રહેશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ યથાવત રહેશે. મહિલા કર્મી માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવુ લાભદાયક નીવડશે. ૮ માર્ચ મધ્યમ રહેશે.

### કુંભ — ગ,શ,ષ

સર્વિસ બિઝનેસ એવમ વિવિધ પ્રકારની કન્સ્લ્ટીંગ ફર્મસના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા. વીજળી તથા અગ્નિ, કોલસો, તથા પ્રવાહી જ્વલનશીલ પદાર્થ સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ, દોડધામવાળું એવમ આંશિક લાભદાયી નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. સરકારી ક્ષેત્ર ના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ૮ તથા ૧૦ માર્ચ સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન — દ,ચ,ઝ,થ

સેલેબલ જાતક એવમ પ્રસિદ્ધ કે વરેણ્ય વ્યક્તિ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ રહે તેવી સંભાવના. આથી વિશેષ કાળજી રાખવી. આડા અવળા સંબંધ કે વહિવટ વાળા જાતકે વિશેષ રૂપે સંભાળવું, આ સિવાયના તમામ જાતક માટે આ સપ્તાહ બહુ ધરપત વાળું એવમ બરકત વાળું નીવડશે, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. છૂટક વ્યાપારી તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહે બઢતીના સંયોગ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સગાંસ્નેહીઓ તરફથી સાથ સહકાર અકબંધ. મહિલા કર્મી માટે લાભદાયી સપ્તાહ. વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે સાનુકૂળ સપ્તાહ. ૧૧ માર્ચ પ્રતિકૂળ જણાશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

---

મંચ પર વખાણ અને જીવનમાં અવગણના

# એક દિવસના ફૂલ નહીં, આખું વર્ષ માનની હકદાર મહિલા: કાલે વિશ્વ મહિલા દિવસ

## એક લિંગ સમાન વિશ્વની કલ્પના કરો, જ્યાં એક એવી દુનિયા જે પૂર્વગ્રહ, રૂઢિપ્રયોગો અને ભેદભાવથી મુક્ત હોય, વૈવિધ્યસભર, ન્યાયી અને સમાવેશી હોય, અને જ્યાં તફાવતનું મૂલ્ય અને ઉજવણી થાય: આ દિવસ મહિલાઓના અધિકારોની લડત માટેનું કેન્દ્ર બિંદુ છે

કાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ એવા સમયે આવે છે, જ્યારે ન્યાય પ્રણાલીઓ દબાણ હેઠળ છે. સંઘર્ષ, દમન અને રાજકીય તણાવ કાયદાના શાસનને નબળો પાડી રહ્યા છે. પરિણામે સ્ત્રીઓ અને છોકરીઓને પુરુષો જેટલા કાનૂની અધિકારો માત્ર ૬૪ ટકા છે. સ્ત્રીઓને દૂર કરવામાં આવે છે, તેમના પર વિશ્વાસ કરવામાં આવતો નથી, તેમને ફરીથી બદનામ કરવામાં આવે છે, અથવા કાનૂની સહાયથી વંચિત રાખવામાં આવે છે. સમાનતા ક્યારેય આવતી નથી. મહિલાઓ અને છોકરીઓ સંપૂર્ણ કાનૂની રક્ષણ વિના જીવી રહી છે.




એક લિંગ સમાન વિશ્વની કલ્પના કરો. એક એવી દુનિયા જે પૂર્વગ્રહ, રૂઢિપ્રયોગો અને ભેદભાવથી મુક્ત હોય. એક એવી દુનિયા જે વૈવિધ્યસભર, ન્યાયી અને સમાવેશી હોય. એક એવી દુનિયા જ્યાં તફાવતનું મૂલ્ય અને ઉજવણી થાય. સાથે મળીને આપણે લિંગ સમાનતા બનાવી શકીએ છીએ.

ઈતિહાસના આ મહત્વપૂર્ણ ક્ષણમાં, આપણને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે આહવાન કરવામાં આવ્યું છે. આબોહવા પરિવર્તન, આર્થિક અસુરક્ષા, આરોગ્યસંભાળ અસમાનતાઓ અને લોકશાહી ભાગીદારી માટેના જોખમોને નેશનલ વિમેન્સ હિસ્ટ્રી એલાયન્સ કહે છે.

દુનિયાભરમાં મહિલા દિવસ કાલે ઉજવાશે. આ દિવસ મહિલાઓના અધિકારોની લડત માટેનું કેન્દ્ર બિંદુ છે. આજે સમગ્ર વિશ્વમાં મહિલા વિકાસના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. વિશિષ્ટ સિદ્ધી હાંસલ કરનારનું બહુમાન પણ કરાય છે. આ દિવસનું મહત્વ તેના સંદર્ભેનો જાગરૂકતા દિવસ છે. મહિલા અને બાલિકાને પડતી મુશ્કેલી પરત્વે સમગ દુનિયાનું ધ્યાન કેન્દ્રીત કરવાનો દિવસ છે. વિશ્વમાં ૨૮ ફેબ્રુઆરી ૧૯૦૯ ના રોજ અમેરિકામાં પ્રથમવાર આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાદમાં ૧લી માર્ચ પછી ૮ માર્ચે આ દિવસ ઉજવાય છે. અમુક દેશોમાં તા. ૧ થી ૮ મી માર્ચે આ દિવસ ઉજવણી કરાય છે. દાન, જ્ઞાન, સંસાધનો, માળખાગત સુવિધાઓ, દશ્યતા, હિમાયત, શિક્ષણ, તાલીમ, માર્ગદર્શન અથવા સમય દ્વારા, મહિલાઓના વિકાસમાં યોગદાન આપવાથી વધુ સહાયક અને એકબીજા સાથે જોડાયેલ વિશ્વ બનાવવામાં મદદ મળે છે. આ મુદ્દાઓ ખૂબ જ ગહન રીતે જોડાયેલા છે -અને સ્ત્રીઓ, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની, ઘણીવાર તેમની અસરોનો સૌથી વધુ તીવ્ર અનુભવ કરે છે. આજના વિશ્વમાં મહિલાઓની સ્થિતિ ઘણી પડકારભરી અને આશાસ્પદ બંને છે. એક તરફ, ઘણા દેશોમાં મહિલાઓ શિક્ષણ, રોજગાર અને નેતૃત્વમાં આગળ વધી રહી છે, જેમ કે ભારતમાં પણ મહિલા ઉદ્યોગપતિઓ અને વૈજ્ઞાનિકોની સંખ્યા વધી છે. પરંતુ બીજી તરફ, ઘણા વિસ્તારોમાં લિંગભેદ, હિંસા, આર્થિક અસમાનતા અને રાજકીય અધિકારોની અભાવ જેવી સમસ્યાઓ હજુ પણ ચાલુ છે,

ખાસ કરીને ગરીબી અને યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં આ સંદર્ભમાં, મહિલા દિવસ (૮ માર્ચ) વિશ્વભરમાં મહિલાઓના અધિકારો, સમાનતા અને સશક્તિકરણની ઉજવણી કરવા માટે ઉજવાય છે. આ દિવસ ૧૯૧૧થી શરૂ થયો હતો અને આજે તે મહિલાઓને પ્રોત્સાહન આપવા, તેમના યોગદાનને ઓળખવા અને સમાજમાં સમાન તકોની માંગ કરવાનું પ્લેટફોર્મ બન્યો છે. આ દિવસ દ્વારા વિશ્વભરના લોકો મહિલાઓની સ્થિતિ સુધારવા માટે જાગૃતિ ફેલાવે છે અને ભવિષ્યમાં વધુ પ્રગતિની આશા જગાડે છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ માટે બે મુખ્ય થીમ જાહેર કરી છે, જે સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની સત્તાવાર સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવી છે, જેમાં ''અધિકાર. ન્યાય. કાર્ય. તમામ મહિલાઓ અને છોકરીઓ માટે'' રાખવામાં આવી છે. આ થીમ મહિલાઓના કાનૂની અધિકારો અને ન્યાય પ્રણાલી પર ભાર મૂકે છે. તેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે વિશ્વભરની મહિલાઓને માત્ર કાગળ પર જ નહીં, પરંતુ વાસ્તવિક જીવનમાં પણ સમાન ન્યાય અને સુરક્ષા મળે. બીજી

''આપો અને મેળવો'' છે, જેનો હેતુ ઉદારતા અને સહયોગની ભાવના પર આધારિત છે. જ્યારે આપણે મહિલાઓને તક, શિક્ષણ અને સમર્થન આપીએ છીએ, ત્યારે આખો સમાજ પ્રગતિ કરે છે. આ અભિયાન લોકોને સ્ત્રી સશક્તિકરણ માટે ફાળો આપવા અને એકબીજાને મદદ કરવા પ્રોત્સાહિત કરે છે. એક દિવસની વધામણી નહીં, દરરોજ મહિલાને માન જોઈએ. આજે પણ દેશમાં બળાત્કાર, જાતીય સતામણી, દહેજ, બાળલગ્ન, સ્ત્રીભ્રુણ હત્યા, ઘરેલું હિંસા, દેહ વ્યાપાર જેવી વિવિધ ઘટનાઓ બને છેઃ આજની ભારતીય મહિલાઓનું સરેરાશ આયુષ્ય અન્ય દેશોની સરખામણીએ ઓછું છે. ગ્રામિણ ક્ષેત્રોની ઘણી મહિલાઓ-છોકરીઓ પોષણ ભેદભાવનો ભોગ બનતા તેનામાં લોહીનું ઓછું પ્રમાણ સાથે કુપોષણનો ભોગ બને છે. આ બધી સમસ્યાઓ વચ્ચે પણ છેલ્લા બે દશકામાં મહિલાઓના ઉત્થાન અને વિકાસ બાબતે સારી પ્રગતિ જોવા મળી.આજે પણ વિશ્વમાં મહિલાઓના અધિકારોનું હનન થતું જોવા મળે છે. તો તેના વિકાસ કાર્યોના માર્ગને નજર અંદાજ કરાય છે. આજે પણ ૨૧મી સદીમાં મહિલાઓ ઉપર હિંસા અને અત્યાચારો થતા જોવા મળે છે. જે દુઃખદ છે. આજના દિવસ સાથે વરસના બધા દિવસોમાં મહિલાઓના અધિકારીનું રક્ષણ કરવાનું સૌની ફરજ છે. આજે ઉજવણીનો હેતુ તેમના પ્રત્યે સન્માન, પ્રશંસા અને તેના પ્રત્યે પ્રેમ-હુંફ, લાગણી, વ્યક્ત કરવાનો દિવસ છે. આજે મહિલાઓ આર્થિક રીતે પગભર થઈને પુરૂષ સમોવડી બની છે. તો સમાજના વિવિધ ક્ષેત્રો સાથે કોર્પોરેટ ક્ષેત્રમાં મહિલાઓ અગ્રેસર છે. ઘરેલું મહિલાઓને પડતી મુશ્કેલી પણ એટલી જ ગંભીર જોવા મળે છે. મહિલા શકિતને સમાજની મુખ્ય ધારામાં લાવવાની જરુર છે. આજના દિવસે મહિલા ઉત્કર્ષ સાથે તેના સંર્વાગી વિકાસ બાબતે સૌએ કટિબધ્ધ થવાની જરૂર છે. સમાજમાં દબાયેલી કચડાયેલી અને પીડિત મહિલાઓના ઉત્થાન અને વિમુકિત કરણની વૈશ્વિક યોજનાઓ બનાવવી પડશે. સમાજ દેશ કે વિશ્વનો સાચો વિકાસ જ મહિલાઓનો વિકાસ છે. છેલ્લા દોઢ કે બે દાયકાઓથી આ દિવસની ઉજવણીની અસરો જોવા મળી છે. પણ આપણ હજી મહિલા સશકિત કરણ બાબતે ઘણું કરવાની જરુર છે.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

---

## અબતક પંચાગ

### તા. ૮-૩ -૨૦૨૬ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ પાંચમ
**નક્ષત્ર** સ્વાતી
**યોગ** ધ્રુવ **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૭.૦૩ **સુર્યાસ્ત:** ૬.૫૩
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત.
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | | | ૪ | ૨ |
| | | | | | | | | |
| | | ૯ | ૪ | | ૧ | ૬ | ૮ | |
| ૫ | ૯ | ૪ | ૭ | | ૩ | ૨ | | |
| ૧ | ૬ | | ૨ | ૪ | | | ૭ | |
| | | ૭ | ૬ | | | | ૫ | |
| ૪ | | ૧ | ૫ | | ૯ | | | |
| | ૩ | ૬ | | | ૪ | ૫ | | ૯ |
| ૯ | | | | ૬ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૭૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૪ | ૩ | ૭ | ૫ | ૬ | ૮ | ૯ |
| ૯ | ૫ | ૮ | ૨ | ૬ | ૪ | ૩ | ૧ | ૭ |
| ૩ | ૬ | ૭ | ૯ | ૧ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૬ | ૮ | ૯ | ૫ | ૪ | ૨ | ૧ | ૭ | ૩ |
| ૭ | ૪ | ૫ | ૧ | ૮ | ૩ | ૯ | ૨ | ૬ |
| ૧ | ૨ | ૩ | ૭ | ૯ | ૬ | ૫ | ૪ | ૮ |
| ૪ | ૯ | ૬ | ૮ | ૨ | ૧ | ૭ | ૩ | ૫ |
| ૫ | ૭ | ૧ | ૪ | ૩ | ૯ | ૮ | ૬ | ૨ |
| ૮ | ૩ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૯ | ૧ |

---

## કાર્યક્રમોની યાદી — અબતક CHANNEL

**તારીખ ૦૭-૦૩-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હું અને તું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માં કી દાલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૮-૦૩-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પોકેટ પરાઠા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૯-૦૩-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## આવતીકાલનું રાશિફળ

**તા.૮.૩.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ પાંચમ, સ્વાતિ નક્ષત્ર, ધ્રુવ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ તુલા (ર,ત) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે.
**વૃષભ (બ,વ,ઉ) :** તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાંથી માર્ગ મળે, મધ્યમ દિવસ.
**મિથુન (ક,છ,ઘ) :** કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહથી રસ્તા કાઢવા પડે.
**કર્ક (ડ,હ) :** નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.
**સિંહ (મ,ટ) :** તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
**તુલા (ર,ત) :** દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
**વૃશ્ચિક (ન,ય) :** કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
**મકર (ખ,જ) :** નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદમાં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
**કુંભ (ગ,સ,શ) :** સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે,નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**મીન (દ,ચ,ઝ,થ) :** સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકોને પ્રભાવિત કરી શકો.

---

## દરિયો હજી કેટલો કાટમાળ માંગે છે?

યુદ્ધ પહેલા જ અત્રે લખ્યું હતું કે દરિયો કાટમાળ માંગે છે એ મુજબ ઈરાનના ૩૦ ઉપરાંત જહાજો તોડી પડાયા છે અને હજુ પણ યુદ્ધ તીવ્રતાથી ચાલુ છે જે વિષે અત્રે લખી ચુક્યો છું તો બીજી વાત ગ્રહણ પહેલા રાજનીતિ વિષે પણ લખી હતી કે ઘણા દિગ્ગજ નેતાઓ પદ છોડશે એ મુજબ બિહારમાં નીતીશકુમારે ગાદી છોડી છે અને અનેક રાજકીય બદલાવો પણ આ સમયમાં જોવા મળશે. ગ્રહણની અસર વિષે સેંકડો મિત્રો પૂછે છે તો અત્રે જણાવી દઉં કે ગ્રહણ પછી પણ એક માસ તેની અસર જોવા મળે છે વળી હાલમાં કુંભ રાશિમાં ચાર ગ્રહોની યુતિ ચાલી રહી છે જે ઘટનાક્રમને તેજ બનાવી રહી છે અને અનેક ક્ષેત્રોમાં ઉથલપાથલ જોવા મળી રહી છે તો યુદ્ધની અસર સામાન્ય નાગરિક પણ અનુભવી રહ્યા છે પરંતુ ભારતવર્ષમાં વિશેષ તકલીફ જોવા નહિ મળે અને સમગ્ર વિશ્વ સમુદાય આ ઘટનાક્રમથી આહત છે જે હજારો જિંદગી તબાહ કરનાર યુદ્ધ આગળ ના જ વધવું જોઈએ પરંતુ ગ્રહમાન મુજબ બધા પક્ષના હિતમાં એ છે કે ઘાતક હથિયારોનો પ્રયોગ ટાળવો જોઈએ કેમ કે યુદ્ધ આગળ વધે તો ડર્ટી ગેઈમ અને ડર્ટી બોમ્બ સુધી વાત જઈ શકે જે ટાળવા જેવી બાબત છે અને અમેરિકા ધારે તેટલી જલ્દી ઈરાન હાર સ્વીકારે તેમ પણ ગ્રહો સંકેત આપતા નથી વળી બુધ પણ આહત થતા હોય આર્થિક ક્ષેત્રે આયાત નિકાસ અને વ્યાપાર બધું ડિસ્ટર્બ થાય છે જે વિષે પણ મેં અત્રે જણાવેલું!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# વિસરાતી વાનગીઓને રસોડાની 'રાણી' બનાવતો હરીવંદના કોલેજનો મિલેટ ફૂડ કાર્નિવલ

## મિલેટ ફૂડની સાથે ભેળસેળ પારખવાના વૈજ્ઞાનિક પ્રયોગોનું નિદર્શનઃ 'અબતક'ના માધ્યમથી શહેરીજનોને મિલેટ આહાર અને સ્વાસ્થ્ય અંગે અપાયું માર્ગદર્શન





**સાંસદ પરસોતમ રૂપાલા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, હરીવંદના કોલેજ સ્થાપક મહેશભાઈ ચૌહાણ અને કેમ્પસ ડિરેક્ટર સર્વેશ્વરભાઈ ચૌહાણ અને કૃપાબેન ચૌહાણ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતી**

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જાણીતી હરીવંદના કોલેજ દ્વારા વિસરાતી જતી વાનગીઓને ફરીથી ઘર-ઘરના રાંધણીયાની રાણી બનાવવાના ઉમદા હેતુથી આજે ભવ્ય 'મિલેટ ફૂડ કાર્નિવલ-૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાગૃતિલક્ષી અભિયાનમાં મીડિયા પાર્ટનર તરીકે 'અબતક' સહભાગી બનતા આ આયોજનને જબરદસ્ત પ્રતિસાદ સાંપડ્યો હતો. મિલેટ ડેવલપમેન્ટ સ્કીમથી પ્રેરિત આ કાર્યક્રમમાં પરંપરાગત ધાન્ય પ્રત્યે જાગૃતિ અને ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ પારખવાના લાઈવ ડેમોસ્ટ્રેશન આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

મિલેટ ફૂડ કાર્યક્રમ દરમિયાન સાંસદ પરષોત્તમ રૂપાલા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ તેમજ સામાજિક આગેવાનોએ મુલાકાત લઈ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ વિવિધ મિલેટ વાનગીઓનું નિરીક્ષણ કર્યું હતું. મહેમાનો દ્વારા વિવિધ ફૂડ ડીશનો સ્વાદ લઈ વિદ્યાર્થીઓના પ્રયત્નોની પ્રશંસા કરવામાં આવી હતી.



કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા જ અલગ અલગ પ્રકારના ફૂડ તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૫૧થી વધુ મિલેટ વાનગીઓ પિઝા, આલુ ટિક્કી, પાણીપુરી, મસાલા છાસ સહિતની અવનવી વેરાયટી વિદ્યાર્થીઓએ તૈયાર કરી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય લુપ્ત થતી ગુજરાતી પરંપરાગત વાનગીઓને ફરીથી જીવંત બનાવવાનો હતો. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલો બનાવવામાં આવી હતી. આ પ્રયાસ ખૂબ સરાહનીય રહ્યો હતો અને ઉપસ્થિત મહેમાનો તથા આગેવાનો દ્વારા તેની પ્રશંસા

(અનુ. આઠમા પાને)



તસવીરઃ શૈલેષ વાડોલિયા

### મેંદાને બદલે જુવાર-બાજરાનો ઉપયોગ કરી હેલ્ધી ટિક્કી ચાટ બનાવીઃ રાજદીપસિંહ ગોહિલ



અબતક સાથેની વાતચીતમાં રાજદીપસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, હું અત્યારે હરી વંદના કોલેજમાં બીસીએમાં અભ્યાસ કરું છું. આજે 'બુલેટ ફૂડ ૨૦૨૬' માં મેં ખાસ જુવાર અને બાજરાની 'ટિક્કી ચાટ' બનાવી છે. આ વાનગીમાં મેં લોટ કરતાં બાજરો અને જુવારનો વધુ ઉપયોગ કર્યો છે, કારણ કે જુવાર શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે અને તે હાડકાંને મજબૂતી આપે છે. આ ટિક્કી ચાટમાં અમે એકદમ ઉચ્ચ ગુણવત્તાવાળા શાકભાજી વાપર્યા છે અને સાથે બટેટા-વટાણાનો ગરમાગરમ રગડો પણ તૈયાર કર્યો છે. મને નાનપણથી જ નવી-નવી વાનગીઓ બનાવવાનો અને સારું ભોજન જમવાનો ખૂબ જ શોખ છે. મારો સંદેશ એટલો જ છે કે આપણે બહારનું મેંદાવાળું અને વધુ પડતું તેલવાળું ખાવાનું ટાળવું જોઈએ. જો આપણે ઘરનો પૌષ્ટિક આહાર લઈએ, તો શરીરને અનેક પ્રકારના રોગોથી બચાવી શકીએ છીએ.

### બાજરી અને જુવારના વડા બનાવી લોકોને હેલ્ધી ફૂડ પીરસવાનો ઉદ્દેશ્યઃ ખુશી વ્યાસ



અબતક સાથેની વાતચીતમાં વિદ્યાર્થિની વ્યાસ ખુશી જણાવે છે કે, મેં પ્રદર્શન માટે ખાસ બાજરી અને જુવારના પૌષ્ટિક વડા તૈયાર કર્યા છે. આ વાનગી બનાવવામાં મને લગભગ સાતથી આઠ કલાકનો સમય લાગ્યો છે, જેમાં મેં બાજરી-જુવારના લોટ સાથે કોથમીર અને આદુ-મરચાં-લસણની ફ્રેશ પેસ્ટનો ઉપયોગ કર્યો છે. સામાન્ય રીતે બહાર મળતા વડા હલકી ગુણવત્તાના તેલમાં તળાતા હોય છે, પરંતુ અમે અહીં સ્વાસ્થ્યનું ધ્યાન રાખીને 'સનફ્લાવર ઓઈલ' વાપર્યું છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને એવો આહાર પીરસવાનો છે જે શરીરને નુકસાન ન પહોંચાડે. આ વાનગીમાં વપરાતો બાજરો ડાયાબિટીસના દર્દીઓ માટે ઉત્તમ છે, જ્યારે જુવાર હૃદયના સ્વાસ્થ્ય માટે અત્યંત ફાયદાકારક સાબિત થાય છે.

### આપણે શુદ્ધ અને ઘરના ખોરાકને જ પ્રાધાન્ય આપવું જોઈએઃ પ્રિયાંશી વિશપરા



અબતક સાથેની વાતચીતમાં વિશપરા પ્રિયાંશી જણાવે છે કે, અમે ખાસ સ્વાસ્થ્યવર્ધક 'જુવારના નુડલ્સ' તૈયાર કર્યા છે. સામાન્ય રીતે બજારમાં મળતા નુડલ્સ મેંદાના બનેલા હોય છે, જે શરીર અને પાચનતંત્ર માટે હાનિકારક છે. તેના બદલે જુવાર અત્યંત ફાયદાકારક અને સુપાચ્ય હોવાથી અમે આ નુડલ્સ બનાવ્યા છે. અમે પહેલા રોટલીના લોટની જેમ જુવારનો લોટ બાંધી, તેમાંથી સ્પ્રિંગ રોલ આકારે નુડલ્સ તૈયાર કર્યા અને ત્યારબાદ તેનો વઘાર કરીને તેને સ્વાદિષ્ટ બનાવ્યા છે. મેંદાના નુડલ્સ પચવામાં ભારે હોય છે, જ્યારે જુવારના નુડલ્સ ઝડપથી પચી જાય છે. આપણે ઘરે જ આવા પૌષ્ટિક નુડલ્સ બનાવી શકતા હોઈએ, ત્યારે હંમેશા શુદ્ધ અને ઘરના ખોરાકને જ પ્રાધાન્ય આપવું જોઈએ.

### વિદ્યાર્થીઓએ મિલેટ્સ દ્વારા યુવા પેઢી માટે ભાવતી વાનગીઓ બનાવીઃ સાગર પટેલ



અબતક સાથેની વાતચીતમાં હરીવંદના કોલેજના સાગર પટેલે જણાવ્યું હતું કે, હરીવંદના કોલેજ દ્વારા 'મિલેટ ફૂડ ૨૦૨૬'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તમામ વાનગીઓ વિદ્યાર્થીઓએ જાતે જ તૈયાર કરી છે. બાળકો દ્વારા ૫૧થી વધુ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓ ઘરેથી બનાવીને અહીં સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવી છે. આ વાનગીઓમાં રોજિંદા જીવનમાં વપરાતા શુદ્ધ મસાલાઓનો ઉપયોગ કરી 'મિલેટ ફૂડ' તૈયાર કરાયું છે. વિદ્યાર્થીઓએ એવો પણ પ્રયાસ કર્યો છે કે લોકો બહારના ભેળસેળિયા ખોરાકની ઘરે જ તપાસ કરી શકે અને જાણી શકે કે તે સ્વાસ્થ્ય માટે કેટલું હાનિકારક છે. આજની યુવાપેઢીને ભાવતી તમામ લોકપ્રિય વાનગીઓને વિદ્યાર્થીઓએ મિલેટ (ધાન્ય) દ્વારા બનાવીને એક નવો અને આરોગ્યપ્રદ વિકલ્પ પૂરો પાડ્યો છે.

# કોર્પોરેશન દ્વારા સર્વાઈકલ કેન્સર ફ્રી ઈન્ડિયા રસીકરણ અભિયાનનો પ્રારંભ

## ગર્ભાશયના કેન્સરથી બચાવવા ૧૨,૧૯૯ કિશોરીઓને એચપીવી વેક્સિન આપવામાં આવશે





**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે અખિલ હિન્દ મહિલા પરિષદ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, લક્ષ્મીવાડી, રાજકોટ ખાતે મહિલાઓને સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપવા માટે રસીકરણ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે.

કોર્પોરેશન વિસ્તારમાં અંદાજિત ૧૨,૧૯૯ કિશોરીઓને એચપીવી વેકિસન આપવામાં આવશે. ગર્ભાશયના મુખના કેન્સર સામે મજબૂત સુરક્ષા કવચ ઊભું કરી રોગ સામે રક્ષણ મેળવી શકાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૮મીનાં અજમેર ખાતે ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી એચપીવી રસીનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવેલ તે અનુસંધાને ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ,ભાજપ કાર્યાલય મંત્રી મહેશભાઈ પરમાર, વોર્ડના હોદ્દેદારો, આરોગ્ય અધિકારી જે.એલ.વંકાણી,આરોગ્ય શાખાના કર્મચારીઓ અને લાભાર્થી કિશોરીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મહિલાઓ સિટી બસ-બીઆરટીએસ બસમાં કાલે મફત મુસાફરી કરી શકશે

## કોર્પોરેશનના પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા સતાવાર જાહેરાત

**અબતક, રાજકોટ**

આવતીકાલે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'નિમિતે મહિલાઓ એક દિવસ માટે, સમગ્ર દિવસ દરમ્યાન કોઈપણ સ્થળે, કોઈપણ રૂટ પર, ગમે તેટલી વાર સિટી બસ અને બી.આર.ટી.એસ. બસમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે



મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, ચેરમેન-સ્ટેન્ડિંગ કમિટી જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસકપક્ષના નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષના દંડક મનીષભાઈ રાડીયા નારી સશકિતકરણનું કાર્ય ચરિતાર્થ કરવાના ભાગરૂપે જાહેરાત કરતા જણાવે છે, મિલકત વેરા અને પાણી વેરામાં મહિલાઓના મિલકતના કિસ્સામાં એડવાન્સમાં મિલકતવેરામાં વિશેષ ૫% વળતર આપવામાં આવે છે, રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીનીઓ માટે 'સુકન્યા સમૃદ્ધિ યોજના' હેઠળ વાર્ષિક રૂ.૧,૫૦૦/- જેટલું યોગદાન દરેક 'સુકન્યા સમૃદ્ધિ યોજના' ખાતા દીઠ આપવા રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને ગ્રાન્ટ ફાળવેલ છે. દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ', 'રક્ષાબંધન' અને 'ભાઈબીજ'ના પવિત્ર દિવસે મહિલાઓને ભેટ સ્વરૂપે સિટી બસ અને બી.આર.ટી.એસ. બસમાં વિનામૂલ્યે મુસાફરી છૂટ આપે છે. જે પ્રમાણે આવતીકાલે ૧૧૫મા 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિતે મહિલાઓ એક દિવસ માટે, સમગ્ર દિવસ દરમ્યાન કોઈપણ સ્થળે, કોઈપણ રૂટ પર, ગમે તેટલી વાર સિટી બસ અને બી.આર.ટી.એસ. બસમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે જેનો મહતમ લાભ લેવા અનુરોધ કરેલ છે.

# પારાદીપમાં ઈફકોનો સલ્ફયુરિક એસિડ પ્લાન્ટ આત્મ નિર્ભર ભારતનું પ્રતિકઃ અમિત શાહ

## પારાદીપ સલ્ફયુરિક એસીડ પ્લાન્ટ સહકારીતા શકિત અને રાષ્ટ્ર નિર્માણની પ્રતિબધ્ધતાનું ઉદાહરણ બનશેઃ દિલીપ સંઘવી



**અબતક, રાજકોટ**

આત્મ નિર્ભર ભારતની હવે વ્યાપક અસર દેખાય રહી છે. ઓરિસ્સાના પારાદીપમાં કેન્દ્રીય ગૃહ સહકાર મંત્રી અમિતભાઈ શાહએ ઈફકોના સલ્ફયુરિક એસિડ પ્લાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ઓરિસ્સાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સહીત નેતાઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીગ ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહએ કહ્યું કે આજે પારાદીપમાં લોકાર્પિત ઈફકો નું સલ્ફયુરિક એસિડ પ્લાન્ટ સલ્ફયુરીક એસિડ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારત બનાવવામાં ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી એ જણાવ્યું હતું કે પારાદીપમાં સ્થાપિત આ નવું સંયંત્ર ઓડીશાના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપશે.

ઈફકોના અધ્યક્ષ દીલીપ સંઘાણીએ જણાવ્યું કે આજે ઈફકો પારાદીપ માટે આ અત્યંત ગૌરવ અને આનંદનો ક્ષણ છે. અમને ગર્વ છે કે ઈફકો પારાદીપમાં વિશ્વનું સૌથી મોટું સિંગલ રિએકટર ફોસ્ફોરિક એસિડ પ્લાન્ટ સ્થાપિત કરે છે. જે ટેકનીકલ ક્ષમતા અને ઉત્તમ વ્યવસ્થપવાનું પ્રતિક છે.

વર્ષ ૨૦૨૨ માં ઈફકો પારાદીપે ઓડિશાની પ્રથમ રિવરાઈન જેટી સ્થાપિત કરી હતી. તેના માધ્યમથી સંયંત્રમાંથી માલ સીધો પોર્ટ સુધી મોકલવામા આવે છે. જેના કારણે પરિવહન વ્યવસ્થા વધુ સરળ અને અસકારક બની છે. પ્રથમ વખત કોઈ ખાનગી સંયંત્રનું અધિગ્રહણ એક સહકારી સંસ્થાએ કર્યુ અને તેને





વિકસાવી આજે સમગ્ર ભારતના શ્રેષ્ઠ સંયંત્રોમાં સ્થાન અપાવ્યું. આ સહકારિતાની શકિત અને ઈફકોની દુરદર્શિતાનું ઉત્તમ ઉદાહરણ છે.

સાથે જ ઈફકો પારાદીપના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે જયારે કોઈ કેન્દ્રીય મંત્રીએ આ સંયંત્રની મુલાકાત લીધી છે. આપનું આ આગમન અમારા બધા માટે પ્રેરણાદાયક છે. અને અમને વધુ સારું કાર્ય કરવા માટે ઉર્જા આપે છે.

કાર્યક્રમમાં ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી, ઓડિશાના ઉદ્યોગ, કુશળતા વિકાસ અને તકનીકી શિક્ષણ વિભાગના રાજય મંત્રી સંપદ ચંદ્ર સ્વાઈ જગતસિંહપુર સાંસદ બિભૂ પ્રસાદ તરાઈ ઈફકોના ઉપાધ્યક્ષ બલવીર સિંહ નિર્દેશક મંડળના તમામ સભ્યો ઈફકોના પ્રબંધ નિયામક કે. જે. પટેલ ઈફકો એકમ પ્રમુખ પારાદીપ પી.કે. મહાપાત્રા સહિત અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં.

# પશ્ચિમ રેલવે ડિવિઝનમાં 'ડીઆરએમ ટ્રોફી' ક્રિકેટ ટુર્નામેન્ટનો ધમાકેદાર પ્રારંભ






**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝનમાં કર્મચારીઓ વચ્ચે પરસ્પર સમન્વય, ખેલદિલી અને બહેતર સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી રાજકોટ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશનના નેજા હેઠળ આંતર-વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ ડીઆરએમ ટ્રોફી ૨૦૨૬ નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ), રાજકોટ અને રાજકોટ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશનના અધ્યક્ષ ગિરિરાજ કુમાર મીનાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ ડિવિઝન

## પ્રથમ મેચમાં સિગ્નલ વિભાગની ટીમ બની વિજેતા

સ્પોર્ટ્સ એસોસિ.ના સચિવ અને વરિષ્ઠ મંડળ સંરક્ષણ અધિકારી આર.સી. મીણા વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ ક્રિકેટ ટુર્નામેન્ટ ૬ માર્ચથી ૨૨ માર્ચ ૨૦૨૬ સુધી રાજકોટ સ્થિત રેલવે ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાઈ રહી છે. આ સ્પર્ધામાં રાજકોટ રેલવે ડિવિઝનના વિવિધ વિભાગો - વાણિજ્ય, મિકેનિકલ, એન્જિનિયરિંગ, ઓપરેટિંગ, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન, પર્સનલ, રેલવે સુરક્ષા દળ, ઈલેક્ટ્રિકલ, ટીઆરડી (ઈલેક્ટ્રિફિકેશન) અને એકાઉન્ટ્સ વિભાગની કુલ ૧૧ ટીમો ભાગ લઈ રહી છે. ટુર્નામેન્ટ દરમિયાન આ ટીમો વચ્ચે કુલ ૨૮ મેચો રમાશે.

આ વર્ષે ડીઆરએમ ટ્રોફી અંતર્ગત ક્રિકેટની સાથે ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ચેસ, ફૂટબોલ અને એથ્લેટિક્સ સ્પર્ધાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ રમતોમાં રેલવેના વિવિધ વિભાગોની ટીમો ભાગ લેશે અને તમામ સ્પર્ધાઓમાં મેળવેલા ગુણોના આધારે અંતે ડીઆરએમ ટ્રોફીના વિજેતા નક્કી કરવામાં આવશે.

ટુર્નામેન્ટની પ્રથમ મેચ મિકેનિકલ વિભાગ અને સિગ્નલ વિભાગની ટીમો વચ્ચે રમાઈ હતી. જેમાં મિકેનિકલ વિભાગે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સિગ્નલ વિભાગની ટીમે શાનદાર પ્રદર્શન કરી ૧૨.૫ ઓવરમાં ૫ વિકેટે ૧૧૨ રન બનાવીને મેચ ૫ વિકેટે જીતી લીધી હતી. ટુર્નામેન્ટની સેમીફાઈનલ મેચ ૨૧ માર્ચ અને ફાઈનલ મેચ ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ રમાશે.

આ પ્રસંગે ડિવિઝનના અનેક અધિકારીઓ, કર્મચારીઓ અને રમતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# વીવીપી એન્જિનિરીંગ કોલેજના મેગા રિચર્સ પોસ્ટર પ્રેઝન્ટેશનમાં ૮૨૫ છાત્રોએ બતાવ્યું કૌશલ્ય

### સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ વિષય આધારીત થીમ સાથે એન્જીનીયરીંગની બધી બ્રાન્ચના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર લીધો ભાગ

**અબતક, રાજકોટ**



વીવીપી એન્જિનિયરિંગ કોલેજમાં મેગા રિસર્ચ પોસ્ટર પ્રેઝન્ટેશન કોમ્પિટિશનનું ભવ્ય આયોજન થયું હતું. ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગની બધી જ બ્રાન્ચના કુલ મળીને ૮૨૫ વિદ્યાર્થીઓએ ૩૬૫ થી પણ રિસર્ચ પોસ્ટર બનાવ્યા હતા. પ્રોજેક્ટ તેમજ વર્કિંગ મોડેલ સાથેના રિસર્ચ પોસ્ટર જ્યારે વિદ્યાર્થીઓ તેમજ કર્મચારી સમક્ષ રજૂ થયા હતા ત્યારે સૌએ ખૂબ જ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. મેગા ફાઈનલ સ્પર્ધાના વિજેતાઓના નામ અને તેમના પ્રોજ્કટ કમ રિસર્ચ પોસ્ટરની વિગતો આ પ્રમાણે છે. પ્રથમ ક્રમાંક - દીક્ષિત ખોખર (ઈ.સી.) કે જેમણે એગ્રોવીઝન નામની એપ્લિકેશન બનાવી છે કે જેના દ્વારા કોઈ પણ પાકમાં થતી રહેલી જીવાત કે રોગો નું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈમેજ પ્રોસેસિંગ દ્વારા તાત્કાલિક ખબર પડી જાય છે અને ખેડૂતોને આના દ્વારા ખૂબ મોટો લાભ થઈ શકે છે, દ્વિતીય ક્રમાંક- નીજ ચોવટીયા, લીસા ભાલોડી, ચાર્મી ખાસીવા (કોમ્પ્યુટર) - તેમણે લેટ સીટીઝ હીયર સિટીઝન એટલે કે સિવિક નીતિ પર પોસ્ટર સુંદર મજાનું પોસ્ટર રજૂ કર્યું હતું. કે જેમાં નાગરિકો દ્વારા સિવિક નીતિનું પાલન કઈ રીતે થઈ શકે તે બતાવ્યું હતું. તૃતીય ક્રમાંક- જય ઉંધાડ, હર્ષિત જોગરાણા, સુનીતિ સિંધવ (ઈલેક્ટ્રિકલ) તેમણે મેક્સિમમ સોલાર ફોટો વોલ્ટેક પાવર વીથ ટ્રેકિંગ મિકેનિઝમ પર સુંદર મજાનો પ્રોજેક્ટ અને પોસ્ટર બનાવ્યા હતા, કે જેમાં સોલાર પેનલને સૂર્યની દિશામાં ફેરવવાથી કઈ રીતે મહત્તમ આઉટપુટ મળી શકે તે દર્શાવાયું

(અનુ. આઠમા પાને)

# નાગરિકોની સુવિધા માટે આગામી સમયમાં અનેક વિકાસ કાર્યો હાથ ધરાશેઃ ધારાસભ્ય ઉદય કાનગડ

### વોર્ડ નં.૧૫ની સત્યમ સોસાયટી ખાતે રૂ.૧૮ લાખના ખર્ચે સી.સી. રોડના કામનું ધારાસભ્ય ઉદય કાનગડના હસ્તે ખાતમુહુર્ત



**અબતક, રાજકોટ**

વિધાનસભા-૬૮, વોર્ડ નં.૧૫ ખાતે ૮૦ ફૂટ રોડ પર આવેલી સત્યમ સોસાયટીના મેઈન રોડના ગેટથી શેરી નં.૦૧ના ખૂણા સુધીના રોડને માર્ગ અને મકાન વિભાગ હેઠળ મળેલી ખાસ મરામત ગ્રાન્ટમાંથી રૂ. ૧૮,૦૦,૦૦૦ ના ખર્ચે સીસી રોડ બનાવવા ના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય ઉદય કાનગડના હસ્તે કરવામાં આવ્યું. આ વિકાસ કાર્યથી વિસ્તારના નાગરિકોને વધુ સુવિધાજનક અને મજબૂત માર્ગ વ્યવસ્થા ઉપલબ્ધ થશે.

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું કે ભાજપ સરકાર હંમેશા સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ ના મંત્ર સાથે કાર્ય કરી રહી છે. પ્રધાનમંત્રી

(અનુ. આઠમા પાને)

# રેલવેના વિકાસમાં મહિલાઓનું યોગદાન અત્યંત મહત્વનુંઃ ડીઆરએમ ગિરિરાજકુમાર મીના

### રેલવે ડિવિઝન દ્વારા આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ૧૧ મહિલા કર્મીઓનું સન્માન



**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝનમાં મહિલા કર્મચારીઓના સન્માન અને સશક્તિકરણને સમર્પિત એક ભવ્ય અને ગરિમાપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટાફ બેનિફિટ કમિટીના નેજા હેઠળ આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલા રેલકર્મીઓના મહત્વપૂર્ણ યોગદાનને બિરદાવવાનો અને તેમના સામાજિક, માનસિક તેમજ આર્થિક સશક્તિકરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ મહિલા કર્મચારીઓને સંબોધતા જણાવ્યું હતું કે, રેલવે અને સમાજના વિકાસમાં મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્વની છે. તેમણે મહિલા કર્મચારીઓની કાર્યક્ષમતા, સમર્પણ અને જવાબદારીની પ્રશંસા કરતા કહ્યું કે, ભારતીય રેલવેમાં મહિલાઓની વધતી જતી ભાગીદારી સંગઠનને વધુ મજબૂત બનાવી રહી છે.

કાર્યક્રમ દરમિયાન વેસ્ટર્ન રેલવે વુમન્સ વેલ્ફેર ઓર્ગેનાઈઝેશન દ્વારા વિવિધ વિભાગોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૧૧ મહિલા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે સંસ્થાના ઉપાધ્યક્ષ મમતા ચૌબે તથા અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

(અનુ. આઠમા પાને)

# પાટડી ઉદાસી આશ્રમના લઘુ મહંત-યુવા અઘોરી પૂ. વૈભવબાપુનો આજે અવતરણ અવસર



પરિપકવતા સાથે ઉંમરને કોઇ નિસ્બત હોતી નથી. લોકોના દુઃખ દૂર કરવાની ભાવના હયે વસેલી હોય તો નાનપણથી સેવા યજ્ઞ ધમધમવા લાગે છે. વિશ્વ વિખ્યાત સંશિમણી પૂ. જગાબાપાના પૌત્ર અને પાટડી ઉદાસી આશ્રમના મયુરબાપુના લાડકવાયા પુત્ર યુવા અઘોરી પૂ. વૈભવ બાપુનો આજે પ્રાગટય અવસર છે. તા. ૭/૩/૨૦૦૬ ના રોજ તેઓનું અવતરણ થતાની સાથે જ સિતારામ પરિવારના એક એક સેવક મનોમન એવો અહોભાવ વ્યકત કર્યો હતો કે પાટડીના ઉદાસી આશ્રમને ત્રીજી પેઢીએ પણ સવાયા મહંતની પ્રાપ્તી થઇ છે. ઉમર નાની હોવા છતાં સેવકગણમાં પૂ. વૈભવબાપુનો નામ પ્રમાણ જ વૈભવ જોવા મળી રહ્યો છે. દાદા પૂ. જગાબાપાની માફક તેઓ પણ પાટડીના આંગણે આવતા દરેક ભાવીકોના ચહેરા પર કલરવ લાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. આજે પૂ. વૈભવબાપુના અવતરણ અવસરે ભાવિકોમાં વિશેષ આનંદ જોવા મળી રહ્યો છે.

ધરતી પર સંતોને ભગવાનનું રૂપ માનવામાં આવે છે. ઘડીની એક જ ક્ષણમાં દુઃખીયાઓનાં દુઃખ દૂર કરવા માટે સંત બનવા માટે જટા રાખવી કે ઉંમર લાયક હોવું જરૂરી નથી નાની ઉંમરે પણ જો જીવમાં શિવ પ્રત્યેનો ભાવ જાગૃત થઇ જાય તો સંત શિરોમણીની પદવી આપોઆપ સેવક ગણ પ્રદાન કરતા હોય છે. આવા જ એક યુવા અઘોરી સંતની જેને પદવી સેવકો દ્વારા પ્રાપ્ત થઇ છે. તે પાટડીના ઉદાસી આશ્રમના પૂ. વૈભવબાપુનો આજે જન્મ દિવસ છે યુવા વસ્થામાં પગ માંડી આજની પેઢીને મોબાઇલ, હરવા ફરવા અને સિનેમા જોવામાં વધુ રસ હોય છે. પરંતુ પાટડીના આ લઘુ મહંત કંઇક નોખી મોટીના જ બનેલા છે. તેઓનો જીવ બાળપણથી જ શિવમાં જાણે પરોવાય ગયો હોય તેમ તેઓ એક અઘોરી સંતની માક દુઃખીયા લોકોની પીડા દૂર કરવા માટે સતત તપ કરી રહ્યા હોય તેવું મહેસુસ સેવકગણ કરી રહ્યા છે. સામાન્ય બાળક વેકેશનમાં ફરવાલાયક સ્થળે જતા હોય છે ત્યારે પૂ.વૈભવબાપુ સોમનાથ કે અન્ય કોઇ તિર્થધામમાં અભિષેક કરવાનો ભાવ વ્યકત કરે છે. એક પરિપકવ સંતને છાજે તે રિતની રહેણી કહેણી તેઓની છે.

# મેયર નયનાબેન પેઢડીયાનો આજે જન્મદિવસ



મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાનો આજે. જન્મદિન છે.વિવિધ સેવાકાર્યો થકી પોતાના જન્મદિવસની ઉજવણી કરી હતી. નયનાબેન વિનોદભાઈ પેઢડીયાનો જન્મ તા.૭/૩/૧૯૭૨ના રોજ થયો હતો.આજે તેઓ પોતાના યશસ્વી જીવનસફરના ૫૪ વર્ષ પૂર્ણ કરી, ૫૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. મેયર નયનાબેન પેઢડીયાએ વર્ષ ૨૦૦૧થી વોર્ડ નં.૭માં વોર્ડ પ્રમુખ તરીકે જાહેરજીવનમાં સૌપ્રથમ વખત શરૂઆત કરેલ. ત્યારબાદ વર્ષ ૨૦૦૫માં મહિલા મોરચા શહેરમાં કોષાધ્યક્ષ, વર્ષ ૨૦૦૭માં મહિલા મોરચા શહેર મંત્રી, વર્ષ ૨૦૦૮માં શહેર ભાજપ સંગઠનમાં મંત્રી, વર્ષ ૨૦૧૨માં રાજકોટ મહાનગર ભાજપ સંગઠન પર્વના સહઅધિકારી, વર્ષ ૨૦૧૫માં રાજકોટ મહાનગર ભાજપ દ્વારા વોર્ડની બુથ સમિતિની સરચનાના સહઅધિકારી, વર્ષ ૨૦૧૧માં રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્ય, વર્ષ ૨૦૧૨માં રાજકોટ મહાનગર ભાજપ સંગઠન પર્વના સહ ઇન્ચાર્જ, વોર્ડ-૭ ઓનલાઇન સભ્ય નોંધણી સહ ઇન્ચાર્જ, રાજકોટ શહેર કારોબારી સદસ્ય, તેમજ ત્યારબાદ વર્ષ ૨૦૧૭ થી વર્ષ ૨૦૨૧ સુધી રાજકોટ શહેર મહિલા મોરચાના પ્રમુખ તરીકેની સફળતાપૂર્વક જવાબદારી નિભાવી હતી.

વર્ષ ૨૦૨૧ની રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૪ના કોર્પોરેટર તરીકે ચૂંટાયેલ અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય તરીકે ૨.૫ વર્ષ સુધી જવાબદારી સફળતાપૂર્વક નિભાવેલ હતી. તા.૧૨/૦૯/૨૦૨૩થી રાજકોટ મહાનગરપાલિકાના ૨૨માં મહિલા મેયર તરીકે તેમની વરણી થયેલ છે અને આશરે ૨.૫ વર્ષથી રાજકોટ મહાનગરપાલિકાના મેયર તરીકે સફળતાપૂર્વક જવાબદારી સંભાળી રહ્યા છે.નયનાબેન પેઢડીયાએ જાહેરજીવનમાં વોર્ડ પ્રમુખથી શરૂ કરી શહેર મહિલા મોરચાના પ્રમુખ અને હાલમાં મેયર તરીકેની જવાબદારી નિષ્ઠાપુર્વક સંભાળી રહ્યા છે.

### સેવા પરમો ધર્મને મંત્ર બનાવનારા

# પ્રથમ નાગરિક નયનાબેને જીવદયા પ્રવૃત્તિ સાથે મનાવ્યો જન્મદિવસ

### મેયર બંગલે આખો દિવસ કરૂણા-સેવા કાર્યોનો થયો ધમધમાટ

**અબતક, રાજકોટ**



સેવાભાવી મેયર નયનાબેન પેઢડિયાએ પોતાનો જન્મદિવસ જીવદયા પ્રવૃતિ સાથે ઉજવી જાહેર જીવનમાં એક આદર્શ રાહ કંડારી છે.

રાજકોટના જીવદયા પ્રેમી તથા મેયર નયનાબેન વિનોદભાઈ પેઢડીયાના જન્મદિન નિમિત્તે રેસકોર્ષ રીંગ રોડ સ્થિત મેયર બંગલા ખાતે પક્ષીઓ માટે નિઃશુલ્ક કુંડા અને માળા વિતરણનો સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. આ આયોજન શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં પક્ષીઓ માટે પાણી પીવાના કુંડા, માળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળાની શરૂઆત સાથે ધોમધખતા તાપમાં અબોલ પશુ-પક્ષીઓને પાણી અને આશ્રય મળી રહે તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું.

એનીમલ હેલ્પલાઈન દ્વારા શહેરમાં વિવિધ સ્થળોએ હરતું-ફરતું અન્નક્ષેત્ર પણ ચલાવવામાં આવે છે. ઋતુ મુજબ દરરોજ ૫ થી ૧૫ ગુણી ચણ પક્ષીઓને ખવડાવવામાં આવે છે. શહેરના અંદાજે ૨૫ વિસ્તારોમાં દરરોજ ૨૫૦ લીટર દૂધ અને ૫૦ કિલો લોટની રોટલી તૈયાર કરી ૭૦૦થી વધુ શ્વાનોને ભોજન આપવામાં આવે છે. ઉપરાંત નાના જીવજંતુઓ માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે, જેમાં દરરોજ ૧૫ કિલો કીડીયારૂ કીડીઓને આપવામાં આવે છે, ૪૦ કિલો લોટની ગોળી બનાવી માછલીઓને ખવડાવવામાં આવે છે અને ૩૦ કિલો મકાઈના ડોડા ખિસકોલીઓને આપવામાં આવે છે. આ તમામ સેવાકીય પ્રવૃત્તિઓ વર્ષભર નિયમિત રીતે કરવામાં આવે છે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈનના મિત્તલ ખેતાણી, પ્રતિક સંઘાણી, ધિરેન્દ્ર કાનાબાર, રમેશભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, ઘનશ્યામભાઈ ઠક્કર, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહિતની ટીમે વિશેષ જહેમત ઉઠાવી હતી.

# મોરબી રોડ પરથી ધારિયા, છરી, સોડા બોટલો ભરેલી ઓડી કાર ઝડપાઈ : મોટી ઘટના ટળી

## રાત્રે ધારિયુ લઈ એક શખ્સ કાર પાસે માથાકૂટ કરતો ધ્યાને આવતા પોલીસ પહોંચી, બેલડી નાસી ગઈ : બે ધારિયા, ત્રણ છરી, ૪૮ કાચની બોટલ અને કાર કબ્જે

**અબતક, રાજકોટ**

શહેરના મોરબી રોડ પરથી બે ધારિયા, ત્રણ છરી અને ૪૮ કાચની બોટલ ભરેલી ઓડી કાર ઝડપાઈ હતી. રાત્રીના સમયે એક શખ્સ ધારિયું ઉગામી માથાકૂટ કરતો ધ્યાને આવતા બી ડિવિઝન પોલીસ દોડી ગઈ હતી. પોલિસને જોતા જ અહીંથી બે શખ્સો કાર મૂકી નાસી ગયા હતા. જે બાદ પોલીસે કારની તપાસ કરતા તેમાંથી હથિયારો મળી આવ્યા હતા. જ્યારે અહીં હાજર મળી આવેલ યુવાન કંઈ કહેવા માંગતો નથી. કારમાં આવેલા શખસો યુવાન પર જીવલેણ હુમલો કરવાના ઈરાદા સાથે આવ્યાની આશંકાએ પોલિસેં તપાસ આદરી છે.

### યુવકને સમાધાન અર્થે બોલાવી જીવલેણ હુમલો કરવાનો ખૌફનાક ઈરાદો હતો કે કેમ? : બી ડિવિઝન પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

પ્રાપ્ત વિગત અનુસાર બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એસ.એસ. રાણેની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ સંદીપભાઈ અવાડીયા, કોન્સ્ટેબલ વિજયભાઈ હુંબલ સહિતનો સ્ટાફ રાત્રીના પેટ્રોલિંગમાં હતો દરમિયાન રાત્રે ૧૧ વાગ્યા આસપાસ મોરબી રોડ પર જકાતનાકા પાસે પહોંચતા અહીં એક સિલ્વર કલરની ઓડી કાર પડી હોય અને તેની બાજુમાં ત્રણ શખસો ઉભા હોય અને જોર જોરથી દેકારો કરતા હતા જેમાંથી એક શખસના હાથમાં ધારિયુ હતું જેથી પોલીસની ટીમ અહીં પહોંચતા બે શખસો અહીંથી ભાગી ગયા હતા જ્યારે એક શખસ અહીં ઊભો હોય પોલીસે તેની પૂછતામ કરતા તેણે પોતાનું નામ નૈમિષ ગોહેલ હોવાનું જણાવ્યું હતું અને તેણે એવું કહ્યું હતું કે હર્ષદીપ ખાચર તથા અજાણ્યો શખસ તેની સાથે ઝઘડો કરતા હતા.



બાદમાં પોલીસે આ ઓડી કાર નંબર જીજે ૧ આરસી ૨૬૫૨ પોલીસ સ્ટેશન લાવી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે આ નૈમિષની પૂછતાછ કરતા તેણે કહ્યું હતું કે, હર્ષદીપ સાથે સમાધાનની વાતચીત ચાલુ હોય જેથી તે કોઈ ફરિયાદ કે અરજી કરવા માંગતો નથી અને કોઈ નિવેદન આપવા માંગતો ન હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે નોંધ કરી હતી.

બાદમાં આ મામલે હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ કોઠીવાળે તપાસ હાથ ધરી કારમાં તપાસ કરતા ઓડી કારમાંથી બે ધારીયા, ત્રણ છરી, કારની ડેકીમાંથી બે પ્લાસ્ટિકના ગાલા જેમાં ૪૮ કાચની બોટલ મળી આવી હતી તેમજ પોલીસની તપાસમાં કારમાં લગાવેલી નંબર પ્લેટ જીજે ૧ આરસી ૨૬૫૨ પણ ખોટી હોવાનું માલુમ પડ્યું હતું.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, નૈમિષ ગોહિલ નામના આ વ્યક્તિ સાથે આરોપીઓને પૈસાની લેતીદેતી બાબતે કોઈ માથાકૂટ થઈ હોય અને બાદમાં સમાધાન માટે અહીં બોલાવી તેના પર હથિયારો વડે હુમલો કરવાનો ઈરાદો હોવાનું જણાઈ રહ્યું છે. જોકે કારમાં હત્યા રાખવા પાછળનો ઈરાદો શું હતો? સહિતની બાબતો અંગે હર્ષદીપ ખાચર તથા તેની સાથેનો અજાણ્યો શખસ ઝડપાયા બાદ જ હકીકત સામે આવશે પોલીસે આ બંનેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

આ કામગીરી બી ડિવિઝન પોલિસ મથકના પીઆઈ એસ એસ રાણે, હેડ કોન્સ. હિતેષભાઈ કોઠીવાળ, સંદીપભાઈ અવાડીયા, કોન્સ. વિજયભાઈ હુંબલ, સંજયભાઈ જળું, હોમગાર્ડ જવાન રવિ પાનસુરીયા, અજય ખાંભરા અને ભરતભાઈ ગોગારા દ્વારા કરવામાં આવી હતી.

### કારમાં નંબર પ્લેટ પણ ખોટી હોવાનું ખુલ્યું

બી ડીવીઝન પોલીસની પ્રાથમિક તપાસમાં હથિયારોથી સજ્જ ઓડી કાર નંબર જીજે-૦૧-આરસી-૨૬૫૨ ના નંબર બાબતે પોલીસે તપાસ કરતા આ નંબર પણ ખોટા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આરોપીઓએ અગાઉથી જ કોઈ ખોફનાક ઈરાદાને પાર પાડવા માટે કારમાં બોગસ નંબર પ્લેટ લગાવી નીકળ્યા હોવાનું જણાઈ રહ્યું છે.

# લોહાણાપરાના પીતળના ભંગારના વેપારી સાથે રૂ.૭.૨૩ લાખની છેતરપિંડી

## ૧૦૨૪ કિલોગ્રામ પીતળનો ભંગાર માલવાહક ગાડીમાં લોડ કરાવી આંગડિયા પેઢીના નામે પેમેન્ટનો ખોટો કોલ કરાવ્યો

**અબતક, રાજકોટ**

લોહાણાપરામાં પીતળના ભંગારનો ડેલો ધરાવતા વેપારી સાથે રૂ. ૭.૨૩ લાખની છેતરપિડી આચરી લેવાઈ હતી. યાજ્ઞિક પટેલ નામના શખ્સેં ૧૦૨૪ કિલોગ્રામ પીતળનો ભંગાર મેળવી પેમેન્ટ અંગે આંગડિયા પેઢીના નામે ખોટો ફોન કરાવી વેપારીને છેતરી લેતા એ ડિવિઝન પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો.

રૈયા ટેલિફોન એક્સચેન્જ નજીક આફ્રિકા કોલોની શેરી નં.-૫ રામ વિલા એપાર્ટમેન્ટ ફ્લેટ નં.-૫૦૧ માં રહેતા ૩૫ વર્ષીય યુવાન વેપારી હર્ષિતભાઈ અશ્વિનભાઈ કાગડાએ આરોપી તરીકે યાજ્ઞિક પટેલ અને જીજે-૦૩-સીયુ-૦૯૨૧ ના ચાલકનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું અગાઉ રૈયાનાકા ટાવર દેવકુંવર સ્કુલની બાજુમાં સંકેત એપાર્ટમેન્ટમાં મારા કાકા જીતેન્દ્રભાઈ સાથે રહેતો હતો અને લોહાણાપરા મેઈન રોડ ઉપર પીતળના ભંગારનો ડેલો આવેલ હોય ત્યાં હું જુના પીતળનો ભંગારની લે-વેચ કરૂ છું.

યુવાને જણાવ્યું હતું કે, મારા ડેલા ખાતે જૂના પીતળના વાસણ તેમજ ભંગારનો વેપાર કરતો હોય અનેક વેપારીઓ જુના પીતળનો ભંગાર લેવા માટે આવતા હોય છે. આશરે એક વર્ષ પહેલા ફોનથી કોન્ટેક્ટ કરી યાજ્ઞીક પટેલ નામનો વ્યકિત કેરી માલવાહક ગાડી ડ્રાઈવર સાથે લઈને ડેલા ખાતે આવેલ હતો. તેણે મને કહેલ કે મારે મોરબી ખાતે પીતળ ગાળવાની ભઠી છે અને હું ઈમીટેશનના પાઈપ બનાવું છું, તમે મને માલ આપો. જેથી અમારી વચ્ચે ભાવ નક્કી થયેલ હતો. બાદ મેં આશરે ૬૦૦ કીલો પીતળનો ભંગાર આપેલ અને તેણે મને તેના રોકડા રૂપીયા આપેલ હતાં. જેથી તે ગાડીમાં માલ ભરી નીકળી ગયેલ હતો. ગત તા. ૨૪/૦૨/૨૦૨૬ ના રોજ સાંજના છ વાગ્યાની આસપાસ મારા મોબાઈલ ફોનમાં યાજ્ઞિક પટેલે ફોન કરી માલ પડેલ છે કે કેમ પૂછતાં મેં હા પાડી હતી. ત્યારે જેટલો માલ પાડેલ હોય તેટલો માલ મારે જોઈએ છે, મારી ભઠી બંધ પડેલ છે તેમ કહેલ હતું. જેથી મે તેને કહેલ કે હું તમને કાલ સવારે કેટલો પીતળનો ભંગાર પડેલ છે તે જોઈને કહીશ તેમ જણાવ્યું હતું. બાદ બીજા દીવસે તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ સવાર સવા દસ વાગ્યે મે યાજ્ઞીક પટેલના ના ફોનમાં ફોન કરી કહેલ કે, મારી પાસે પીતળનો ભંગાર કુલ વજન ૧૦૨૪.૫૦૦ કિલોગ્રામ છે અને એક કીલાનો ભાવ રૂા.૭૧૦ છે તેમ જણાવ્યું હતું. તેણે મને કહેલ કે, હું મારી ગાડી બપોરે સાડા બાર આસપાસ મોકલું છું. જેથી મેં પેમેન્ટ અંગે પૂછતાં તે માલ પેટે રૂ ૭,૨૩,૨૦૦ ગોંડલ રોડ સમૃધ્ધિ ભવનમાં આવેલ કનુ કાંતીલાલની આંગડીયા પેઢીમાં મોકલું છું.

### વેપારી પૈસા લેવા જતાં ચાલક ભંગાર ભરેલું વાહન લઈ નાસી ગયો : એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો

બાદ યાજ્ઞીક પટેલે બપોરે સાડા બાર વાગ્યે મહીન્દ્રાની માલવાહક ગાડી જેના નં.જીજે-૦૩-સીયુ-૦૯૨૧ મોકલેલ હતી. તેના ડ્રાઈવર તરીકે આશીફ રાવકુડા આવેલ હતો. તેની ગાડીમાં મે પીતળનો ભંગાર કુલ વજન ૧૦૨૪,૫૦૦ કિલોગ્રામ ભરી આપેલ હતો અને મારું પેમેન્ટ આંગડીયા પેઢીમાંથી આવે પછી હું તમને અહીંથી જવાનું કહીશ તેમ જણાવ્યું હતું. બાદ બપોરના સાડા ત્રણ વાગ્યાની આસપાસ મારા મોબાઈલમાં મો. નં. ૯૧૫૭૨૯૪૮૪૨ માંથી ફોન આવેલ અને કહેલ કે, હું કનુ કાંતી આંગડીયામાંથી બોલું છું, તમારૂ રૂ. ૭,૨૩,૨૦૦ નું પેમેન્ટ આવી ગયેલ છે તો તમે આવીને લઈ જાવ. જેથી મેં માલવાહક વાહનના ચાલકને કહેલ કે, હું પેમેન્ટ લેવા જાવ છું, મને પેમેન્ટ ન મળે ત્યાં સુધી અહીંથી જતો નહી. બાદ હું પેમેન્ટ લેવા ગોંડલ રોડ પર સમૃદ્ધિભવનમાં આવેલ કનુ કાંતીલાલની આંગડીયા પેઢીમાં જતાં ત્યાં મારૂ કોઈ પેમેન્ટ નહિ આવ્યાની મને જાણ થઈ હતી. બાદ મને જે નંબરમાંથી ફોન આવ્યો હતો તે બતાવતા તે નંબર આંગડિયા પેઢીનો નહિ હોવાનું કર્મચારીએ જણાવ્યું હતું.

જેથી હું તાત્કાલિક ડેલા ખાતે પહોંચ્યો હતો પણ તે પૂર્વે જ જીજે-૦૩-સીયુ-૦૯૨૧ માલવાહક વાહનનો ચાલક પિતળનો ભંગાર ભરેલુ વાહન લઈને નાસી ગયો હતો. બાદ યાજ્ઞિક પટેલને ફોન કરતા તેનો નંબર પણ સ્વીચ ઓફ આવ્યો હતો. બાદ વાહન નં. જીજે-૦૩-સીયુ-૦૯૨૧ ના ચાલકે એક દોઢ કલાક પછી ફોન ઉપાડી કહેલ કે, હું મારા ઘરે કાલાવડ જાવ છું. જેથી મારા માલ અંગે પૂછતાં તેણે મારો માલ નિકાવા નજીક યાજ્ઞિક પટેલ અને એક અજાણ્યો શખ્સ આવેલ હોય તેમના કહેવા મુજબ સમગ્ર માલ અન્ય રિક્ષામાં ભરાવી આપ્યાનું જણાવ્યું હતું.જે મામલે વેપારીએ ફરિયાદ આપતાં એ ડિવિઝન પોલિસની ટીમે ગુનો નોંધી રૂ. ૭,૨૩,૨૦૦ ની છેતરપિંડી આચરનાર શખ્સોની શોધખોળ આદરી હતી.

# એક હાથે પૈસા દેવાના અને બીજા હાથે માલ લેવાનો કહી વેપારી સાથે રૂ. ૬.૮૦ લાખની ઠગાઈ

## ભોમેશ્વરનો મહેશ ઠુંમ્મર પેડક રોડના મુકેશ ડાભી પાસેથી ચાંદીના કડા લઈ ગયો : સામે ચાંદીના ચોરસા આપવાનો વાયદો કર્યો'તો

**અબતક, રાજકોટ**

સોના અને ચાંદીમાં ધરખમ ભાવ વધારા બાદ છેતરપિંડીના કિસ્સાઓમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે. ત્યારે વધુ એક છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. જેમાં ચાંદીની મજૂરીકામ કરતા યુવક સાથે પિતરાઈ ભાઈ થકી સંપર્કમાં આવેલા શખસે 'હું એક હાથે પૈસા આપું અને બીજા હાથે માલ લઉં' તેવી ડાહી ડાહી વાતો કરી રૂ.૬.૮૦ લાખનું ચાંદી ઓળવી જતાં બી-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### વારંવાર બહાના બતાવતા વેપારીએ તપાસ કરતા મહેશે આપેલું ઘરનું સરનામું પણ ખોટું નિકળ્યું : બી ડિવિઝન પોલિસેં ગુનો નોંધ્યો

પ્રાપ્ત વિગતો મુજબ પેડક રોડ પર આવેલ ગાંધી સ્મૃતિ-૦૨ શેરી નં.-૩ સેટેલાઈટ ચોકમાં રહેતા મુકેશ ઘેલાભાઈ ડાભી (ઉ.વ.૪૫)એ બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી શ્રમજીવી સોસાયટીમાં રહેતા મહેશ ઉકાભાઈ ઠુંમર સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદી મુકેશભાઈ ડાભીએ જણાવ્યા મુજબ સેટેલાઈટ ચોકમાં ગાંધી સ્મૃતિ શેરી નં.૩માં રહે છે અને ઘરબેઠા ચાંદીનું મજૂરી કામ કરે છે. દરમિયાન ગત ૧-૯-૨૦૨૫ના મુકેશ અને તેનો પુત્ર હિરેન દુકાને હતા. ત્યારે પિતરાઈ ભાઈ રાહુલ ઈન્દુભાઈ ડાભી પોતાની સાથે મહેશ ઉકાભાઈ ઠુમ્મર નામની વ્યક્તિને લઈને આવ્યો હતો. ત્યારે મહેશે કહ્યું હતું કે, તે સેટેલાઈટ ચોકમાં રાધામીરા સોસાયટીમાં રહે છે અને સોની બજારમાં માંડવી ચોક પાસે હોલસેલની ચાંદીકામની દુકાન છે.

મહેશ એજન્ટ તરીકે ચાંદીનો તૈયાર માલ ટુર કરીને અન્ય રાજ્યમાં પણ વેચે છે. તેમજ મહેશ ઠુમરે મુકેશ ડાભીને કહ્યું હતું કે, એક હાથે પૈસા દેવાના અને બીજા હાથે માલ લેવાનો તેમ કહી વેપારીને વિશ્વાસમાં લીધા હતા. બાદ મહેશે ૨૬૦ નંગ ચાંદીના કડાનો ઓર્ડર આપ્યો હતો. આ કડા ૧૦ દિવસમાં તૈયાર થઈ જતાં ફરિયાદીના પુત્ર હિરેને મહેશને ફોન કરતાં તેણે કહ્યું હતું કે તે પોતે દુકાને આવીને માલ લઈ જશે.

ત્યારબાદ દુકાને આવી કહ્યું હતું કે માલ હું અત્યારે દુકાને લઈ જાઉં છું અને બિલ તમે દુકાનેથી લેતા આવજો. ત્યારે જે માલની થતી કિંમતની સામે ચાંદીના ચોરસા લઈ જજો જો કે કડા લઈ ગયા બાદ મહેશ દ્વારા ચાંદીના ચોરસા આપવા મુદ્દે બહાના કાઢવામાં આવી રહ્યા હોય તપાસ કરતાં મહેશ રાધામીરા સાસોયટી નહીં પરંતુ ભોમેશ્વર વિસ્તારમાં આવેલી શ્રમજીવી સોસાયટીમાં રહેતો હોવાનું ધ્યાન પર આવતાં મહેશ ઠુમ્મરના ઘેર પહોંચ્યા હતા.

જ્યાં મહેશ મળી જતાં તેને વેપારી મુકેશભાઈને થોડા સમયમાં પૈસા પરત આપી દેવાનું કહ્યું હતું. પરંતુ ઘણો સમય વીતી જતા અંતે ફરિયાદી મુકેશભાઈ ડાભીએ આરોપી મહેશ ઠુંમર સામે બી ડિવિઝન પોલીસ મથકમાં પોતાની સાથે ૬.૮૦ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ કે પી જાદવએ વધુ તપાસ હાથ ધરી છે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**રનિંગ લાઈન્સની સુધારણા અને અપગ્રેડેશનના સંબંધમાં OHE મોડિફિકેશન કામ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૫-૨૬/૦૧R૩**

**તારીખ : ૦૩.૦૩.૨૦૨૬**

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝનના વાંકાનેર યાર્ડ (ફેઝ-I હેઠળ) ની પેસેન્જર રનિંગ લાઈન્સની સુધારણા અને અપગ્રેડેશનના સંબંધમાં OHE મોડિફિકેશન કામ. **કામની પડતર :** ₹ ૫૬,૪૫,૨૫૯.૬૨/- ફક્ત, **અર્નેસ્ટ મનીઃ** IREPS મુજબ **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમયઃ** તા.૨૫-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત : www.ireps.gov.in** RJT-208

અમને ફોલો કરો: X x.com/WesternRly


# ગોંડલના ઉમરાળા રોડ પર અજાણ્યા મોટરસાયકલની ઠોકરે આધેડનું મોત

**અબતક, રાજકોટ**

ગોંડલના ઉમરાળા રોડ પરથી પસાર થઈ રહેલા ૫૦ વર્ષીય આધેડને અજાણ્યા મોટરસાયકલ ચાલકે હડફેટે લેતા ચકચાર મચી જવા પામી છે. જેમાં ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં તેમનું મોત નીપજ્યું છે. બનાવને પગલે મૃતકના પરિવારજનોમાં શોક વ્યાપી ગયો છે. હાલ ગોંડલ પોલીસે અજાણ્યા મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આધેડને સિવિલ હોસ્પિટલ ખસેડતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજતા પરિવારમાં અરેટાટી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલના ઉમરાળા રોડ વિસ્તારમાં રહેતા કાલીરામ મૂળીયા (ઉંમર વર્ષ ૫૦) ગત તા.૪ માર્ચના રોજ ઉમરાળા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અજાણ્યા મોટરસાયકલ ચાલકે તેમને અડફેટે લેતા કાલીરામભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર


**જામનગર મહાનગરપાલિકા**
**જામનગર**

**:: ટેન્ડર નિવિદા ::**

જામનગર મહાનગરપાલિકા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા નીચેની વિગતેના કામ માટે ઓનલાઈન ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વિગતવાર માહિતી વેબસાઈટ https://jmctender.nprocure.com પરથી તા.૦૭/૦૩/૨૦૨૬ ના ૧૧-૦૦ કલાકથી ઓન લાઈન મળી શકશે શકશે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત ખર્ચ |
|---|---|---|
| ૧ | ગુલાબનગર ખાતેની ડમ્પ સાઈટ પર લીગેસી વેસ્ટ પ્રોસેસીંગ (ડમ્પ સાઈટ રેમીડીએશન) નું કામ | રૂા.૬૫૦.૦ લાખ |

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

૧૪૬

નં. જેએમસી/સો.વે/૩૮/ટેન્ડર/૯૮૯ /૨૫-૨૬, તા.૦૩/૦૩/૨૦૨૬



**આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છા...**

**દેકિવાડીયા હોસ્પિટલ સંચાલીત**

**ગુજરાત વાસ્કયુલર સેન્ટર**



**ડો. હર્ષાબેન દેકિવાડીયા**
MBBS, DA, C.An.



**રાજકોટ મહાનગરપાલિકા**
**(બગીચા શાખા)**
ટેન્ડર નોટીસ (બીજો પ્રયત્ન)

રાજકોટ મહાનગરપાલિકાની બગીચા શાખા દ્વારા વેસ્ટ ઝોન વિસ્તારમાં આવેલ બગીચાઓની જાળવણી અને નિભાવણી કરવાનાં (વાર્ષિક) કામેની ઈ-ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર www.tender.nprocure.com પરથી ભરી શકાશે. ટેન્ડર ઓનલાઈન ડાઉનલોડ તથા ઓનલાઈન સબમીટ કરવાની છેલ્લી તા.૨૩-૦૩-૨૦૨૬ તથા સમય અનુક્રમે ૧૬:૦૦ તથા ૧૮:૦૦ છે.

ડાયરેક્ટર (પી&જી)
રાજકોટ મહાનગરપાલિકા



**આંતરરાષ્ટ્રીય મહીલા દિવસ**

"યા દેવી સર્વભૂતેષુ નારીરૂપેન સંસ્થિતા ।
નમસ્તયે .... નમસ્તયે .... નમસ્તયે .... નમો નમઃ ॥"

**" જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે"**
ધરતી જેવુ ધૈર્ય, વ્હાલ અને વાત્સલ્યનો દરીયો, રચનાત્મકતાની સુઝ–લૌકીક, અલૌકીકતાની ગહનતા ધારણ કરનારી નારી સ્વયં સંસ્કૃતિનો ધબકાર છે.

**ગૌરવવંતા આંતરરાષ્ટ્રીય મહીલા દિવસે પરિવારથી માંડી રાષ્ટ્ર માટે નિત્ય નવ્ય અને ગરીમામય પ્રગતિના પર્યાય બની પ્રેરણા અને પ્રોત્સાહનનું પથદર્શન કરતા રહી સમાજ અને રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ પ્રદાન કરતા રહીએ તેવી હૃદયપૂર્વકની શુભકામનાઓ.**



**પૂનમબેન માડમ (પ્રમુખ)**
**સ્વ.હેમતભાઈ રામભાઈ માડમ મેમોરીયલ ટ્રસ્ટ**

નીઓ સ્કવેર, ગ્રાઉન્ડ ફ્લોર, અંબર સીનેમા પાસે,
પી.એન.માર્ગ, જામનગર ફોન : (૦૨૮૮) ૨૬૭૬૬૮૮, ૨૬૭૦૧૦૦
E-Mail : hrmaadam_memorialtrust@yahoo.co.in
ખંભાળીયા કાર્યાલય : પોસ્ટ ઓફીસ રોડ, જામખંભાળીયા. ફોન : (૦૨૮૩૩) ૨૩૩૩૮૮
ગૌ સારવાર કેન્દ્ર ખંભાળીયા : જડેશ્વર રોડ, ખંભાળીયા. નં.૯૬૨૪૬૮૬૫૬૫
ભાણવડ કાર્યાલય : વેરાડ નાકા બહાર, ભાણવડ. ફોન : (૦૨૮૯૬) ૨૩૨૧૮૮
ગૌ સારવાર કેન્દ્ર ભાણવડ : વેરાડ નાકા બહાર, ભાણવડ. નં.૯૦૯૯૬૬૬૫૬૫



**શ્રી દશા સોરઠીયા વણિક જ્ઞાતિ સમાજ (મહાજન) રાજકોટ**
**વાર્ષિક સામાન્ય સભાની નોટીસ**

શ્રી દશા સોરઠીયા વણિક જ્ઞાતિ સમાજ (મહાજન) રાજકોટની વાર્ષિક સામાન્ય સભા નીચેની વિગતે મળશે.

તારીખઃ- ૨૧-૦૩-૨૦૨૬ શનિવાર
સમયઃ- બપોરે ૪.૦૦ કલાકે
સ્થળઃ- માલવીયા વાડી, ગોંડલ રોડ, રાજકોટ

**કાર્યસૂચિ**
(૧) ગત મીટીંગની કાર્યવાહીને બહાલી આપવા બાબત
(૨) તા. ૦૧/૦૪/૨૦૨૩ થી ૩૧/૦૩/૨૦૨૫ સુધીના ઓડીટ થયેલ વાર્ષિક હિસાબો મંજુર કરવા બાબત....
(૩) પ્રમુખ સ્થાનેથી જે રજુ થાય તે...

જયેશ કનુભાઈ ધ્રુવ — પ્રમુખશ્રી
શૈલેષભાઈ શાહ (લોટીયા) — મંત્રીશ્રી

તંત્રી લેખ

# એઆઈની ભૂલ ક્યારેક ઘાતક સાબિત થઈ શકે છે

એઆઈ અત્યારે ટ્રેન્ડિંગ છે. તેનો ઉપયોગ કામને આસાન કરી રહ્યો છે. પણ ક્યારેક એઆઈની ભૂલ ઘાતક પણ બની રહી છે. ઈરાનના દક્ષિણી શહેર મિનાબમાં બનેલી એક ઘટનાએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે અને માનવજાતને હચમચાવી દીધી છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા ભીષણ હવાઈ હુમલા દરમિયાન એક અત્યંત કરુણ દુર્ઘટના સર્જાઈ છે. અહી આવેલી એક પ્રાથમિક કન્યા શાળા પર મિસાઈલ પડતા ૧૬૦થી વધુ માસૂમ વિદ્યાર્થીનીઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ ઘટના આધુનિક યુદ્ધના ઈતિહાસમાં એક કાળો અધ્યાય બની ગઈ છે.

આ હુમલો ત્યારે થયો જ્યારે શજારેહ તૈય્યબહ ગર્લ્સ સ્કૂલમાં સાતથી બાર વર્ષની માસૂમ બાળકીઓ અભ્યાસ કરી રહી હતી. ક્લાસરૂમમાં અચાનક મિસાઈલ પડતા આ માસૂમ જીવો હોમાયા હતા. વર્ષ ૨૦૨૬ના ઈરાન યુદ્ધની આ સૌથી ઘાતક અને કાળજું કંપાવનારી ઘટના બની ગઈ છે. નિર્દોષ બાળકોનો ભોગ લેવાયો હોવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ કરૂણ હોનારત બાદ સૌથી મોટો પ્રશ્ન એ ઉભો થયો છે કે, શું અમેરિકાએ આ હુમલો જાણીજોઈને કર્યો હતો કે પછી આ કોઈ ટેકનિકલ ખામીનું પરિણામ છે? સંરક્ષણ નિષ્ણાતો માની રહ્યા છે કે આ ઘટના પાછળ યુદ્ધમાં વપરાતી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈ ટેક્નોલોજીની કોઈ મોટી અને ગંભીર ભૂલ હોઈ શકે છે. આધુનિક સમયમાં ટેક્નોલોજી પરનો આંધળો વિશ્વાસ કેટલો ભારે પડી શકે તેનું આ જીવંત ઉદાહરણ છે.

આધુનિક યુદ્ધમાં હવે ટાર્ગેટ નક્કી કરવાનું કામ માત્ર માણસો જ નથી કરતા, પરંતુ 'એલ્ગોરિધમ વોરફેર' હેઠળ એઆઈ સિસ્ટમ્સ સેટેલાઈટ તસવીરો અને ડેટા એનાલિસિસના આધારે હુમલાના સ્થળ નક્કી કરે છે. અમેરિકન ડિફેન્સ સિસ્ટમમાં હવે મોટા પાયે એઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે. ખાનગી ટેક કંપનીઓ સાથેના સૈન્ય કરારો થકી મશીનો અને ડેટા હવે યુદ્ધના મેદાનમાં જીવન અને મરણના નિર્ણયો લેવા લાગ્યા છે.

પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું છે કે જે જગ્યાએ હાલમાં શાળા હતી, ત્યાં પહેલા ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડનો મિલિટરી બેઝ હતો. એવું માનવામાં આવે છે કે એઆઈ સિસ્ટમે જૂના ડેટાના આધારે આ લક્ષ્યાંક નક્કી કર્યો હશે. જો એઆઈ સિસ્ટમને અપડેટેડ માહિતી ન મળી હોય કે ત્યાં હવે લશ્કરી બેઝની જગ્યાએ શાળા બની ગઈ છે, તો સ્વાભાવિક રીતે જ સિસ્ટમ જૂની માહિતીને આધારે વિનાશક હુમલો કરી બેસે છે.

# આહીર યુવા સમુહ લગ્ન સમિતિ દ્વારા કાલે ૩૧મો સમુહ લગ્નોત્સવ

## ૨૧ યુગલો પ્રભુતામાં પગલાં પાડશેઃ મેગા બ્લડ ડોનેશન કેમ્પ અને વ્યસન મુક્તિ અભિયાન સાથે આહીર સમાજની એકતાના દર્શન થશેઃ ૨૫૦૦૦થી વધુની જનમેદની ઉમટશે

**અબતક, રાજકોટ**

આહીર યુવા સમુહ લગ્ન સમિતિ-રાજકોટના પ્રમુખ રણજીતભાઈ આર. જળુની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, સમસ્ત આહિર સમાજ માટે ગૌરવરૂપ એવા ૩૧માં ભવ્ય સમુહ લગ્નોત્સવનું આયોજન આગામી તા. ૦૮-૦૩-૨૦૨૬, સવંત ૨૦૮૨ ફાગણ વદ ૫ ને રવિવારના રોજ કરવામાં આવ્યું છે. રાજકોટના જામનગર હાઈવે પર ખંઢેરી પાસે, સૌરાષ્ટ્ર ક્રિકેટ સ્ટેડિયમની પાછળ આવેલ કિશન પાર્ટી પ્લોટ ખાતે આ ભવ્યાતિભવ્ય પ્રસંગ યોજાશે, જેમાં ૨૧ નવદંપતીઓ રાત્રિના ફેરા ફરી નવું જીવન શરૂ કરશે.



તસવીરઃ વિપુલ ચૌહાણ

આગામી લગ્નોત્સવ આહીર સમાજની આગવી પરંપરા મુજબ યોજાનાર છે. વિશાળ ગ્રાઉન્ડમાં ભવ્ય સમિયાણો તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં ઢોલ-નગારાના નાદ સાથે દરેક નવદંપતી અને જાનૈયાઓનું ભવ્ય સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે કેવળ લગ્ન જ નહીં પરંતુ સામાજિક સેવાનો ઉદ્દેશ્ય રાખીને એક 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'નું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેથી જરૂરિયાતના સમયે સમાજના લોકોને સરળતાથી રક્ત મળી રહે. આ બ્લડ કેમ્પમાં રક્તદાન કરનાર દરેક રક્તદાતાનું સન્માન કરવામાં આવશે. આ સાથે જ સમાજના યુવાનો અને વડીલોને વ્યસન મુક્તિ અંગે જાગૃત કરવા માટે વિશેષ માર્ગદર્શન પણ આપવામાં આવશે.

આ આયોજનને સફળ બનાવવા માટે સમિતિની વિવિધ ટીમો દિવસ-રાત જહેમત ઉઠાવી રહી છે. જેમાં સમિયાણા અને ભોજન કમિટીમાં પ્રમુખ રણજીતભાઈ જળુ (મો. ૮૨૩૮૫ ૦૦૦૦૫), કાનાભાઈ આર. મારૂ, હિતેષભાઈ ચાવડા, કનુભાઈ ખાટરીયા, માંડણભાઈ ચાવડા અને મુન્નાભાઈ એમ. હુંબલ તૈયારીઓ કરી રહ્યા છે. જ્યારે ફોર્મ વિતરણ અને કરિયાવર સમિતિમાં વિનુભાઈ છૈયા, કાળુભાઈ હેરભા, અમુભાઈ મકવાણા, પ્રદિપભાઈ એલ. જાદવ, વિપુલભાઈ ડવ, વરજાંગભાઈ હુંબલ, કનુભાઈ વી. મારૂ, નિર્મળભાઈ મેતા, ઈલેશભાઈ ડાંગર, જગદિશભાઈ બોરીચા, વિક્રમભાઈ ખીમાણીયા, અર્જુન કે. હુંબલ અને દિલીપભાઈ બોરીચા જહેમત ઉઠાવી રહ્યા છે.



ગત વર્ષે આ આયોજનમાં અંદાજે ૨૫,૦૦૦ લોકોની હાજરી રહી હતી, ત્યારે આ વર્ષે પણ સમસ્ત આહિર સમાજના સંતો-મહંતો, દાતાઓ, રાજકીય આગેવાનો અને શુભેચ્છક વડીલોની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. સમિતિના પ્રમુખ રણજીતભાઈ આર. જળુ દ્વારા સમસ્ત આહિર સમાજને આ ૨૧ નવદંપતીઓને આશીર્વાદ આપવા અને સમાજની એકતા વધારવા માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીના પુત્ર ઋષભે સહપરિવાર સોમનાથના દર્શન કર્યા

**અબતક, રાજકોટ**

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણી ને ભગવાન સોમનાથ દાદા પ્રત્યે અપાર શ્રદ્ધા હતી, તેમના સંસ્કાર સિંચન મુજબ જ તેમના પુત્ર ઋષભભાઈ, અને પરિવારના આદિતિ બેન રૂપાણી ,રેવાબેન રૂપાણી સહિતના રૂપાણી પરિવારના સભ્યો સોમનાથ મહાદેવના દર્શને ગયા હતા અને દાદાના ચરણોમાં શિષ જુકાવી ધન્ય થયા હતાં.



# મહિલા દિવસની દેશવાસીઓને શુભકામના પાઠવતા શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનમાં મહિલા સશક્તિકરણનું કાર્ય વેગવાન

**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છા પાઠવતાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશનું નેતૃત્વ સંભાળી રહ્યા છે ત્યારથી એટલે કે ૧૦ વર્ષથી તેઓ મહિલાઓના ઉત્કર્ષ, ઉધ્ધાર માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. મહિલાઓના ઉધ્ધાર માટે આર્થિક, શૈક્ષણિક, સામાજીક, વિજ્ઞાનક્ષેત્ર, અભિનય ક્ષેત્રે, વ્યાપાર ઉદ્યોગક્ષેત્રે, ટેકનોલોજીના ઉચ્ચ હોદ્દાઓ તથા દેશની સુરક્ષામાં પણ મહિલાઓ અગ્રેસર રહી છે. જ્ઞાન-વિજ્ઞાનનું ક્ષેત્ર હોય કે લોકતંત્ર અને રાજનીતી હોય, આજે દરેક ક્ષેત્રમાં મહિલાઓ આગળ છે.

સમાજમાં દિકરીઓનું પ્રમાણ વધારવા અને બાળલગ્ન અટકાવવા તેમજ દિકરીઓની આર્થિક સામાજીક સ્થિતિ મજબુત કરવા કુલ ૨ લાખથી વધુ દીકરીઓને સહાય આપવામાં આવેલ છે. અંતમાં શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેએ જણાવ્યું હતું કે જયાં હંમેશા નારીની પૂજા અને સન્માન થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે. દેશના વિકાસના પંથમાં હંમેશા મહિલાઓનું યોગદાન રહ્યું છે.

# શાસ્ત્રી રાજદીપ જોષીનો કાલે જન્મદિવસ



રાજકોટના જયોતિષી શાસ્ત્રી રાજદીપ જોશીનો તા. ૮ માર્ચ રવિવારે જન્મદિવસ છે. તેમણે સંતોષાનંદ પાઠશાળામાં જયોતિષ અને વેદ ઉપર સતત ૧૦ વર્ષ સુધી ગહન અભ્યાસ કરીને વેદાંતરત્નની ઉપાધિ મેળવી છે. તેમના જન્મ દિવ પ્રસંગે મિત્રો અને સ્નેહીઓ દ્વારા મો. નં. ૯૪૨૬૪ ૨૦૦૦૯ શુભેચ્છા આપવામાં આવશે.


# ગુજરાતના જાણીતા સી.એસ. દર્શિત આહ્યાનો જન્મદિવસ



રાજકોટ ગુજરાતના જાણીતા સી.એસ. દર્શિત આહ્યાનો આજે જન્મદિવસ છે. આજે અનેક સ્ટાર્ટઅપને માર્ગદર્શન આપનાર અને સૌરાષ્ટ્ર-કચ્છમાં સ્ટાર્ટઅપના વિકાસમાં જેમનો અગત્યનો ફાળો છે તેવા સી.એસ. દર્શિત આહ્યાનો આજે જન્મદિવસ છે. મૂળ પડધરીના વતની અને હાલ છેલ્લા ૯ (નવ) વર્ષથી રાજકોટ D N AHYA & CO. નામથી કંપની સેક્રેટરી તરીકે પ્રેક્ટીસ કરે છે. સી.એસ. દર્શિત આહ્યા ટ્રેડમાર્ક, કોપીરાઈટ, ડીઝાઈન, કંપની લો, SARFESI જેવા જટીલ વિષયોમાં નામના ધરાવે છે. દર્શિત આહ્યાએ માતા-પિતાના આશીર્વાદ તથા જીવનસાથી જલ્પાબેનના સહયોગથી ખૂબ જ સફળતા હાસીલ કરી છે. દર્શિતભાઈને દિવસે એમના મો.૯૦૩૩૬ ૩૩૨૩૧ મિત્રો સંબંધીઓ પર શુભેચ્છાઓ વર્ષી રહી છે.

# જૈન શ્રેષ્ઠી અને સોનમ કવાર્ટઝના માલીક જયેશભાઈ શાહનો આજે જન્મદિવસ

રાજકોટના જૈન શ્રેષ્ઠી, સૌરાષ્ટ્ર કચ્છ સ્ટોક એકસચેન્જ સિકયોરિટીઝનાં મેનેજીંગ ડીરેક્ટર અને સોનમ ક્વાર્ટઝના માલિક એવા જયેશભાઈ છબીલદાસ શાહનો આજે જન્મદિવસ છે. સ્વભાવે અત્યંત મૃદુ અને ભામાશા તરીકે ખ્યાતી મેળવનાર જયેશભાઈ શાહ અનેક સંસ્થા સાથે જોડાઈ છે અને સેવાના કાર્યોમાં હંમેશા અગ્રેસર રહે છે.



તેઓ ધર્માનુરાગી છે અને સાધુ-સાધ્વીઓ તથા આચાર્ય ભગવંતોના વૈયાવચ્ચમાં ઘણું યોગદાન આપ્યું છે. ફેબ્રુઆરી-૨૦૧૭માં ચંપાપૂરી તીર્થમાં આચાર્ય ભગવંતના હસ્તે સેકડો લોકોની ઉપસ્થિતિમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાવી હતી. આ સ્થળે ઉપાશ્રય અને દેરાસર ઉપરાંત ભોજનશાળા અને ધર્મશાળા બનાવીને મોટુ સેવા કાર્ય કર્યું છે.

વ્યવસાયમાં તેઓ પ્રખ્યાત બ્રાંડ સોનમ ક્વાર્ટઝના માલિક છે અને ૨૦૧૯માં સ્ટોક એકસચેન્જની સબસીડીયરી કંપની હસ્તગત કરી હતી અને આજે પણ તે કાર્યરત છે.

તેઓ જાણીતી સામાજિક સંસ્થા જૈન વિઝન સાથે વરસોથી જોડાયેલા છે અને વિવિધ કાર્યક્રમોમાં સહયોગ આપે છે. જૈન વિઝન આયોજિત નવરાત્રી મહોત્સવને પણ સોનમ ગરબા નામ આપેલુ છે.

જયેશભાઈનો આજે જન્મદિવસ હોવાથી તેમના ઉપર પરિવારજનો ઉપરાંત મિત્રવર્તુળ અને મોટી સંખ્યામાં જૈન-જૈનેતરોએ શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# પબ્લિક લાઈબ્રેરીમાં બુધવારે યોજાશે જ્ઞાન ગોષ્ઠીની બેઠક

## સાહિત્ય રસી કોની ઉપસ્થિતિમાં કવિ ભારત હેમાણીના કાવ્યો ગઝલોની બોલશે રમઝટ

**અબતક, રાજકોટ**

રાજકોટના વાંચન પ્રિય વર્ગમાં લોકપ્રિય પ્રિન્સિપાલ ડીપી જોશી પબ્લિક લાઈબ્રેરી દ્વારા શહેરના સાહિત્ય રસિકો માટે દર મહિને સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્ર ત્રણ બાલમુકુંદ પ્લોટ ખાતે ગ્રંથ ગોષ્ટિ સાહિત્ય સભાનું આયોજન કરવામાં આવે છે. આ મહિનાની અને ગ્રંથ ગોસ્ઠીની ૩૨૩ની બેઠક ૧૧માર્ચ બુધવારે સાંજે ૫ વાગે મળશે આ બેઠકમાં જાણીતા કવિ પારસ ભાઈ હેમાણી સ્વર કાવ્યો અને ગઝલોનો રસા સ્વાદ કરાવશે આ ગ્રંથ ગોષ્ટિની બેઠકનો લાહવો લેવા સાહિત્ય રસીકોને ગુલાબભાઈ જાની ની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# આર્યસમાજ દ્વારા મહિલા દિવસ નિમિત્તે કાલે વિશેષ સત્સંગ પ્રવચન

## હાથીખાના અને માયાણીનગરમાં વિશેષ આયોજન

**અબતક, રાજકોટ**

આર્યસમાજ હાથીખાના અને માયાણીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે એક વિશેષ સાપ્તાહિક સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. વેદોમાં નારીને રાષ્ટ્રનો આધાર ગણાવવામાં આવી છે અને પરિવાર તથા સમાજના નિર્માણમાં તેમનો અમૂલ્ય ફાળો રહ્યો છે. ''યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા'' ના મંત્રને સાર્થક કરતા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્ત્રીઓને નિર્બળતામાંથી બહાર લાવી તેમની શકિતનો યોગ્ય ઉપયોગ થાય અને સમાજમાં તેમને ઉચ્ચ સ્થાન મળે તે માટે જાગૃતિ લાવવાનો છે.

મહર્ષિ દયાનંદ સરસ્વતીના વિચારોને વરેલી સંસ્થા આર્યસમાજ રાજકોટ દ્વારા આ ખાસ કાર્યક્રમ (પ્રવચન) આગામી ૮ માર્ચ ૨૦૨૬, રવિવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે આર્યસમાજ માયાણીનગર, રાજકોટ ખાતે રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે બહેનોને યોગ્ય માર્ગદર્શન અને આત્મબળ મળી રહે તેવું સુંદર આયોજન છે. સંસ્થા દ્વારા આપને સહપરિવાર ઉપસ્થિત રહેવા તેમજ સગા-સંબંધીઓને પણ આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં સાથે લાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૧૯મું ચક્ષુદાન તથા ૪૮મું સ્કીન ડોનેશન

અબતક, રાજકોટઃ હાર્દિકભાઈ બીપીનચંદ્ર વ્યાસનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન તથા સ્કીન ડોનેશન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડ્યું. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૧૯ મું ચક્ષુદાન થયેલ છે. તથા ૪૮મુ સ્કીન ડોનેશન ફેબ્રુઆરી ૨૦૨૬ માં બારમું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શહેર ભાજપ પરિવાર દ્વારા કમલમમાં કાલે મહિલા રત્નોનું કરાશે સન્માન

## આંતર રાષ્ટ્રીય દિવસેની ભાજપ પરિવાર દ્વારા કરાશે અનોખી ઉજવણી

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ષ ૨૦૧૪ થી દેશના વડાપ્રધાન તરીકે કાર્યરત છે ત્યારથી તેઓએ મહિલા સશકિતકરણ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવેલ છે. ૮ મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે પ્રદેશ ભાજપ મહિલા મોરચા પ્રમુખ અંજુબેન વેકરીયા અને શહેર પ્રમુખ ડો. માધવભાઈ દવેના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી કિરણબેન હરસોડા, માધવીબેન જોગીયાની આગેવાનીમાં આવતીકાલે ૮ માર્ચ રવિવારે રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે સાંજે ૪ થી ૬ દરમ્યાન શહેરમાં વસતા વિવિધ ક્ષેત્રમાં રાષ્ટ્રીય, રાજય કે શહેર સ્તરે વિશિષ્ટ કામગીરી કરેલ હોઈ તેવી મહિલાઓને સન્માનિત કરવામાં આવશે. આ તકે રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી કિરણબેન હરસોડા, માધવીબેન જોગીયાએ આ કાર્યક્રમમાં તમામ શ્રેણીના મહિલા કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ છે.

# વીવીપી એન્જિનિયરિંગ કોલેજમાં આધુનિક, આદર્શ શહેરીકરણ વિષયે બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારમાં તજજ્ઞો દ્વારા કરાશે મનોમંથન

## આધુનિક વિકાસમાં સામાજિક આર્થિક પર્યાવરણ વૈજ્ઞાનિક ઈજનેરી અને ટેકનોલોજીનો સમન્વય કેવી રીતે સાધી શકાય?ની થશે ચર્ચા

**અબતક, રાજકોટ**

ભારતની શ્રેષ્ઠતમ એન્જિનિયરિંગ કોલેજ ગણાતી રાજકોટની વી. વી. પી. એન્જીનિયરિંગ કોલેજમાં કેમિકલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બે દિવસથી નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુંછે,વીવીપી કોલેજમાં અભ્યાસલક્ષી પ્રવૃત્તિઓ સાથે રમતગમત સાંસ્કૃતિક લક્ષી અને સમાજલક્ષી પ્રવૃત્તિઓ સરસ રીતે કરવામાં આવે છે. કોલેજના કેમિકલ એન્જિનિયરિંગ વિભાગમાં ૧૦અને ૧૧માર્ચ દરમિયાન ઈનોવેટિંગ ફોર એ સસ્ટેનેબલ લેક્ચર્સ એનર્જી વોટર એન્ડ કલાઈમેટ વિષય પર બે દિવસથી રાષ્ટ્રીય સેમીનારમાં ગુજકોસ્ટ તરફથી ૪૦,૦૦૦ ની ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ભારત સરકાર પણ આદર્શ વિકાસ જેવા વિષયો પર લાંબા ગાળાના હેતુઓ તેમજ તેને પરિપૂર્ણ કરવા માટેના કાર્યક્રમોને પ્રોત્સાહન આપી રહી છે હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ પર્યાવરણ પાણી ઉર્જા વાતાવરણ ને પ્રદૂષણ મુક્ત રાખવા જરૂરી હોય વીવીપી એન્જિનિયરિંગ કોલેજ હંમેશા સમાજ પ્રત્યેનું પોતાનું યોગદાન ઉત્તરદાયિત્વ નિભાવવા તત્પર રહે છે.

આ રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં સામાજિક આર્થિક પર્યાવરણ વૈજ્ઞાનિક ઈજનરી અને ટેકનોલોજીકલ ક્ષેત્રોના એકબીજા સાથે કેવી રીતે જોડાયેલા છે? તેના ફાયદાની ચર્ચા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઈમેજિંગ ટેકનોલોજી અને શહેરોના સર્વાંગી વિકાસમાં તેની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, તેમાં વધુમાં વધુ ગ્રીન એનર્જીનું ઉત્પાદન પાણી સંરક્ષણ હવામાન પરિવર્તન નિયંત્રણ તેવા વિષયોનો સમાવેશ કરવામાં આવશે આ પરિષદમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન ગ્રીન પ્રોસેસ રીન્યુએબલ એનર્જી જેવી અદ્યતન ટેકનોલોજી આધારિત વિકાસ કેવી રીતે કરવામાં આવે અને જરૂરી બદલાવ અંગેની ચર્ચા થશે આ સેમિનારમાં કોલેજના વિદ્યાર્થીઓ ઉદ્યોગપતિઓ સંશોધકો ભાગ લેશે.

આ કોન્ફરન્સને સફળ બનાવવા આચાર્ય ડો પિયુષભાઈ વણઝારા, કેમિકલ વિભાગના વડા ડો વ્યોમેશ પરસાણા, ડો, દર્શના ભટ્ટી, ડો સુશીલ કોરગાઉકર, નિલેશભાઈ પંડ્યા અને કર્મચારીઓ તેમજ ઉઠાવી રહ્યા છે આ કોન્ફરન્સ ની સફળતા માટે સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ ડો સંજીવભાઈ ઓઝા હર્ષલભાઈ મણિયાર ડો નરેન્દ્રભાઈ દવે ડો નવીનભાઈ શેઠ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# વુમન્સ ડે નિમિતે ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિર દ્વારા સમાજની પ્રતિષ્ઠિત મહિલાઓનો સત્કાર સમારોહ

**અબતક, રાજકોટ**

રાજકોટના હૃદ્યસમા કિસાનપરા ચોકમાં આવેલ ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિર પર તા.૮ને રવિવારના રોજ વિશ્વ મહિલા દિવસ નિમિતે માં દેવ અમૃતા (ભાવનાબેન એચ. ચંદારાણા)એ સાંજના ૪ થી રાત્રિના ૮.૩૦ દરમ્યાન ઓશો પ્રેમી, સન્યાસી મહિલાઓ તથા સમાજમાં વિશેષ દરજ્જો ધરાવતી મહિલાઓનો સત્કાર સમારોહ કાર્યક્રમનું આયોજન કરેલ છે. કાર્યક્રમ દરમ્યાન માં દેવ અમૃતા દ્વારા ઓશોના પુસ્તક ગુજરાતીમાં અનુવાદ કરેલ ધ્યાન શું છે? દરેક મહિલાઓને ઓશોને પ્રેઝન્ટ આપવામાં આવશે. સાથેસાથે સ્વામી સત્ય પ્રકાશ દ્વારા દરેક મહિલાઓને ઓશોની વિશેષ પ્રેઝન્ટ આપવામાં આવશે. કાર્યક્રમ દરમ્યાન દરેક મહિલાને પાંચ-પાંચ મિનિટ પોતાના વિચારો રજૂ કરવા માટે ફાળવવા આવશે. ઓશોના કોઈપણ પુસ્તક વાંચો અથવા પ્રવચન સાંભળો અંતે તો ધ્યાન જ આવશે. માં દેવ અમૃતા દ્વારા ઓશોના પુસ્તક ધ્યાન ક્યા હૈ?નું ગુજરાતીમાં અનુવાદ કરીને ઓશોના ધ્યાનની જ્યોતને પ્રજ્જ્વીત રાખેલ છે. ઓશો પરિવાર તેઓને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

સ્વાગત સમારોહ બાદ ઓશો કિર્તન, સંધ્યા સત્સંગ બાદ રાત્રે ૮.૩૦ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરેલ છે. મહાપ્રસાદ બાદ રાધિકા મ્યુઝીકલ ગ્રુપના ઓર્ગેનાઈજર રક્ષા જોષી, એચ.કે.લીયા, દિપા ચાવડાનો ફિર તુમ્હારી યાદ આવી થીમ પર જુના, નવા પિક્ચરોના ગીત, ગઝલનો વિશેષ કાર્યક્રમ.

ઉપરોક્ત કાર્યક્રમમાં સહભાગી થવા ઓશો સન્યાસીપ્રેમીઓને ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિરના ટ્રસ્ટીગણે હાર્દિક અનુરોધ કરેલ છે.

સ્થળ : ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિર, કિસાનપરા ચોક, રેસકોર્ષ સામે એ.જી.ઓફિસ પાછળ, રાજુભાઈ ફૂલવાળાની બાજુમાં રાજકોટ

વિશેષ માહિતી માટે તથા એસએમએસ દ્વારા નામ નોંધણી કરાવવા માટે સ્વામી સત્ય પ્રકાશ : ૯૪૨૭૨ ૫૪૨૭૬, સંજીવ રાઠોડ - ૯૮૨૪૮ ૮૬૦૭૦ છે.

# સરગમી ઈવનીંગ પોસ્ટના બુઝુર્ગો માટે સાત-સાત સંગીત સંધ્યાનો જલ્સો

## સરગમી આયોજનનો લ્હાવો લેવા ઈવનિંગ પોસ્ટ પરિવારને ગુણવંતભાઈની અપીલ

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી સેવા ભાવી સંસ્થા સરગમ કલબની ઈવનીંગ પોસ્ટના સીનીયર સીટીજનો માટે માર્ચ મહીનામાં સાત-સાત સંગીત સંધ્યાઓના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ઈવનીંગ પોસ્ટમાં તા. ૯-૩ ને સોમવારે ૫.૩૦ કલાકે હારમી મ્યુઝીકલ ગ્રુપ, ૧૦-૩ ને મંગળવારે ૫.૩૦ કલાકે રાધે મ્યુઝિકલ ગ્રુપ, ૧૧-૩ બુધવારે ૫.૩૦ કલાકે નાદ મ્યુઝિકલ ગ્રુપ, ૧૨-૩ ગુરુવારે ૫.૩૦ કલાકે સીપરેજની મ્યુઝિકલ ગ્રુપ, ૧૩-૩ ને શુક્રવારે ૫.૩૦ કલાકે દુરસંચાર મ્યુઝિકલ ગ્રુપ, ૧૪-૩ ને શનિવારે ૫.૩૦ કલાકે રિધમ કરાઓકે ગ્રુપ, ૧૫-૩ ને રવિવારે ૫.૩૦ કલાકે યારના મ્યુઝિકલ ગ્રુપના સંગીત સંધ્યા તમામ સરગમ કલબના ઈવનીંગ પોસ્ટના સભ્યોએ આઈ કાર્ડ ઉપર પ્રવેશ મળશે. સગરમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા ઈવનીંગ પોસ્ટના મનસુખભાઈ મકવાણા, જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, દીપકભાઈ પરમાર, પ્રફુલભા સોનેની, ધનંજયભાઈ ઉપાધ્યાય, જગદીશભાઈ આશયાણી, સંજયભાઈ ઝાલા, સુનિલભાઈ જાની દિનેશભાઈ ધમલ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ.૬૦ અને કોમર્શિયલમાં રૂ.૧૧૫નો વધારો

## એપ્રિલ ૨૦૨૫ પછી ઘરેલું સિલિન્ડરના ભાવમાં પ્રથમ વખત વધારો

**અબતક, રાજકોટ**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર હવે ભારતીય ગૃહિણીઓના રસોડા સુધી પહોંચી ગઈ છે. દેશની સૌથી મોટી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનએ રાંધણ ગેસના ભાવમાં મોટો વધારો ઝીંક્યો છે, જેનાથી સામાન્ય જનતા પર મોંઘવારીનો માર પડ્યો છે.

મિડલ ઈસ્ટ સંકટ વચ્ચે ઓઈલ કંપનીઓએ ૧૪.૨ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરમાં ૬૦ રૂપિયાનો વધારો કર્યો છે. આ સાથે જ હોટલ અને રેસ્ટોરન્ટમાં વપરાતા ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં પણ ૧૧૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવ આજથી જ અમલી બની ગયા છે. ઉલ્લેખનીય છે કે એપ્રિલ ૨૦૨૫ પછી ઘરેલું સિલિન્ડરના ભાવમાં આ પ્રથમ વધારો છે.કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, દેશમાં ઉર્જા અને ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ગ્રાહકોએ



પુરવઠામાં અવરોધ અંગે ચિંતા કરવાની જરૂર નથી. તેમણે કહ્યું કે સરકાર સસ્તું અને ટકાવ ઈંધણ પૂરું પાડવા માટે કટિબદ્ધ છે. ઈન્ડિયન ઓઈલ દ્વારા પણ દેશમાં પેટ્રોલ-ડીઝલની અછત હોવાના અહેવાલોને અફવા ગણાવી ફગાવી દેવામાં આવ્યા છે.હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા યુદ્ધને કારણે સપ્લાય ખોરવાવાની આશંકા હોવા છતાં ભારત અત્યારે 'કમ્ફર્ટેબલ' સ્થિતિમાં છે. ભારત પાસે વિવિધ સ્ત્રોતોમાંથી એટલો એનર્જી સપ્લાય ઉપલબ્ધ છે કે જે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પ્રભાવિત થનારા જથ્થા કરતાં ઘણો વધારે છે. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલ અને ગેસના વધતા ભાવોની અસર કિંમતો પર જોવા મળી રહી છે.

# વાગ્દત્તાની જાણ બહાર ભ્રુણ હત્યામાં પિતાના આગોતરા જામીન રદ

## ગર્ભ રહી જવામા લગ્ન પછી કરેલી ફરિયાદમાં સાસુ, સસરા, નણંદના આગોતરા જામીન મંજૂર

**અબતક,રાજકોટ**

રાજકોટમાં જસાણી પાર્કમાં રહેતા પતિ, સાસરીયા સામે લગ્ન પૂર્વે વાક્દતાની જાણ બહાર અને સંમતી વગર ગર્ભપાત કરાવી નાખવાની ફરિયાદ મામલે અદાલતે આરોપી પતિની આગોતરા જામીન અરજી રદ કરી છે જ્યારે અન્ય ત્રણ સાસરિયાની આગોતરા અરજી મંજૂર કરી છે.આ અંગે હાલ આદીપુર (કચ્છ) મુકામે રહેતી પરિણીતા નામે માનસી મજેઠીયાએ રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ મથકમાં એવી ફરીયાદ લખાવેલ કે તેની સગાઈ ધારવ મજેઠીયા સાથે થતા તે સગાઈ પછી ગીર સોમનાથ પોતાના ભાવિ પતિ સાથે ફરવા ગયેલ અને ત્યાં બંને વચ્ચે મરજીથી શરીર સંબંધ બંધાતા તેને ગર્ભ રહેલ હતો. આ પછી તે આદીપુર પોતાના ઘરે પરત ફરેલ અને પછી તેને ગર્ભ રહ્યાની જાણ થતા તેણે પોતાના ભાવિ પતિ ધારવને આ વાત કરતા તેને રાજકોટ બોલાવેલ અને પછી ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવેલ પછી પતીએ તેને ગોળી આપતા તેનો ગર્ભ પડી ગયેલ હતો. જોકે ફરિયાદી માનસી બાળકને જનમ આપવા માંગતી હતી. આ પછી ધારવ - માનસીના લગ્ન પછી આશરે ૬ માસ બાદ જ પરિણીતા માનસીએ પતિ ધારવ મજેઠીયા, સસરા શશીકાંતભાઈ મજેઠીયા સામે સંમતી વગર ગર્ભ પડાવી નાખવો અને કરીયાવર માટે ત્રાસ આપવા અંગેની ફરીયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે ગર્ભપાત કરવો તે આજીવન કારાવાસ એટલે કે જો સજા થાય તો જીવનનો અંતીમ શ્વાસ સુધીની જેલસજાના ગંભીર આક્ષેપવાળી ફરીયાદ થતા પોલીસે સાસરીયાને પકડવાના ચક્રો ગતિમાન કરતા તમામ સાસરીયાઓએ ધરપકડથી બચવા પોતાના વકીલ અંતાણી મારફતે રાજકોટની સેશન્સ અદાલતમાં આગોતરા જામીનની અરજી દાખલ કરી હતી. આ પછી આ આગોતરા જામીન અરજીઓ દાલીલ પર આવતા સાસરીયાના વકીલ અંતાણીએ દલીલ કરેલ કે ફરિયાદ ૬ માસ મોડી છે, ગર્ભ પાડવાની ગોળી ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વગર મળી શકતી નથી, ફરીયાદીએ પહેલા આદીપુર પોલીસ મથકમાં આ બાબતે અરજી આપેલ, પણ પોલીસે તપાસ કરી કોઈ પગલા લીધા નથી. આમ એક શહેરની પોલીસ આ બાબતે તપાસ કરી ચુકી હોઈ સાસરીયા નિર્દોષ હોઈ આગોતરા જામીન પર છોડવા દલીલ કરી હતી. જે ધ્યાને લઈ અદાલતે સસરા શશીકાંત મજેઠીયા અને સાસુ નયનાબહેન મજેઠીયા, નણંદ માનસી મજેઠીયાની આગોતરા જામીન અરજી મંજૂર કરી હતી, જોકે પતિ ધારવ મજેઠીયાની આગોતરા અરજી અદાલતે રદ કરી છે. આ કેસમાં સાસરીયાઓ વતી રાજકોટ એડવોકેટ સંદીપ કે. અંતાણી, સમીમબેન એમ. કુરેશી તથા શીવાનીબેન દવે રોકાયા હતા.

# શેઠનગરમાં નંદનવન પાસે મોટરસાયકલને અજાણ્યા વાહને અડફેટે લેતા આધેડનું મોત

## બેંક જતી વેળાએ સર્જાયો અકસ્માત, માથામાં ગંભીર ઈજાઓ થતા સારવારમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર શેઠનગર પાસે ગત ૭ ફેબ્રુઆરીએ સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૬૦ વર્ષીય પ્રૌઢનું આજે સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

શહેરની લાભદીપ સોસાયટી શેરી નંબર-૩માં રહેતા જયેશભાઈ પરમાનંદભાઈ રાજ્યગુરુ (ઉં.વ. ૬૦) ગત તારીખ ૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ વાગ્યાની આસપાસ પોતાનું મોટરસાયકલ લઈને માધાપર ચોકડી પાસે આવેલી કિસાન સ્ટીલ પાછળ પોતાની 'બાલાજી સેલ્સ એજન્સી'એથી બેંક ઓફ બરોડા (BOB) જઈ રહ્યા હતા, ત્યારે શેઠનગર નંદનવન પાસે કોઈ અજાણ્યા મોટરસાયકલ સવારે તેમને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં જયેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન આજે મોત નિપજ્યું છે.પ્રાથનિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક જયેશભાઈ દીવ-બત્તીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. જયેશભાઈને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. બનાવને લઈ પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# રેસકોર્સ નજીક ઓનલાઈન આઈડી મારફતે ક્રિકેટ સટ્ટો રમતો મવડીનો દીપ ભૂત ઝડપાયો

## ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી વેપારી વિરુદ્ધ ગુનો નોંધ્યો : બુકીનું નામ ખોલાવવા તજવીજ

**અબતક, રાજકોટ**

રેસકોર્સ પાસે આકાશવાણી કેન્દ્ર નજીકથી ક્રાઈમ બ્રાન્ચે મોબાઈલ આઈડી મારફત ક્રિકેટ સટ્ટો રમી રહેલા મવડીના વેપારીને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી મોબાઈલ ફોન કબજે કરી બુકીનું નામ ખોલાવવા કાર્યવાહી હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ એ.એન.પરમારની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઈ ડવ, કોન્સ્ટેબલ ગોપાલભાઈ પાટીલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન એવી બાતમી મળી હતી કે, આકાશવાણી કેન્દ્ર વાળી શેરી તક્ષશિલા એપાર્ટમેન્ટ પાસે જાહેરમાં રોડ પર એક શખસ મોબાઈલમાં આઈડી મારફત જુગાર રમી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસની ટીમે અહીં પહોંચતા એક શખસ મોબાઈલમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરતો હોય જેથી પોલીસે આ શખસની પૂછતા જ કરતા તેણે પોતાનું નામ દીપ અમૃતભાઈ ભૂત (ઉ.વ. ૩૦ રહે. ઈસ્કોન એમ્બીટો વીંગ જી ફ્લેટ નંબર ૧૧૦૨ મવડી ચોકડી, કાલાવડ રોડ, શ્યામલ ઉપવનની બાજુમા, રાજકોટ) હોવાનું જણાવ્યું હતું.

આ શખસના મોબાઈલની પોલીસે તપાસ કરતા તેમાં ઓલપેનલ એકસચેન્જ ડોટ કોમ નામની આઈડી જોવા મળી હતી જે આઈડી માં યુઝરનેમ દીપ ૨૦૨૬ છે. જેમાં તે હાલમાં ચાલતી ઈન્ડિયા અને ઓસ્ટ્રેલિયા વુમન ક્રિકેટ મેચ પર જુગાર રમતો હોવાનું માલુમ પડ્યું હતું. આ શખસ તેલનો વેપારી હોવાનુ જાણવા મળ્યું છ. પોલીસે આ શખસ પાસેથી રૂપિયા ૨૦,૦૦૦ ની કિંમતનો એપલનો ફોન કબજે કરી તેની સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી બુકીનું નામ ખોલાવવા વધુ તપાસ હાથ ધરી છે.

# રૈયાધારની પરિણીતાના ચારિત્ર્ય પર શંકા કરી પતિએ ગળું દબાવી માર માર્યો

## બચાવ કરવાને બદલે સાસરિયાઓએ બાળકો સહિત કાઢી મૂકી : પતિ, જેઠ અને સાસુ વિરુદ્ધ ફરિયાદ

**અબતક, રાજકોટ**

રૈયાધારની પરિણીતા પર પતિએ ચારિત્ર્ય અંગે શંકા કરી માર માર્યો હતો. સાસુ-જેઠ ચડામણી કરતા પતિ પરિણીતા સાથે ઝઘડો કરી ઢોર માર મારતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જશોદા ચોક ઠાકર મંદિરની બાજુમાં માવતરના ઘરે રહેતી પૂજાબેન ગોવિંદભાઈ મીર(ઉંમર ૨૫)નામની પરિણીતાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ ગોવિંદભાઈ મીર, જેઠ રમેશભાઈ અને સાસુ જસુબેન(રહે દર્શન સ્કૂલ સામે બંસીધર પાર્ક ૧, રૈયાધાર, સ્લમ કવાટર, શેરી નંબર ૩)નું નામ આપ્યું છે. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના લગ્ન સાત વર્ષ પહેલા ગોવિંદભાઈ સાથે થયા હતા. સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે, આ એક કુટુંબમાં રહે છે. પતિ પાર્સલ આપવાનું કામ કરે છે. ગત તા.૨૦/૦૨ ના રોજ સવારના સાડા આઠ વાગ્યા આસપાસ પતિએ પરિણીતાના ચારિત્ર્ય પર શંકા કરી ગળું દબાવી માર્યો હતો.પરિણીતા બચાવ કરવા શેરીમાં દોડી જતા શેરી વચ્ચે પણ પતિએ ઢોર માર્યો હતો.આ બાબતે પરિણીતાએ તેના ભાઈને ફોન કરી જણાવતા ભાઈ ઘરે આવ્યો ત્યાં સુધીમાં પતિ નાશી ગયો હતો.

પતિ જ્યારે કામ પર જાય ત્યારે પરિણીતાને ઘરના બંધ કરીને જતો હતો.સાસુ, જેઠ પતિને ચડાવતા તે પરિણીતા સાથે ઝઘડો કરી માર મારતો હતો.સાસુ કામ બાબતે મ્હેણાં ટોણા મારી ઘરમાંથી અનાજ ચોરી થયાનો આરોપ લગાવતા હતા.નાની બાબતે પતિ માર મારતો ત્યારે બચાવ કરવાને બદલે ઘરના સભ્યો સાથ આપી પરિણીતાને બાળકો સહિત ઘરમાંથી કાઢી મૂકી હતી.

પરિણીતાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, પતિ જ્યારે કેટરર્સમાં કામ કરતો હતો ત્યારે તેની સાથે કામ કરતી મહિલાઓ સાથે અફેર કરતો હતો. ઘરે ન્હાવા જાય ત્યારે ફોન છુપાવીને જતો હતો.પરિણીતાને શંકા જતા પતિનો ફોન ચેક કરતા પતિની પોલ ખુલ્લી જતા લાજવાના બદલે ગાજી પરિણીતાને માર મારવા લાગ્યો હતો.સાસરિયાએ ઘરમાંથી કાઢી મૂકતા બાળકોને લઈને પરિણીતા છેલ્લા ૧૫ દિવસથી માવતરના ઘરે રહે છે અને ભરણપોષણ માટે અરજી પણ કરી છે.સતત ૭ વર્ષથી આ ત્રાસ સહન કરતી પરિણીતાને સહનશકિતનો અંત આવતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ઢોલરામાં પત્ની સાથે ઝઘડો કરતા યુવાનને મોટાભાઈ-ભાભીએ લાકડીએ ફટકાર્યો

## ઘરે જવા બાબતે પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થઈ હતી,ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે સિવિલ ખસેડાયો

**અબતક, રાજકોટ**

શહેરના વાવડી વિસ્તારમાં રહેતા યુવાન પર તેના જ મોટાભાઈ અને ભાભીએ લાકડી વડે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. માથે શરીરે ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલ રોડ પર આવેલા ઢોલરા ગામે રહેતા રહેતા રોહિતભાઈ રૂપસિંગભાઈ પરમાર (ઉં.વ. ૨૩) આજે વાવડી વિસ્તારમાં પુનિત નગર, ગોપાલ હોટલ પાસે સાંજના સમયે તેમના મોટાભાઈ રસિકભાઈના ઘરે આંટો મારવા ગયા હતા. આ દરમિયાન રોહિતભાઈ અને તેમની પત્ની શારદાબેન વચ્ચે ઘરે જવા બાબતે કોઈ કારણોસર બોલાચાલી અને ઝઘડો થયો હતો. પતિ-પત્ની વચ્ચેનો ઝઘડો ઉગ્ર બનતા રોહિતભાઈના મોટાભાઈ રમેશભાઈ અને તેમના પત્ની રંજુબેન વચ્ચે પડ્યા હતા. ''તું તારી પત્ની સાથે ઝઘડો કેમ કરે છે?'' તેમ કહી રમેશભાઈ અને રંજુબેને ઉશ્કેરાઈ જઈ રોહિતભાઈ પર લાકડી વડે માર માર્યો હતો. આ હુમલામાં રોહિતભાઈને માથાના તેમજ શરીરના અન્ય ભાગે ઈજાઓ પહોંચી હતી.

ઈજાગ્રસ્ત રોહિતભાઈને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ બનાવ અંગે હોસ્પિટલ ચોકી દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઉપલા કાંઠા વિસ્તારના દારૂના ચાર કેસમાં બુટલેગર ચંદુ ટોપીયાનો છુટકારો

**અબતક,રાજકોટ**

રાજકોટના ઉપલા કાંઠાના ચંદુ ઉર્ફે સંજય ટોપિયાને પ્રોહિબિશનના અલગ અલગ ૪ ગુનામાં નિર્દોષ છોડી મુકવાનો ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે હુકમ કર્યો હતો.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટમાં ઉપલા કાંઠે રણછોડનગર પેડક રોડ ખાતે રહેતા પટેલ ચંદુભાઈ ઉર્ફે સંજય ટોપિયાને બી-ડીવઝન પોલીસે તા. ૨૧/ ૧૨/ ૨૪ના રોજ પ્રોહિબિશનના ગુના હેઠળ કારમાં બ્લુ અલ્ટ્રા પ્રિમિયમ વ્હિસ્કી, સ્કોચ વ્હિસ્કીના જથ્થા સાથે ધરપકડ કરી મુદ્દામાલની રકમ રૂા.૪,૩૭,૫૪૮/- હતી. તે ઉપરાંત રાજકોટ શહેર ડીસીબી પોલીસે વ્હિસ્કી, અમેરીકન ગોલ્ડ વ્હિસ્કીના ૮૪ નંગ સાથે તથા ક્રાઈમ બ્રાંચે તા. ૧૭/ ૧૦/ ૨૪ના રોજ કુલ રકમ રૂા.૬, ૮૦૦/-ના પ્રોહિબિશન મુદ્દામાલ સાથે આરોપીની પ્રોહિબિશન ગુનાની ગુનામાં ધરપકડ કરી હતી. જે આ ઉપરાંત બી-ડીવીઝન પોલીસ સ્ટેશને તા. ૧૧/ ૦૬/ ૨૫ના રોજ ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડના ૨૪૦ નંગ તથા જી.જે.૦૩ એન.બી.૫૯૯૩ હોન્ડા અમેઝ કાર સાથે કુલ ૫,૬૭,૪૦૦/- ના મુદ્દા માલ સાથે ધરપકડ કરેલ હતી, ચારેય ગુનામાં પોલીસ દ્વારા આરોપીની અટકાયત કરીને કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કર્યા હતા. બાદ કોર્ટમાં આ ફોજદારી કસો ચાલવા ઉપર આવતા આરોપીના એડવોકેટ સંજય એચ. પંડયા દ્વારા સાક્ષી પુરાવા, ફરિયાદ પક્ષની ઉલટ તપાસ બાદ દલીલો અને ઉચ્ચ કોર્ટના જજમેન્ટ રજૂ કર્યા હતા. ધ્યાને લઈ અદાલતે આરોપી ચંદુ ટોપિયાને ચારેય કેસમાં છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસોમાં આરોપી વતી ૨ એડવોકેટ સંજય એચ.પંડયા તથા મનિષ એચ.પંડયા, જયદેવસિંહ ચૌહાણ, વનરાજસિંહ જાડેજા તથા દક્ષાબા જાડેજા રોકાયા હતા.

# નવાગામ કુવાડવા પાસે વૃદ્ધનો એસિડ પી આપઘાતનો પ્રયાસ

## પેરાલિસિસની બીમારીથી કંટાળી આ પગલું ભર્યું, સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો

**અબતક,રાજકોટ**

શહેરના નવાગામ કુવાડવા રોડ વિસ્તારમાં લાંબા સમયની બીમારીથી કંટાળીને ૭૦ વર્ષીય વૃદ્ધે એસિડ પી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. વૃદ્ધને ગંભીર હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, નવાગામ કુવાડવા પાસે રહેતા બહાદુરસિંગ માનસિંગ રાઠોડ (ઉં.વ. ૭૦) છેલ્લા ઘણા સમયથી પેરાલિસિસ (લકવો)ની બીમારીથી પીડાતા હતા. બીમારીના કારણે તેઓ માનસિક રીતે કંટાળી ગયા હોવાનું સામે આવ્યું છે. ગઈકાલે બપોરે આશરે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ ઘરે હતા, ત્યારે તેમણે એસિડ ગટગટાવી લીધું હતું. પરિવારને જાણ થતા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બહાદુરભાઈ હાલ નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. તેઓને સંતાનમાં ચાર દીકરી અને બે દીકરા છે. અને પોતે ચાર ભાઈઓમાં સૌથી નાના છે. ઘટનાની જાણ થતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.જયેશભાઈ પરમાનદ રાજ્યગુરુ ઉંમર ૬૦ રહે લાભદીપ સોસાયટી શેરી નંબર ત્રણ વાળા આજરોજ મોસા ચલાવીને જતા હતા ત્યારે ૧૧ વાગ્યાની આસપાસ શેઠ નગર નંદનવન જામનગર રોડ પાસે અજાણ્યા મોટરસાયકલને લેતા અકસ્માત થતા માથેસરી રહી જાત હતા આજરોજ સારવાર દરમિયાન મોતની પછી છે.

# ઈન્દિરાનગરમાં પાનની દુકાને હુમલો કરવામાં આરોપીને ૩ વર્ષની કેદ

## ૧૦ હજાર દંડ, અન્ય બે આરોપીનો છુટકારો

**અબતક,રાજકોટ**

રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર આવેલા ઈન્દિરાનગર વિસ્તારના પાનના ગલ્લે જાહેરમાં ગાળો બોલવાની ના પાડવા બાબતે બોલાચાલીમાં નરેશ ચેતનભાઈ ખીંચી ઉપર કમર પટ્ટાથી હુમલો કરી ગાળો આપી જાનથી મારી નાખવા ધમકીના ચાર વર્ષ પહેલાંના કેસમાં ત્રણ આરોપી પૈકીના દીપેશ ઉર્ફે દીપેન ભગત બકુલભાઈ ચાવડીયાને ટ્રાયલ કોર્ટે ત્રણ વર્ષની જેલ સજા અને રૂપિયા ૧૦,૦૦૦ દંડ ફટકાર્યો છે. અન્ય બે આરોપીને મુકવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, ગઈ તારીખ ૫/ ૪/ ૨૦૨૨ના રોજ ઈન્દિરાનગર મેઈન રોડ ઉપર શ્રીજી ડેરી પાસે રહેતા ફરિયાદી નરેશ ચેતનભાઈ ખીંચી શક્તિ ચોકમાં શક્તિ પાન દુકાને તમાકુ લેવા ગયેલ ત્યારે આરોપી દીપેન ચાવડીયા, ગૌરવ ઉર્ફે નોટી ચંદુભાઈ રામજીભાઈ ટાંક અને મિલન નરભેરામ ગોંડલીયા જાહેરમાં ગાળો બોલતા હોય ફરિયાદીએ તેમને ગાળો બોલવાની ના કહી હતી, તેથી ઉશ્કેરાયેલા ત્રણેય આરોપીઓએ ફરિયાદી નરેશ ખીંચી ઉપર કમર પટ્ટાથી હુમલો તેમજ ઢીકા પાટુનો માર મારી ગાળા ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે ફરિયાદીએ ભકિતનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ત્રણે આરોપીઓની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી અને તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. આ કેસ ચાલી જતા એમ એમ શુકલે આરોપી દીપેશ ઉર્ફે દીપેન ચાવડીયાને આઈપીસી કલમ ૩૨૪ હેઠળ ત્રણ વર્ષની સજા અને રૂપિયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. જ્યારે અન્ય બે આરોપીને છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.આ કેસમાં સરકાર વતી મદદનીશ સરકારી વકીલ અમર એમ. પરમારે રજૂઆતો અને દલીલો કરી હતી.

# ટ્રેનમાં મુસાફરોના ગુમ થયેલા ૭૪ હજારના મોબાઈલ ફોન શોધી લેતી રેલવે પોલિસ

## તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ ચાર અરજદારોને મોબાઈલ પરત અપાયા

**અબતક,રાજકોટ**

ટ્રેનમાં મુસાફરોના ગુમ થયેલ રૂ. ૭૪ હજારના ચાર મોબાઈલ ફોન શોધી કાઢી રેલ્વે પોલીસની ટીમે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અરજદારોને પરત કર્યા હતાં.



ગુજરાત સરકારના કોમ્યુનીટી આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત ''તેરા તુજકો અર્પણ'' ઝુંબેશ હેઠળ રેલ્વે ડીઆઈજી પરિક્ષિતા રાઠોડ તથા અમદાવાદ પશ્ચિમ રેલ્વે એસપી યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ ડીવાયએસપી એચ.એમ.રાણાની રાહબરીમાં હેઠળ છેલ્લા એક મહીના દરમ્યાન રાજકોટ રેલવે પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં અને ટ્રેનોમાં મુસાફરી દરમ્યાન મુસાફરોના ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફોન બાબતે કરવામાં આવેલ અરજીઓ-ફરીયાદ બાબતે રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનના ટેકનીકલ સેલ દ્વારા ગુમ થયેલ મોબાઈલ ફોનને ''સીઈઆઈઆર'' પોર્ટલમાં ટ્રેસ થયેલ મોબાઈલ ફોનને રીકવર કરી અરજદારોને મોબાઈલ ફોન પરત સોંપવા સારૂ ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એમ. રાણાની ઉપસ્થીતીમાં રેલવે પોલીસ સ્ટેશન ખાતે લ યોજવામાં આવેલ હતો.

જેમા મોબાઈલ ફોનને ''સીઈઆઈઆર'' પોર્ટલનો ઉપયોગ કરી સતત મોનીટરીંગ કરી છેલ્લા એક મહીનામાં આવા ગુમ થયેલ કુલ-૦૪ મોબાઈલ ફોન કુલ કિ.રૂ. ૭૪,૪૮૮ નો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ હતો.

જે અંગેની કામગીરીમાં રેલ્વે પીઆઈ એચ. એમ. રાણાની રાહબરીમાં એએસઆઈ પ્રવિણભાઈ, હેડ કોન્સ્ટેબલ મધુરાજસિંહ અને મહેન્દ્રભાઈ સહિતના સ્ટાફે સાથે જોડાયા હતાં.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા બેસણામાં રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બેસણામાં રકતદાન કેમ્પ રાખેલ અનંતભાઈ રાજાનો સ્વર્ગવાસ થતા તેમનું ચક્ષુદાન કરેલ આ જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ૮૨૦મું ચક્ષુદાન થયેલ છે. તથા તેમના બેસણામાં શ્રદ્ધાંજલી રુપે રકતદાન કેમ્પનુ આયોજન કરેલ જેમાં ૧૦ બોટલ રકતદાન થયેલ આ જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ૫૩મો રકતદાન કેમ્પ હતો તથા અંગદાન, ચક્ષુદાન, દેહદાનના વિશાળ પ્રમાણમાં સંકલ્પ પત્રો ભરાયેલ. આ કેમ્પને સફળ બનાવવા ચેરમેન ઉમેશ મહેતાની સાથે ખજાનચી કનુભાઈ પરમાર, બી.વી. શર્માભાઈ, ચોટલીયાભાઈ, રાજાણીભાઈ, વ્યાસભાઈ, દિલીપભાઈ વગેરે જહેમત ઉઠાવેલ, જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૮૨૧ ચક્ષુદાન, સ્કીન ડોનેશન ૬૫ દેહદાન થયેલ છે. વિશેષ માહીતી માટે ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક સાધવો અનુરોધ કરાયો છે.

# રાજ્યના મુખ્ય જળાશયોમાં ૭૨ ટકા જળ જથ્થો ઉપલબ્ધ

## ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં ૭૪ ટકાથી વધુ પાણીનો સંગ્રહ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસામાં સાવર્ત્રિક અને ભારે વરસાદના પરિણામે રાજ્યના મુખ્ય જળાશયો એટલે કે ડેમમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને જળ સંપત્તિ - પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલના નેતૃત્વમાં પાણી સંચય અંગેના સુચારૂ વ્યવસ્થાપન થકી રાજ્યમાં દિન-પ્રતિદિન પીવાના અને સિંચાઈ માટેના પાણીની ઉપલબ્ધતા વધી રહી છે.રાજ્યમાં ચાલુ વર્ષે ચોમાસામાં સરેરાશ ૧૨૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેના પરિણામ સ્વરૂપે ૫ માર્ચની સ્થિતિએ રાજ્યના મુખ્ય જળાશયોમાં સંગ્રહાયેલ કુલ પાણીનો જથ્થો ૬.૪૬ લાખ મિલિયન ક્યુબિક ફીટ એટલે કે, કુલ પાણીનો જથ્થો ૭૨ ટકાથી વધુ છે. આમ ગત વર્ષની સાપેક્ષમાં વિસ્તારવાર એકંદરે રાજ્યમાં ૪.૧૫ ટકા જેટલો વધારે જ્યારે સરદાર સરોવર જળાશયમાં પણ ગત વર્ષની સાપેક્ષમાં ૧.૬૩ ટકા વધારે પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. જેથી રાજ્યમાં આગામી ઉનાળામાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહેશે.વધુમાં ગુજરાત જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલની સ્થિતિએ ૭૪ ટકાથી વધુ એટલે કે ૨.૪૭ લાખ એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે.

# રાજકોટ - જેતપુર નેશનલ હાઈવે પર માર્કેટીંગ યાર્ડ પાસે અને કોઠારીયા ચોકડીએ બનશે ભવ્ય બ્રિજ



## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના કાર્યાલયે સાંસદ પરસોતમ રૂપાલાના અધ્યક્ષ સ્થાને યોજાઈ બેઠક

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાંથી થતાં નેશનલ હાઈવે પર વધતી જતી ટ્રાફીકની સમસ્યાના કાયમી ઉકેલ અને શહેરના સુવ્યવસ્થિત વિકાસ અર્થે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના કાર્યાલય ખાતે સાંસદ પરસોતમભાઈ રુપાલાના અધ્યક્ષ સ્થાને નેશનલ હાઈવે પ્રોજેકટ ટીમના અધિકારીઓ સાથે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત પરામર્શ કરવા મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ માકેટીંગ યાર્ડ અને કોઠારીયા ચોકડી પાસે આવેલા બ્રિજને પીલર બ્રીજમાં રૂપાંતરિત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ વિસ્તારની અનેક રહેણાંક સોસાયટીઓને ધ્યાને રાખી, પીલર બ્રીજ બનાવવાથી નીચેના ભાગ પૂરતી જગ્યા પ્રાપ્ત થશે. જે ટ્રાફીકના ભારણને હળવું કરવામાં અને સ્થાનીક વાહન ચાલકોની સુવિધામાં નોધ પાત્ર વધારો કરશે. તેમજ કોઠારીયા ચોકડી બ્રિજ, આજી નદી બ્રિજ અને ખોખળદળ નદીના બ્રિજને વર્તમાન જરુરીયાત મુજબ પહોળા કરવા અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો.


આ બેઠકમાં સાંસદ પરસોતમભાઈ રૂપાલાની સાથે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, વલ્લભભાઈ દુધાત, યોગેન્દ્રસિંહ તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અને શહેરના હિતમાં મહત્વના સુચનો રજુ કર્યા હતા.

# વિધાનસભા ફરી ખંડિતઃ ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારનું નિધન

## લોકપ્રીય ધારાસભ્યની અંતિમ યાત્રામાં બહોળી સંખ્યામાં લોકો જોડાયાઃ મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષે શ્રધ્ધાંજલી અર્પી

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભા ફરી એકવાર ખંડિત થઈ છે. આણંદ જિલ્લાની ઉમરેઠ વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારનું શુક્રવારે રાત્રે હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે. આજે સવારે નિકળેલી લોકપ્રીય જનસેવકની અંતિમ યાત્રામાં બહોળી સંખ્યામાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ જોડાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતના નેતાઓએ ઉંડા દુ:ખની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. ગોવિંદભાઈ પટેલ ઉમરેઠ પંથકમાં ખૂબ જ લોકપ્રીય નેતા તરીકેની



નામના ધરાવતા હતા. નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદે સત્તારૂઢ હતા ત્યારે તેઓ રાજ્ય સરકારના મંત્રી તરીકે જવાબદારી પણ નિભાવતા હતા. હાલ વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે. જેમાં તેઓએ અંતિમ દિવસ સુધી હાજરી આપી હતી. તાજેતરમાં તેઓની તબિયત લથડતા આણંદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર કારગત ન નિવડતા તેઓનું શુક્રવારે નિધન થયું હતું. વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોની સંખ્યા હવે ૧૬૨થી ઘટી ૧૬૧ થઈ છે. રાજ્યમાં આગામી બે મહિનામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની છે તેની સાથે જ ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી પણ યોજાઈ જાય તેવી શકયતા જણાય રહી છે. ગુજરાતની જનતાએ એક લડાયક લોકનેતા ગુમાવ્યા છે.

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા નારી તંદુરસ્તી માટે પ્રેરણાદાયી પહેલ



**અબતક, વિસનગર**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે નારીશક્તિ માટે પગલું જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓના આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો તથા સ્તન કેન્સર ચકાસણી માટે સહયોગ આપવાનો હતો.

આ વોકનું ધ્વજારોહણ પ્રફૂલકુમાર ઉડાની, રજિસ્ટ્રાર પરિમલ ત્રિવેદી તેમજ અમદાવાદ સ્થિત આશિર્વાદ ફાઉન્ડેશન તરફથી મોના પટેલ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના ૨૦૦૦થી વધુ સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સમગ્ર કેમ્પસમાં વોક કરીને ૬૦ લાખ થી વધુ માતબર પગલાં મહિલાઓના આરોગ્ય અંગે દાન કરી, જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપ્યો.

આ અભિયાન હેઠળ ભાગ લેનાર તમામ લોકોએ પોતાના પગલાંઓ આશિર્વાદ ફાઉન્ડેશનને સમર્પિત કર્યા, જેમાં દર ૫૦૦૦ પગલાં બદલ એક જરૂરિયાતમંદ મહિલાને મફત સ્તન કેન્સર ચકાસણી માટે સહાય મળશે. આ કાર્યક્રમ દ્વારા વહેલી તકે તપાસ કરાવવાની મહત્વતા અને સ્તન કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો.

# કણસાગરા મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓ ગીરગંગા ટ્રસ્ટ દ્વારા જળસંચય પ્રોજેકટમાં બનશે સહભાગી



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની તરસ છીપાવવા અને જળસંકટને કાયમી ધોરણે દૂર કરવાના મિશન સાથે કાર્યરત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર કણસાગરા મહિલા કોલેજ વચ્ચે એક મહત્વપૂર્ણ એમઓયુ કરવામાં આવ્યા છે. આ ભાગીદારી હેઠળ ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવતા જળ સંચયના વિવિધ પ્રોજેક્ટ્સમાં કણસાગરા મહિલા કોલેજ સક્રિયપણે જોડાશે.

આ એમઓયુ મુજબ કણસાગરા મહિલા કોલેજ અભ્યાસ કરતા ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ ગીરગંગા પરિવાર ટ્રસ્ટના જળ સંચય અભિયાનનો હિસ્સો બનશે. વિદ્યાર્થીઓ માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતા સીમિત ન રહેતા, ગ્રાઉન્ડ લેવલ પર જઈને ચેકડેમ ઉંડા કરવા, બોર રિચાર્જ અને જળ જાગૃતિના કાર્યોમાં પોતાનું યોગદાન આપશે. આ પગલાથી યુવા પેઢીમાં પર્યાવરણ પ્રત્યેની જવાબદારી વધશે અને જળસંરક્ષણનો સંદેશ ઘરે-ઘરે પહોંચશે.

ઉલ્લેખનીય છે કે, 'વોટરમેન ઓફ ઈન્ડિયા' તરીકે જાણીતા અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ શ્રી દિલીપભાઈ સખીયાના નેતૃત્વમાં ટ્રસ્ટે અત્યાર સુધીમાં અભૂતપૂર્વ સફળતા મેળવી છે અને ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૯,૧૫૬ થી વધુ ચેકડેમ અને જળ સંગ્રહના કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે.

જળ સંરક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી માટે ટ્રસ્ટને નેશનલ વોટર એવોર્ડ-૨૦૨૫ અને ગ્લોબલ સીએસઆર અને ઈએસજી એવોર્ડ જેવા પ્રતિષ્ઠિત સન્માન મળી ચૂક્યા છે. લોકભાગીદારી દ્વારા ગામડાઓના ચેકડેમ ઊંચા કરવા, ઉંડા કરવા, નવા બનાવવા, કુવા-બોર રિચાર્જ કરવા વગેરેના માધ્યમથી ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ખેડૂતોને સમૃદ્ધ બનાવવાનું કાર્ય નિરંતર ચાલુ છે

ટ્રસ્ટના કાર્યોના પરિણામે સૌરાષ્ટ્રના અનેક ગામોમાં ભૂગર્ભ જળના સ્તર ઉપર આવ્યા છે. ખેડૂતો હવે વર્ષમાં બેથી ત્રણ પાક લઈ શકે છે અને પશુપાલકો માટે ઘાસચારાની સમસ્યા હલ થઈ રહી છે. કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજ સાથેના આ જોડાણથી આ અભિયાન હવે વધુ વેગવંત બનશે અને 'જળ એ જ જીવન'ના મંત્રને સાર્થક કરવામાં મોટી સફળતા મળશે.

એમઓયુ માં હાજર રહેલ કેમ્પસ ડાયરેકટર ડો. આર.આર.કાલરીયા, ડો. સ્નેહલ કોટક, ડો. યશવંતભાઈ ગીરગંગા પરિવાર ટ્રસ્ટના એજ્યુકેશન કો ઓર્ડીનેટર ડો. યશવંતભાઈ ગોસ્વામી, ડો. આર. ડી. શેંજલીયા, વર્દાબેન સોરઠીયા, ડો. દેવદત વ્યાસ, ડો. ભવદીપ ત્રિવેદી વગેરે શિક્ષકો અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, હરીશભાઈ ભલાણી, વસંતભાઈ લીંબાસીયા, જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ, રમેશભાઈ ઠક્કર, વિરાભાઈ હુંબલ વગેરે લોકો હાજર રહ્યા.

# વોર્ડ નં.૧૪માં કોંગ્રેસની ટિકિટ માટે જીગ્નેશ વાગડીયાએ કરી દાવેદારી

## કોંગ્રેસના પ્રભારીઓએ કાર્યકરોની લીધી સેન્સ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર સર્કીટ હાઉસ ખાતે રાજકોટ શહેર કોંગ્રેસનાં પ્રભારી જેનીબેન ઠુંમર અને માનસિંગ ડોડીયા ઉપસ્થિતમાં તા.૬-૩ નાં રોજ વોર્ડ નંબર ૧૦ થી ૧૮ વોર્ડ નાં દાવેદારો ફોર્મ ભર્યા હતા. જીજ્ઞેશ વાગડીયા હાલ



રાજકોટ શહેર કોંગ્રેસ સોશિયલ મીડિયા ડીપાર્ટમેન્ટ પ્રમુખ છે. રાજકોટ શહેર ભક્તિનગર રેલવે સ્ટેશન તથા જંકશનનાં રેલવે પાર્કિંગ તથા લાઈટનાં પ્રશ્નો તથા રફાળેશ્વરમાં રેલવે પ્લેટફોર્મ બાબતે રાજકોટ રેલવેનાં પ્રશ્નોનું અધિકારીઓ પાસે રજુઆત કરીને પ્રશ્નોનું નિરાકરણ લાવી રહ્યા છે. તેમણે હવે વોર્ડ નં.૧૪માં કોંગ્રેસના કોર્પોરેટર બનવા મન બનાવ્યું હોય તેમ ટીકીટ માટે દાવેદારી નોંધાવી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ઈન્દ્રનીલ...

ખૂબ જ ઓછી દેખાતી હતી. દરમિયાન આજે તેઓએ હવે સક્રિય રાજનીતિમાંથી નિવૃત્તિ લઈ લેવાના સંકેત આપી દીધા છે. કોંગ્રેસની પોલિટિકલ અફેર્સ કમિટીમાંથી મુકત થવા માટે તેઓએ તો ઘણા દિવસ પહેલા જાણ કરી દીધી હતી. કામની વ્યસ્તતાના કારણે તેઓ પક્ષને સમય આપી શકતા ન હોવાના કારણે તેઓએ આ નિર્ણય લીધો હતો. દરમિયાન આજે તેઓએ રાજનીતિમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાના આડકતરા સંકેતો આપી દીધા છે. જોકે આ અંગે તેઓએ સત્તાવાર કોઈ જ પ્રકારની જાહેરાત કરી નથી પરંતુ હવે તેઓ સક્રિય રાજનીતિ માંથી નિવૃત્તિ લેવા માંગે છે તેવી જાણ કોંગ્રેસ હાઈ કમાન્ડને કરી દીધી હોવાનું ચર્ચા રહ્યું છે. અચાનક ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ જેવા લડાયક નેતાએ રાજનીતિને અલવિદા કરી દેતા આ કોંગ્રેસના સમર્થકો અને કાર્યકરોમાં ભારે આશ્ચર્ય ફેલાઈ ગયું છે.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવે માથે આવી રહી છે ત્યારે ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ જેવા કદાવર નેતાને રાજનીતિમાંથી નિવૃત્તિ લેતા રોકવા કોંગ્રેસ કોઈ મોટા નેતાને ખાસ જવાબદારી સોંપી કામે લગાડે તેવી પણ હાલ દેખાય રહી છે.

### સોનું...

શિપમેન્ટમાં વિલંબ થયો છે, જેનાથી ભારતમાં ટૂંકાગાળા માટે ફિઝિકલ બુલિયનની અછત ઊભી થઈ છે. જોકે, મેટલ્સ ફોકસના પ્રિન્સિપલ કન્સલ્ટન્ટ ચિરાગ શેઠનું કહેવું છે કે જાન્યુઆરીમાં મોટી માત્રામાં સોનાની આયાત થઈ હોવાથી ભારતમાં હાલ પૂરતો સ્ટોક છે અને ખરીદદારો રાહ જોઈ શકે તેવી સ્થિતિમાં છે.

સામાન્ય રીતે સોનાનું પરિવહન પેસેન્જર એરક્રાફ્ટના કાર્ગો હોલ્ડમાં કરવામાં આવે છે.

પરંતુ, હાલમાં યુએઈથી આવતી-જતી ફ્લાઈટ્સ પર મોટા પાયે પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. આ પરિસ્થિતિમાં ટ્રેડરો અને લોજિસ્ટિકસ કંપનીઓ સાઉદી અરેબિયા અને ઓમાન જેવા દેશોના એરપોર્ટ પર જમીન માર્ગે આટલા કિંમતી કાર્ગોને મોકલવાનું ટાળી રહ્યા છે. સરહદો પાર કરતી વખતે રહેલા જોખમો અને અન્ય જટિલતાઓને કારણે જમીન માર્ગે સોનાનું પરિવહન કરવું સુરક્ષિત માનવામાં આવતું નથી.

વૈશ્વિક બજારની વાત કરીએ તો, આ વર્ષે અત્યાર સુધીમાં હાજર સોનાના ભાવમાં લગભગ ૨૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે, અને તેણે ૫,૦૦૦ ડોલર પ્રતિ ઔંસની સપાટી પણ વટાવી દીધી છે. જોકે, આ સપ્તાહે અમેરિકન ડોલર મજબૂત થતાં સોનાના ભાવ પર થોડું દબાણ જોવા મળ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં હાજર સોનું ૫,૦૯૫.૮૧ ડોલર પ્રતિ ઔંસ અને ચાંદી ૮૩.૪૦ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહી છે. રોકાણકારો દ્વારા સતત પ્રોફિટ બુકિંગ કરવામાં આવી રહ્યું હોવાથી ભાવમાં વધઘટ જોવા મળી રહી છે.

આ ઉપરાંત, સોનાની સપ્લાય ચેઈન ખોરવાતા રિફાઈનરીઓને પણ સેમી-રિફાઈન્ડ ગોલ્ડ બાર્સ (ડોરે) મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ ભૌગોલિક રાજકીય તણાવ અને હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાની આશંકા વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવ પણ બેરલ દીઠ ૮૦ ડોલરની ઉપર પહોંચી ગયા છે. બજારની આ અસ્થિરતા વચ્ચે રોકાણકારો સોના-ચાંદીને એક સુરક્ષિત રોકાણ વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે, જેના કારણે વૈશ્વિક સ્તરે સોનાની માંગ સતત જળવાઈ રહી છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### હરિવંદના...

કરવામાં આવી હતી.

સમાજમાં લુપ્ત થતી ગુજરાતી વાનગીઓને રસોડામાં ફરી જીવંત કરવા અને મિલેટ ફૂડ અંગે લોકોમાં સમજ કેળવાય તે હેતુથી આ કાર્નિવલ યોજાયો હતો. બાજરી, જુવાર અને રાગી જેવા પૌષ્ટિક ધાન્યોમાંથી બનેલી વિવિધ વાનગીઓનું પ્રદર્શન અને આજના સમયમાં રોજિંદા વપરાશમાં લેવાતી ખાદ્ય સામગ્રીમાં થતી ભેળસેળ ઘરે બેઠા વૈજ્ઞાનિક રીતે કેવી રીતે ચકાસી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મહેનત પૂર્વક તૈયાર કરેલા પ્રયોગો દ્વારા મુલાકાતીઓને શિક્ષિત કરવામાં આવ્યા હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ નજીક હરિ વંદના કોલેજના પટાંગણમાં યોજાયેલા આ મિલેટ ફૂડ કાર્નિવલ માટે કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. સંસ્થાનો આ બીજો સફળ પ્રયોગ હતો, જેમાં અગાઉના વર્ષોની જેમ જ પૌષ્ટિક આહારની સંસ્કૃતિને પુનઃ જીવિત કરવાનો પ્રયાસ કરાયો હતો. સંસ્થાના ચેરમેન ડો. મહેશભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અમે કટિબદ્ધ છીએ અને મીડિયા પાર્ટનર 'અબતક' ના સહયોગથી અમે સમાજમાં સ્વાસ્થ્યપ્રદ આહારનો સંદેશ પહોંચાડવા તત્પર બન્યા છીએ. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

(ચોથા પાનાનું ચાલુ)

### વીવીપી એન્જીનીયરીંગ કોલેજ...

હતું, સંસ્થાના ટ્રસ્ટી અને જીટીયુના પૂર્વ વાઈસ ચાન્સેલર ડો. પ્રો. નવીનભાઈ શેઠે જણાવ્યું હતું કે, નેશનલ એજ્યુકેશન પોલીસીમાં પણ હવે રિસર્ચને ખૂબ પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. આવી સ્પર્ધાઓ દ્વારા ભારત સરકાર રિસર્ચ અને ઈનોવેશનને જે રીતે પ્રોત્સાહન આપવા માંગે છે, તે જ રીતે વીવીપી નો વિદ્યાર્થી આગળ વધી રહ્યો છે. ભવિષ્યમાં પણ અમે આવી વધુને વધુ સ્પર્ધાઓ કરતા રહીશું, કે જેનાથી વિદ્યાર્થીઓના તકનીકી કૌશલ્યમાં ખૂબ મોટો ફાયદો થાય અને વિદ્યાર્થી ઈન્ડસ્ટ્રી રેડી બને.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રિન્સિપાલ ડો. પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલના કન્વીનર ડો. સચિનભાઈ રાજાણી, ડો. દર્શનાબેન ભટ્ટી, પ્રો. પ્રતિકભાઈ કોરડીયા, પ્રો.અજિંકય પટવર્ધન તેમજ સમગ્ર કર્મચારી ગણે સેવાઓ આપી હતી.

કાર્યક્રમની જવલંત સફળતા માટે ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીયારે શુભેચ્છાઓ પાઠવી હતી.

### ધારાસભ્ય ઉદય કાનગડ...

નરેન્દ્રભાઈ મોદીજીના દુરંદેશી નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં ઐતિહાસિક વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યા છે, જ્યારે રાજ્યમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સર્વાંગી વિકાસ તરફ આગળ વધી રહ્યું છે.

આ તકે શહેર ભાજપ ઉપપ્રમુખ સોમાભાઈ ભાલીયા, વોર્ડ નં.૧૫ પ્રભારી જયેશભાઈ દવે, પ્રમુખ મયુરભાઈ વજકાણી, મહામંત્રી મૌલિકભાઈ પરમાર, વોર્ડ નં.૧૬ પ્રભારી વરજાંગભાઈ હુંબલ, રતાભાઈ પરમાર, કેતનભાઈ કુમારખાણીયા, કિશોરભાઈ મકવાણા, વિનોદભાઈ કુમારખાણીયા સહિત વોર્ડના વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ, આગેવાનો તથા સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### રેલવેના વિકાસ...

કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવવા માટે મહિલા કર્મચારીઓ માટે રમતગમત સ્પર્ધાઓ અને ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ આયોજન મહિલા કર્મચારીઓના સન્માન, સશકિતકરણ અને તેમના અમૂલ્ય યોગદાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવાનો એક મહત્વપૂર્ણ અવસર સાબિત થયો હતો.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ઈરાન - ઈઝરાયેલ યુધ્ધથી...

રહ્યા છે કે આગામી દિવસોમાં પેટ્રોલ - ડીઝલની તિવ્ર અછત સર્જાશે. જથ્થો મળશે નહી જેના કારણે બે દિવસથી પેટ્રોલ પંપ પર વાહન ચાલકોની લાઈનો જોવા મળે છે. દરમિયાન ગઈકાલે ઓઈલ કંપની દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, ઈંધણનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. ખોટી અફવામાં ન આવવા અપીલ કરી છે.

### યુપીએસસીના ટોપર...

જૂને જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામમાં ૧૪,૧૬૧ ઉમેદવારો પાસ થયા હતા. તેમાં સ્પીપામાંથી ૨૭૨ ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે પસંદ થયા હતા. નવેમ્બર માસમાં સમગ્ર દેશમાંથી ૨,૩૭૬ ઉમેદવારો પર્સનલ ઈન્ટરવ્યૂ માટે ક્વોલિફાય થયા હતા, જેમાં સ્પીપાના ૮૨ ઉમેદવારોનો સમાવેશ થયો હતો. યુપીએસસીની કુલ ૧૦૯૭ જગ્યા માટે ૯૫૮ ઉમેદવાર ક્વોલિફાય થયા છે.

ગ્રેજ્યુએટ સિવિલ સર્વિસીસ પરીક્ષામાં ટોપ કરે છે, જેમાં વ્યાવસાયિકોનું વર્ચસ્વ છે.

અગ્નિહોત્રીએ સિવિલ સર્વિસીસમાં મેડિકલ સાયન્સને વૈકલ્પિક વિષય તરીકે પાસ કર્યું. તેમણે એટોમિક એનર્જી સેન્ટ્રલ સ્કૂલમાંથી શાળાકીય શિક્ષણ શરૂ કર્યું, દસમું ધોરણ પૂર્ણ કર્યું, અને પછી બારમું ધોરણ માટે કોટાની એમબી પબ્લિક સિનિયર સેકન્ડરી સ્કૂલમાં ગયા હતા.તમિલનાડુના મદુરાઈની રાજેશ્વરી સુવે એમ.એ બીજો ક્રમ મેળવ્યો છે.અન્ના યુનિવર્સિટીમાંથી એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ, તેમણે રાજ્ય સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરી હતી અને હાલમાં ડેપ્યુટી કલેકટર તરીકે સેવા આપી રહી છે.

હરિયાણાના એકાંશ ધુલ ત્રીજા ક્રમે આવ્યા છે. દિલ્હી યુનિવર્સિટીના શ્રી રામ કોલેજ ઓફ કોમર્સમાંથી કોમર્સ ગ્રેજ્યુએટ કર્યું છે. તેમણે અગાઉ ૨૦૨૪ માં યુપીએસસી પરીક્ષામાં ૩૪૨ રેન્ક સાથે પાસ કર્યું હતું અને આ વર્ષે ટોચના ત્રણમાં સ્થાન મેળવ્યું હતું. દિલ્હી યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં બીએ (ઓનર્સ) ડિગ્રી ધરાવતા રાઘવ ઝુનઝુનવાલાએ ચોથો ક્રમ મેળવ્યો છે. જ્યારે નેશનલ લો યુનિવર્સિટી દિલ્હીમાંથી બીએ એલ એલ બી(ઓનર્સ) ગ્રેજ્યુએટ ઈશાન ભટનાગરે સમાજશાસ્ત્રને વૈકલ્પિક વિષય તરીકે પાંચમું સ્થાન મેળવ્યું છે.

યુપીએસસીમાં અરજી કરનારા ૯,૩૭,૮૭૬ ઉમેદવારોમાંથી ૫,૭૬,૭૯૩ ઉમેદવારોએ ૨૫ મે, ૨૦૨૫ ના રોજ યોજાયેલી પ્રારંભિક પરીક્ષામાં હાજરી આપી હતી. કુલ ૧૪,૧૬૧ ઉમેદવારો ઓગસ્ટ ૨૦૨૫ માં યોજાયેલી લેખિત મુખ્ય પરીક્ષા માટે લાયક ઠર્યા હતા. ૨,૭૩૬ ઉમેદવારો ડિસેમ્બર ૨૦૨૫ અને ફેબ્રુઆરી ૨૦૨૬ વચ્ચે આયોજિત વ્યક્તિત્વ પરીક્ષણ તબક્કામાં આગળ વધ્યા હતા.તમામ તબક્કાઓ પૂર્ણ થયા પછી, કમિશને ગ્રુપ 'એ' અને ગ્રુપ 'બી' હેઠળ ભારતીય વહીવટી સેવા (આઈએએસ), ભારતીય વિદેશ સેવા (આઈ એફ એસ), ભારતીય પોલીસ સેવા (આઈપીએસ) અને અન્ય કેન્દ્રીય સેવાઓમાં નિમણૂક માટે ૯૫૮ ઉમેદવારોની ભલામણ કરી છે.સરકારે આ સેવાઓમાં ૧,૦૮૭ ખાલી જગ્યાઓ જાહેર કરી છે. આમાં આઈએએસ માં ૧૮૦, આઈએફએસમાં ૫૫ અને આઈપીએસમાં ૧૫૦ જગ્યાઓનો સમાવેશ થાય છે, જ્યારે સેન્ટ્રલ સર્વિસીસ ગ્રુપ એ'' માં ૫૦૭ જગ્યાઓ અને ગ્રુપ બી' માં ૧૯૫ જગ્યાઓ ખાલી છે.

દરેક સેવામાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓની સંખ્યાના આધારે અને સંબંધિત અધિકારીઓ દ્વારા ઉમેદવારોના અનામત દાવાઓની ચકાસણી કર્યા પછી અંતિમ નિમણૂકો કરવામાં આવશે.

સ્પીપાના ૩૪ ઉમેદવારોએ પ્રથમ એક હજાર રેંકમાં સ્થાન મેળવ્યું છે. સ્પીપા-ગુજરાતમાંથી વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૬ ઉમેદવારો અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૭ ઉમેદવારો પર્સનલ ઈન્ટરવ્યૂ પાસ કરવામાં સફળ રહ્યા હતા. વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે ચાલુ વર્ષે સૌથી વધુ ૩૪ ઉમેદવારો સફળ રહ્યા છે. તેમાં ૩૨ પુરુષ અને ૨ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. સ્પીપા દ્વારા નવેમ્બર ૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ખાસ પર્સનાલિટી ટેસ્ટ માટે તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા હતા. જેમાં ૧૫ મોક ઈન્ટરવ્યૂ અને ૪ લેકચર દ્વારા તાલીમ આપવામાં આવી હતી. દરેક મોક ઈન્ટરવ્યૂની વિડીયોગ્રાફી પણ કરવામાં આવી હતી, જેથી ઉમેદવારોને પર્સનલ ઈન્ટરવ્યૂ દરમિયાન થતી ભૂલો વિશે જાણકારી મળી રહે અને તેઓ તેમાં સુધારો કરી શકે તે માટે આ આયોજન કરવામાં આવ્યું હતું.

### ગુજરાતના ૩૪ વિદ્યાર્થીઓ...

રાહુલકુમાર રેવર અને ઓન પટેલ યુપીએસસીની પરીક્ષામાં પાસ થયા છે. જો કે, આ ૨૪ છાત્રો પૈકી એકમાત્ર નિસાર દિશાંત ટોપ-૨૦માં સ્થાન પામ્યો છે. તેને ઓલ ઈન્ડિયા રેન્કમાં ૧૯મું સ્થાન મેળવ્યું છે.

### કેસર કેરી...

ઠંડીના દિવસો ઓછા રહેવાના કારણે કેરીના ઉત્પાદન પર થોડા ઘણા અંશે અસર ચોકકસ જોવા મળશે. આગામી દિવસોમાં કેરીની આવકમાં ક્રમશઃ વધારો થશે જો કે હજી એકથી દોઢ મહિનો સુધી કેરીના ભાવ થોડા ઉંચા રહેશે. એપ્રીલ માસના બીજા પખવાડીયાથી કેરીની આવકમાં સારો એવો વધારો થશે જેના કારણે ભાવ પણ ઘટશે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટઃ** રાજકોટ નિવાસી ચંપાબેન ચંદ્રકાન્તભાઈ ટાંક (ઉ.વ.૬૩) તે ચેતનભાઈ, પ્રકાશભાઈ, દક્ષાબેન ધમેશકુમાર કાચાના માતાનું તા. ૬-૩ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૯-૩ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન મિલન હોલ, હરીઘવા મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# વિશ્વ મહિલા દિવસે કાલે વિવેકાનંદ યુથ કલબ દ્વારા પાંચ પ્રતિભાશાળી નારી રત્નોનું સન્માન કરાશે



**અબતક, રાજકોટ**

રાજકોટ નગરની જાણીતી યુવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા આઠમી માર્ચ વિશ્વ મહિલા દિવસ તરીકે ઉજવાય છે ત્યારે રાજકોટ શહેરમાં નારી ઉત્કર્ષ, સેવા, સંગીત, શિક્ષણ અને સાહિત્ય સહિતના ક્ષેત્રમાં કાર્યરત શહેરની પાંચ પ્રતિભાશાળી બહેનોનું નારી રત્ન એવોર્ડ આપી તેઓના નિવાસસ્થાને જઈને સન્માન કરવામાં આવશે.

વિશ્વ મહિલા દિવસ નિમિતે યોજાયેલ કાર્યક્રમ અંગે સંસ્થાના અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા, હસુભાઈ શાહ માહિતી આપતા વધુમાં જણાવે છે કે રાજકોટ શહેરમાં વર્ષોથી બ્રહ્માકુમારી સંસ્થા સાથે જોડાયેલ અને અનેક લોકોને વ્યસન મુક્ત કરનાર અને શાંતિનો રાહ ચીંધનાર આધ્યાત્મિક પ્રવૃતિ સાથે જોડાયેલ છે તેવા બ્રહ્માકુમારી અંજુ દીદી, વર્ષો સુધી આકાશવાણીમાં રાજકોટ તેમજ અન્ય શહેરમાં યશસ્વી ફરજ બજાવી કાર્યકારી કેન્દ્ર નિયામક તરીકે નિવૃત્ત થયેલ સાહિત્ય, કલા અને નારી ઉત્કર્ષ માટે સતત કાર્યરત ડો.ગીતાબેન ગીડા, શિક્ષક તરીકે કાર્યરત રહી હજારો દીકરીઓના જીવન ઘડતરમાં નિમિત બનનાર અને નિવૃત્તિ બાદ પણ સતત સેવા પ્રવૃત્તિમાં સક્રિય, રામકૃષ્ણ આશ્રમ સાથે જોડાયેલ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ટીચર પન્નાબેન પંડ્યા, જાણીતી કવયિત્રી, લેખિકા, ઉદઘોષક, વક્તા અને ઓજસ્વીની ફાઉન્ડેશનના માધ્યમથી નારી ઉત્કર્ષનું ઉમદા કાર્ય કરતા હેમલબેન દવે, કુદરતે જેને દ્રષ્ટિમાં થોડી ખામી આપી છે છતાં પણ એની પરવા કર્યા વગર સંગીત અને શિક્ષણમાં નાની વયે નોંધપાત્ર યોગદાન આપનાર, બહુમુખી પ્રતિભા ધરાવતા, અનેક એવોર્ડ વિજેતા પ્રાધ્યાપક તરીકે કાર્યરત બેન ડો.ધ્વનિ વછરાજાની સહિતના પાંચ પ્રતિભાશાળી ગૌરવવંતા બહેનોનું તેઓના નિવાસસ્થાને કે સંસ્થામાં રૂબરૂ જઈને સમાજ જીવનના વિવિધ ક્ષેત્રના મહાનુભાવના હસ્તે કુમકુમ તિલક કરી, ખેસ પહેરાવી, પુસ્તક, પુષ્પગુચ્છ, શ્રીફળ સાકરનો પડો, સ્મૃતિભેટ, નારી રત્ન એવોર્ડ આપી તેમજ શાલ ઓઢાડીને ભાતીગળ તેમજ પરંપરાગત સન્માન વિશ્વ મહિલા દિવસ તારીખ ૮ માર્ચ રવિવારના રોજ કરવામાં આવશે.

સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાના અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા, હસુભાઈ શાહ, જયેન્દ્રભાઈ મહેતા, જનાર્દન આચાર્ય, વિપુલભાઈ ભટ્ટ, ઉપન્યુભાઈ રાવલ, નૈસધભાઈ વોરા, દિનેશભાઈ ગોવાણી, પ્રકાશ હાથી, મહેશ જીવરાજાની, પરિમલભાઈ જોશી, મહેશ પરમાર, રમેશ શિશાંગીયા, દક્ષિણભાઈ જોશી, શરદભાઈ દવે, મહેશ વ્યાસ સહિતના કાર્યરત છે.


## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી

# સમાજ સેવા ક્ષેત્રની ૧૯ મહિલાઓને સન્માનાશે

### સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા અને સાંસદ રામભાઈ મોકરીયાના હસ્તે સેમિનારનું ઉદઘાટન: ૩૩% મહિલા અનામત અને સશક્તિકરણ પર અપાશે ભાર

**અબતક, રાજકોટ**

''સશક્ત મહિલા દેશના સર્વાંગી વિકાસ અને સમૃદ્ધિ માટે બળ સમાન છે'' તેવા ઉમદા વિચાર સાથે આગામી ૮મી માર્ચ, રવિવારના રોજ રાજકોટમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. એ.પી. પટેલ એજ્યુકેશનલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ વિશેષ સેમીનારમાં વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ સેવા પ્રદાન કરનાર ૧૯ મહિલાઓનું સ્મૃતિ ચિન્હ અર્પણ કરી અને શાલ ઓઢાડી ભવ્ય સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે મહિલાઓને લોકસભા અને વિધાનસભાની બેઠકોમાં ૩૩% અનામત આપવાની હિમાયત સાથે નારી શક્તિના ગૌરવને ઉજાગર કરવામાં આવશે.



આ સેમીનારનું ઉદઘાટન સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા તથા રામભાઈ મોકરીયાના વરદ હસ્તે થશે, જ્યારે કાર્યક્રમનું પ્રમુખસ્થાન ટ્રસ્ટી ગોવિંદભાઈ ખુંટ સંભાળશે. મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગઢ, જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ અને પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

સન્માનિત થનાર મહિલાઓમાં રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, અંજલીબેન રૂપાણી, હંસીકાબેન મણિયાર, મોનાલીબેન માંકડીયા, ભારતીબેન પટેલ, હેલીબેન ત્રિવેદી, બ્રહ્માકુમારી ભારતીબેન, પૂર્વિબેન દવે, મોનીકાબેન કુલકર્ણી, ડો. ખ્યાતીબેન વસાવડા, ચાંદનીબેન પરમાર, ગીતાબા જાડેજા, ભાવનાબેન જોષીપુરા, ડો. રસીલાબેન મારકણા, જયાબેન પટેલ, ડો. પ્રવિણાબેન તારપરા અને મિનાક્ષીબેન પટેલ, વર્ષાબેન પ્રજાપતીનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ સવારે ૧૧:૦૦ કલાકે એ.પી. પટેલ કન્યા છાત્રાલય, એસ્ટ્રોન સોસાયટી, રાજકોટ ખાતે યોજાશે.

# સાળંગપુરમાં બીએપીએસ મંદિરે કાલે ભવ્યાતાથી ઉજવાશે 'ફૂલ દોલોત્સવ'

### ૭.૫ લાખ ચોરસ ફૂટનો મંડપ-૧૨૫ ફૂટના મંચ પરના મહોત્સવ માટે ૫૦૦૦ સ્વયંસેવકોની ફૌજ તૈનાત

**અબતક**
**વિપુલ ગોહિલ, બોટાદ**

ભગવાન સ્વામિનારાયણના સમયથી તીર્થત્વ પામેલ બોટાદ જીલ્લાના સારંગપુરની પવિત્ર ભૂમિ પર આવતીકાલે રવિવાર ૮ માર્ચના રોજ બીએપીએસના વડા મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં ભવ્ય 'ફૂલદોલ ઉત્સવ' ઉજવાશે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સમયથી અત્યંત દબદબાભેર ઉજવાતી આ દિવ્ય પરંપરા મહંત સ્વામી મહારાજના સાનિધ્યમાં એ જ ભવ્યતાથી ઉજવાઈ રહી છે. તૈયારીઓને આખરી ઓપ અને ભવ્ય આયોજન: હજારો હરિભક્તો જ્યારે આવનાર હોય છે, ત્યારે સારંગપુરમાં રંગોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઉત્સવની શોભા વિરાટ પાયે કરવામાં આવી છે. મુખ્ય ઉત્સવ માટે ૭.૫ લાખ ચોરસ ફૂટ જમીન પર એક વિશાળ સભામંડપ તૈયાર કરવામાં આવ્યો છે. અહીં ૧૨૫ ફૂટ લાંબો, ૪૦ ફૂટ ઊંડો અને ૪૦ ફૂટ ઊંચો એક ભવ્ય મુખ્ય મંચ બનાવવામાં આવ્યો છે. દૂર બેઠેલા ભક્તો પણ સારી રીતે દર્શન કરી શકે તે માટે સ્ટેજની મધ્યમાં અને બંને બાજુઓ મળીને કુલ ૮ વિશાળ એલઈડી સ્ક્રીન ગોઠવવામાં આવી છે. ૫૦૦૦ સ્વયંસેવકો અને સુવિધાઓ આટલા મોટા આયોજન અને દરેક પરિસ્થિતિને પહોંચી વળવા માટે અત્યારે ૫૦૦૦ જેટલા સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓ રાત-દિવસ ખડેપગે સેવા આપી રહ્યા છે. અતિથિ હરિભક્તોને કોઈ અગવડ ન પડે તે માટે થોડા-થોડા અંતરે પૂછપરછ કેન્દ્રો અને સમગ્ર ઉત્સવપથ પર શીત પેયજલ (ઠંડા પાણી) ની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઉત્સવના અંતે સૌના માટે ગરમાગરમ 'સ્વામિનારાયણીય ખીચડી' ના મહાપ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.



ફુલદોલ ઉત્સવની ઉત્સવની રૂપરેખા સાંજે ૪ વાગ્યે, સભામંડપમાં પ્રવેશ શરૂ થશે. સભા દરમિયાન સંસ્થાના વરિષ્ઠ સદગુરુ સંતો ડોક્ટર સ્વામી, ઈશ્વરચરણ સ્વામી અને પૂજ્ય વિવેકસાગર સ્વામીના પ્રેરક પ્રવચનોનો લાભ મળશે. ત્યારબાદ મહંત સ્વામી મહારાજ સૌને પોતાના દિવ્ય આશીર્વચનથી લાભાન્વિત કરશે. સભાના અંતમાં રંગોત્સવ શરૂ થશે, જેમાં મહંત સ્વામી મહારાજ હરિભક્તો પર પવિત્ર કેસૂડાના જળનું સિંચન કરી તેમને રંગશે.

## જન ઔષધિ સપ્તાહ અંતગત

# પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર દ્વારા પપૈયાવાડીની શિબિરમાં દર્દીઓને સ્વાસ્થ્ય અંગે અપાયું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

જન ઔષધિ સપ્તાહ ૧ થી ૭ માર્ચ ૨૦૨૬ અંતર્ગત પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર ૮૦ ફુટ રોડ, પપૈયાવાડી રાજકોટ દ્વારા મોરપેન લેબોરેટરી તેમજ ઈન્ડીયન ફાર્મસી ગ્રેજયુએટસ એસો. રાજકોટ ચેપ્ટરના સહયોગથી સામાન્ય સ્વાસ્થ્ય ચકાસણી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં લાભ લેનાર તમામ લાભાર્થીઓના બ્લડ પ્રેસર, બ્લડ ગ્લોકોઝ (રેન્ડમ/ ફાસ્ટીંગ સુગર) તેમજ વજનની તપાસ કરી યોગ્ય સ્વાસ્થ્ય સંલગ્ન માહીતી તેમજ





માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. આ શિબિરને સફળ બનાવવા પ્રતિકભાઇ, અભિભાઇ, જયેશભાઇ સાહિલભાઇ તેમજ અન્ય સંયોજકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કષ્ટભંજન દેવને ઓર્કિડ અને સેવંતીના પુષ્પોનો મનોહર શણગાર

**અબતક, રાજકોટ**

વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે બિરાજમાન શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે દાદાને અત્યંત મનોહર અને દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજીની પ્રેરણા અને કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ દાદાને વિશેષ વાઘા ધરાવી, સમગ્ર સિંહાસનને ઓર્કિડ અને સેવંતીના ફૂલોથી



શણગારવામાં આવ્યું હતું. વહેલી સવારે પૂજારી સ્વામી દ્વારા મંગળા આરતી અને સવારે ૦૭:૦૦ કલાકે કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. શનિવારના પવિત્ર દિવસે મંદિર પરિસરમાં આવેલી યજ્ઞશાળામાં મારુતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ આહુતિ આપી ધન્યતા અનુભવી હતી.

દાદાના આ અદભૂત શણગાર અને આરતીનો લાભ લેવા માટે વહેલી સવારથી જ હજારો હરિભક્તો ઉમટી પડ્યા હતા.

# વિશ્વ મહિલા દિવસ નિમિત્તે લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આકાશદર્શન કાર્યક્રમ

### મહિલા સ્વયંસેવકો ટેલિસ્કોપ દ્વારા ગુરૂ ગ્રહ સહિતના ખગોળીય પદાર્થોનું નિદર્શન કરાવશે

**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે તા. ૮ માર્ચ ૨૦૨૬ના રોજ ખાસ આકાશદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત લોક વિજ્ઞાન કેન્દ્રની બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા સાંજે ૭.૩૦ થી ૮.૩૦ દરમિયાન ટેલિસ્કોપ મારફતે ગુરુ ગ્રહ અને અન્ય ખગોળીય પદાર્થોનું જાહેર જનતાને નિદર્શન કરાવવામાં આવશે. આ કાર્યક્રમની ખાસિયત એ છે કે તમામ ટેલિસ્કોપનું સંચાલન ક્લબની મહિલા સભ્યો સ્ટેલર-સિસ્ટર્સ દ્વારા કરવામાં આવશે. સમગ્ર દેશમાં આ પ્રથમ એવો કાર્યક્રમ માનવામાં આવે છે જેમાં મહિલા સભ્યો દ્વારા ટેલિસ્કોપ મારફતે જનતાને આકાશદર્શન કરાવવામાં આવશે. આ નિ:શુલ્ક કાર્યક્રમમાં વિજ્ઞાન અને ખગોળપ્રેમીઓને સમયસર હાજર રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# વિવેકાનંદ જયંતિ મહોત્સવ સ્પર્ધાઓમાં એચ.એચ. પ્રિન્સ આગાખાન ગર્લ્સ સ્કુલે મેદાન માર્યુ

**અબતક, રાજકોટ**



રાજકોટ સહીત સૌરાષ્ટ્રના શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જાણીતી એચ.એચ. પ્રિન્સ આગાખાન ગર્લ્સ હાઈસ્કુલની ૧૯ વિદ્યાર્થીનીઓ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ મહોત્સવની સ્પર્ધામાં વિજેતા બની શાળા અને શહેરનું ગૌરવ બની છે.

### શાળાની ૧૯ વિદ્યાર્થિનીઓએ સ્પર્ધામાં શાળા શહેરનું નામ રોશન કર્યુ

શહેરની જુદી જુદી ઘણી શાળાઓના વિદ્યાર્થીઓની સ્પર્ધાઓમાં એચ.એચ. પ્રિન્સ આગાખાન ગર્લ્સ સ્કુલની કુલ ૧૯ વિદ્યાર્થીનીઓ મુખપાઠ વકૃત્વ હરિફાઇ ચિત્રકામમાં વિજેતા બની હતી. ધો. ૫ ની વિદ્યાર્થીની રિમ્શા કોટડીયાએ અંગ્રેજી મુખપાઠ સ્પર્ધામાં સમગ્ર રાજકોટમાં પ્રથમ સ્થાન મેળવીને શાળાનું ગૌરવ વધાર્યુ તેમજ રિમ્શા કોટડીયાએ ને શિલ્ડ પ્રમાણપત્રથી સન્માનીત તથા આ શાળાની વિદ્યાર્થીની સાનિયા સુતાર, રીયા સુતાર, મનીષા પુંજાની, સોહા અધમ, નેવિષા પંજવાની, આહના મેડાવ, મુસ્કાન વિરાણી એલવિના હેમનાની, ઈનારા હુદા, એલિશા જિંદાની રુહી પંજવાની હીર કાંજીયાની, અલીના ચારણીયા, સિમરન પોપટીયા, સુહાના અભવાની અક્ષદા ખડે, અંબિકાકુમારી દક્ષના વગેરે પ્રમાણપત્રો તથા પુસ્તકો દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા.

# સરકારી કચેરીઓ વેરો ભરવા માંડી:ટેક્સની આવકનો આંક રૂ.૩૮૯.૨૯ કરોડ

### વ્યાજ માફી યોજના ૩૧ માર્ચે પૂરી: લાભ લેવા બાકીદારોને અનુરોધ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વેરા-વસુલાત શાખા દ્વારા ચાલી નાણાંકીય વર્ષમાં આજ સુધીમાં વેરાની ૩૮૯.૨૯ કરોડની વસુલાત કરવામાં આવી છે.

હાલ નોન રેસિડન્સ, રેસિડન્સ, કોમર્શીયલ, સરકારી મિલકત જેવી મિલકતોનો વેરો બાકી હોય તો તેમને વેરા-બિલથી મિલકતવેરો ભરપાઈ કરવાની જાણ કરવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં વ્યાજ માફીની સ્કીમ લાવામાં આવી છે. જેમાં જો બાકી મિલકતવેરાની સંપૂર્ણ ભરપાઈ કરવામાં આવે તો મિલકત વેરાના વ્યાજ પર રૂ.૫૦૦૦ તથા પાણીના વેરાના વ્યાજ પર રૂ.૫૦૦૦ એમ કુલ રૂ.૧૦,૦૦૦ નું ડિસ્કાઉન્ટ મળવા પાત્ર થાય છે. આ યોજનાનો લાભ નાગરિકો તા.૩૧ માર્ચ સુધી લઈ શકે છે.

આ વસુલાતમાં સરકારી વિભાગો દ્વારા તેમના હસ્તકની મિલકતોના મિલકત વેરા અને પાણી ચાજીર્સ ચુકવવામાં આવેલ છે. જેમાં ફેબ્રુઆરી માસમાં ગર્વનમેન્ટ ઓફ એન્જીનીયરીંગ કોલેજ દ્વારા રૂ.૫૮.૬૧ લાખ, પી.જી.વી.સી.એલ દ્વારા રૂ.૪૫.૩૭ લાખ, સ્પોર્ટ્સ ડીપાર્ટમેન્ટ દ્વારા રૂ.૩૦.૯૫ લાખ,જૂની કોર્ટ દ્વારા રૂ.૧૭.૩૬ લાખ,યાંત્રિક ભવન દ્વારા રૂ.૧૧.૦૦ લાખ, નાયબ નિયામક કચેરી દ્વારા રૂ.૧૪.૧૮ લાખ, મામલતદાર કચેરી દક્ષિણ દ્વારા રૂ.૬.૪૩ લાખ,પી.ડબલ્યુ.ડી દ્વારા રૂ.૬૫.૪૭ લાખ,ઈન્કમ ટેક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા રૂ.૫ હજાર, આમ કુલ રૂ.૨.૪૯ કરોડ જેટલી રકમ ચુકવેલ છે અને ચાલુ માસમાં ૧ સિવિલ હોસ્પિટલ દ્વારા રૂ.૭૪.૬૫ લાખ, જી.એમ.એસ.સી.એલ દ્વારા રૂ.૪.૮૫ લાખ,પોસ્ટલ ડેપો દ્વારા રૂ.૧૭.૨૨ લાખ,સેન્ટ્રલ જી.એસ.ટી કચેરી દ્વારા રૂ.૧૭.૬૫ લાખ આમ કુલ રૂ.૧.૧૪ કરોડ જેટલી રકમ ચુકવેલ છે.

# ધમેડા ગ્રામ પંચાયતમાં ડેન્ટલ કેમ્પમાં ૮૦ દર્દીઓને અપાયો સેવાલાભ



**અબતક, રાજકોટ**

વિસનગર સાકળચંદ પટેલ યુનિવર્સિટી નરસિંહભાઈ પટેલ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ તરફથી વિશ્વ કંજરવેટિવ ડેન્ટિસ્ટ્રી દિવસ ઉજવણી નિમિત્ત કોલેજ દ્વારા ડિપાર્ટમેન્ટ ઓફ કંજરવેટિવ ડેન્ટિસ્ટ્રીના એચોડી ડો. કૈલાશ અતુર તથા સહયોગી સ્ટાફ અને પોસ્ટ ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓ દ્વારા મફત દાંત નિદાન કેમ્પનુ આયોજન ધમેડા ગ્રામ પંચાયત ખાતે કરાયુ હતુ. ગામના ૮૦થી વધુ લોકોનું નિદાન કરાયું. નિદાન કેમ્પ દરમિયાન ગામના સરપંચ રાઠોડ ગુલાબબેન તથા સભ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઈગ્નુ દ્વારા બીએડ અને બીએસસીની પ્રવેશ પ્રક્રિયા લંબાવાઈ

**અબતક, રાજકોટ:** દેશભરમાં ૨૯.૦૩.૨૦૨૬ના રોજ એકસાથે યોજાનારી B.Ed/B.Sc. નર્સિંગ (PB)/PGDRPC કાર્યક્રમોની પ્રવેશ પરીક્ષાના ઓનલાઈન ફોર્મ જમા કરવાની મુદ્દત ૧૦.૦૩.૨૦૨૬ સુધી વધારી છે. પાત્રતાનાં માપદંડો, અરજી પ્રક્રિયા અને અન્ય સંબંધિત માહિતી સહિત દરેક પ્રોગ્રામની સંપૂર્ણ વિગતો માટે અને અપડેટસ માટે યુનિવર્સિટીની વેબસાઈટ http://www.ignou.ac.in નો સંદર્ભ લેવો. વધુ માહિતી માટે કણકોટ મુખ્ય માર્ગ પર આવેલ ક્ષેત્રીય કેન્દ્ર રાજકોટની મુલાકાત લઈ શકો છો, મોબાઈલ નંબર ૯૪૨૬૬૦૦૬૭૧ પર સંપર્ક કરી શકો છો, અને rcrajkot@ignou.ac.in પર ઈ-મેલ કરી શકો છો.

# બ્રાન્ડેડ પ્રિમીયમ ચોકલેટના ઘર આંગણે ઉત્પાદન માર્કેટીંગ માટે રિલાયન્સ કન્ઝયુમરે ફિનલેન્ડની ફોઝર સાથે મિલાવ્યા હાથ

### દેશભરની ૩૦ લાખ દુકાનો સુધી ફેઝરની ચોકલેટ પહોચાડશે

**અબતક, રાજકોટ**


રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની એફ.એમ.સી.જી. પેટાકંપની રિલાયન્સ કન્ઝયુમર પ્રોડક્ટ્સ લિમિટેડે (આર.સી.પી.એલ.) ફિનલેન્ડની અગ્રણી ફૂડ કંપની ફેઝર સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ પર હસ્તાક્ષર કર્યા છે. આ જોડાણના ભાગરૂપે બંને કંપનીઓ ફેઝરની રેસિપી અને ગુણવત્તાના ઉચ્ચત્તમ ધોરણોનો ઉપયોગ કરીને ભારતમાં બ્રાન્ડેડ પ્રીમિયમ ચોકલેટ્સનું ઉત્પાદન, માર્કેટિંગ અને વિતરણ કરવા માટે લાંબા ગાળાની વ્યૂહાત્મક ભાગીદારી સ્થાપિત કરશે.

ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબની ભારતની સત્તાવાર મુલાકાતના ભાગરૂપે આ એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, વ્યાપારી સંબંધોને મજબૂત બનાવવાનો અને તેની સાથે જ ફેઝરની પ્રખ્યાત બ્રાન્ડ્સ અને પ્રોડક્ટ્સને સ્થાનિક બજારમાં સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો છે. આ ભાગીદારી ફેઝરના પ્રતિષ્ઠિત વારસા સમાન બ્રાન્ડ્સ, નવીન પ્રોડક્ટ પોર્ટફોલિયો અને વિશ્વની શ્રેષ્ઠ ચોકલેટ્સને આર.સી.પી.એલ.ના વિશાળ સ્કેલ અને ભારતભરના અંદાજે ત્રણ મિલિયન રિટેલ આઉટલેટ્સ સુધીની પહોંચ અને ભારતીય બજારના ઊંડા અનુભવ સાથે જોડશે. બંને કંપનીઓ સાથે મળીને ભારતના ચોકલેટ અને કન્ફેક્શનરી બજારમાં એક અનોખું સ્થાન બનાવવાની ક્ષમતા ધરાવે છે, જે વધતી જતી ગ્રાહક આવક અને સંગઠિત રિટેલના વ્યાપને કારણે ઝડપથી વિકસે તેવી અપેક્ષા છે.

રિલાયન્સ કન્ઝયુમર પ્રોડક્ટ્સ લિમિટેડના ડાયરેક્ટર ટી. કૃષ્ણકુમારે જણાવ્યું હતું કે, ફેઝર સાથેની ભાગીદારી એ વિશ્વની શ્રેષ્ઠ ચોકલેટ્સમાંથી એકને ભારતીય ગ્રાહકો સુધી પહોંચાડવા તરફનું એક વ્યૂહાત્મક પગલું છે. આ ભાગીદારી ચોકલેટ અને કન્ફેક્શનરી માર્કેટમાં આર.સી.પી.એલ.ની વૃદ્ધિને પણ વેગ આપશે. ફેઝરની વૈશ્વિક સ્તરે વિશ્વાસપાત્ર બ્રાન્ડ્સ અને ઉત્પાદન શ્રેષ્ઠતાને આર.સી.પી.એલ.ની સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓ, મજબૂત વિતરણ નેટવર્ક અને ગ્રાહકોની ઊંડી સમજ સાથે જોડીને અમે ભારતીય ગ્રાહકો માટે વિશ્વ સ્તરના ઉત્પાદનો અહીં લાવવા અને આ સમગ્ર કેટેગરીના અનુભવને વધુ બહેતર બનાવવા માટે સજ્જ છીએ.

આ એમ.ઓ.યુ. અંગે ટિપ્પણી કરતા ફેઝરના પ્રેસિડેન્ટ અને સીઈઓ ક્રિસ્ટોફ વિટ્ઝથુમે જણાવ્યું હતું કે, આ ભાગીદારી ફેઝર માટે ઝડપથી વિકસતા ભારતીય બજારમાં અમારી અનોખી પ્રોડક્ટ્સ રજૂ કરવાની એક સુવર્ણ





તક છે. ભારતમાં આર.સી.પી.એલ. દ્વારા વ્યાપારીકરણ અને વિતરણની જવાબદારી સંભાળવાથી અમે ચોકલેટ માર્કેટમાં એક પ્રીમિયમ સ્થાન બનાવી શકીએ છીએ

વર્ષ ૨૦૨૨માં તેની શરૂઆત થઈ ત્યારથી આર.સી.પી.એલે. રાવલગાંવ, ટોફીમેન અને પાન પસંદ જેવી ભારતની પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સ તેમજ લોટસ ચોકલેટ્સને પુનર્જીવિત કરીને ચોકલેટ અને કન્ફેક્શનરી માર્કેટમાં તેની હાજરીનો સફળતાપૂર્વક વિસ્તાર કર્યો છે. આર.સી.પી.એલ.'પરવડે તેવી કિંમતે વૈશ્વિક ગુણવત્તા'પૂરી પાડવા માટે કટિબદ્ધ છે

ફેઝરનીફોકસ્ડ ગ્રોથ સ્ટ્રેટેજી છે જેના મૂળમાં સતત વિસ્તરણ અને આંતરરાષ્ટ્રીય વૃદ્ધિના નોંધપાત્ર લક્ષ્યાંકો રહેલા છે. નોર્ડિક્સ અને બાલ્ટિક્સની સાથે પોલેન્ડ અને ચીનમાં કામગીરી તેમજ વિશ્વભરના ૪૦થી વધુ દેશોમાં નિકાસ સાથે ફેઝર પહેલેથી જ સ્થાપિત વૈશ્વિક હાજરી ધરાવે છે. તેની આંતરરાષ્ટ્રીય વૃદ્ધિની સફર ચાલુ રાખતા ફેઝર માત્ર ઓર્ગેનિક રીતે જ નહીં પરંતુ મર્જર અને એક્વિઝિશન થકી પણ વિસ્તરણ કરવાની તકો શોધી રહ્યું છે.

નેપાળમાં જેન ઝી નું રાજ!!!

# ૩૫ વર્ષના બાલેન શાહ બનશે નેપાળના વડાપ્રધાન



## ડિજિટલ રણનીતિ અને યુવા જોશથી સોશિયલ મીડિયાના માધ્યમથી ઘર-ઘર સુધી પહોંચેલી રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી નેપાળમાં આધુનિક વિકાસની નવી આશા ઊભી કરશે

**અબતક, કાઠમંડુ**

લોકશાહીની પાયાની વ્યાખ્યા એટલે ''લોકો દ્વારા, લોકો માટે અને લોકોનું શાસન''. પરંતુ આધુનિક યુગમાં આ વ્યાખ્યા હવે નવા આયામો સર કરી રહી છે. વિશ્વ આજે એક એવા વળાંક પર ઉભું છે જ્યાં પરંપરાગત રાજકારણના જૂના અને જર્જરિત કિલ્લાઓ ધરાશાયી થઈ રહ્યા છે. દાયકાઓથી ચાલી આવતી 'વોટ બેંક' અને સ્થાપિત હિતોની રાજનીતિની જગ્યાએ હવે ટેકનોલોજી, પારદર્શી શાસન અને યુવા જોશનું નવું સમીકરણ આકાર લઈ રહ્યું છે.

આ પરિવર્તનના મૂળમાં છે 'જેન ઝી' (**Gen Z**) - એક એવી પેઢી જે માહિતી અને

સોશિયલ મીડિયાના શસ્ત્રથી સજ્જ છે અને હવે રાજકીય રીતે અત્યંત જાગૃત છે. નેપાળ જેવા દેશોમાં આ પેઢીના આક્રમણ અને આક્રોશને કારણે જ વર્ષો જૂની સત્તાબારીઓ પલટાઈ ગઈ. વિશ્વના રાજકારણ માટે આ એક સ્પષ્ટ સંકેત છે કે હવે યુવા માનસને અવગણવું અશક્ય છે; સત્તાના સિંહાસનોએ હવે ફરજિયાતપણે 'જેન ઝી'ના વિચારો અને તેમની કાર્યશૈલીને સ્વીકારવી જ પડી છે.

નેપાળમાં હાલમાં જ યોજાયેલી સંસદીય ચૂંટણીમાં ભારે ઉલટફેર જોવા મળ્યો છે. ૨૦૨૫ના સપ્ટેમ્બરમાં થયેલા યુવા આંદોલન બાદ યોજાયેલી આ પ્રથમ ચૂંટણીમાં, નેપાળના યુવાઓએ પરિવર્તનનો મજબૂત પક્ષ લીધો છે. કાઠમંડુના પૂર્વ મેયર અને પ્રખ્યાત રેપર બાલેન શાહના નેતૃત્વમાં 'રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી' (**RSP**) એ જૂના રાજકીય દિગ્ગજોનો સફાયો કરીને ભવ્ય વિજય તરફ કદમ વધાર્યા છે.

આ આખા સત્તા પરિવર્તનમાં રવિ લામિછાને આધુનિક 'ચાણક્ય' સાબિત થયા છે, જેમણે જનતાની અધીરાઈ અને યુવાઓના અસંતોષને ઓળખીને તેને સંગઠિત કરી 'કિંગમેકર'ની ભૂમિકા ભજવી. જોકે, આ બદલાતા રાજકારણનો અસલી ચહેરો અને 'જેન ઝી'ની તાકાતનું પ્રતિનિધિત્વ બાલેન શાહ જેવા નેતાઓ કરી રહ્યા છે. બાલેન શાહે જે રીતે ટેકનોક્રેટ અને યુવા આઈકોન તરીકે લોકોના દિલ જીત્યા, તે દર્શાવે છે કે વિશ્વ હવે માત્ર અનુભવના ઓટલે નહીં, પણ યુવા પેઢીના સ્માર્ટફોન અને તેમના ક્રાંતિકારી વિઝનમાં કેદ છે. રવિ લામિછાનેની વ્યૂહરચના અને બાલેન શાહના નેતૃત્વનું આ મિલન સાબિત કરે છે કે લોકશાહી હવે નવા યુગના ઉંબરે ઉભી છે.

તાજેતરના આંકડાઓ મુજબ, બાલેન શાહની પાર્ટી ૧૬૫ માંથી ૧૧૦ થી વધુ બેઠકો પર મજબૂત સરસાઈ ભોગવી રહી છે. ખાસ કરીને બાલેન શાહે ઝાપા-૫ મતવિસ્તારમાં પૂર્વ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી સામે વિશાળ મતોથી જીત મેળવીને રાજકીય પંડિતોને ચોંકાવી દીધા છે.

નેપાળની આ ચૂંટણી માત્ર સત્તા પરિવર્તન નથી, પણ 'નવી વિચારધારા' અને 'ટેકનોલોજી'ના વિજય સમાન છે. બાલેન શાહે પરંપરાગત મીડિયાને બદલે ડિસકોર્ડ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકના માધ્યમથી યુવાઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. કાઠમંડુના મેયર તરીકેની તેમની કામગીરી અને ભ્રષ્ટાચાર સામેના કડક વલણે તેમને રાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય બનાવ્યા છે નેપાળની ૧.૯ કરોડની જનતામાંથી મોટાભાગના યુવા મતદારોએ ૭૦-૮૦ વર્ષના જૂના નેતાઓને બદલે ૩૫ વર્ષીય બાલેન શાહ પર વિશ્વાસ મૂક્યો છે.

આ જીત સાથે બાલેન શાહ નેપાળના સૌથી યુવા વડાપ્રધાન બનવા તરફ આગળ વધી રહ્યા છે. જેન-ઝી ક્રાંતિએ સાબિત કરી દીધું છે કે હવે નેપાળમાં માત્ર જૂના સૂત્રો નહીં, પણ આધુનિક વિકાસ અને પારદર્શિતાનું શાસન ચાલશે.

### રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી સ્થાપી ટીવી સ્ટાર બન્યાં કિંગમેકર



નેપાળના જાણીતા ટીવી પ્રેઝન્ટેટર રવિ લામિછાનેએ માત્ર ૪ વર્ષના ટૂંકા ગાળામાં 'રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી' દ્વારા દેશના રાજકારણમાં મોટો ઉલટફેર સર્જ્યો છે. ટીવી પર ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવી લોકપ્રિય બનેલા રવિએ ૨૦૨૨માં રાજકારણમાં પ્રવેશ કર્યો અને પરંપરાગત પક્ષો સામે મજબૂત વિકલ્પ ઊભો કર્યો. નાગરિકત્વ વિવાદ અને જેલવાસ જેવી અનેક કાયદાકીય મુશ્કેલીઓ છતાં, તેમણે યુવા પેઢી અને 'જનરેશન ઝેડ'નો ભરોસો જીત્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૫ના જનઆંદોલન બાદ તેમની લોકપ્રિયતા ચરમસીમાએ પહોંચી હતી. તેમણે કાઠમંડુના લોકપ્રિય મેયર બાલન શાહને પોતાની પાર્ટીમાં જોડીને મોટો રાજકીય દાવ ખેલ્યો છે. આ વ્યૂહાત્મક ગઠબંધન મુજબ, બાલન શાહ વડાપ્રધાન પદનો ચહેરો બન્યા છે, જ્યારે રવિ લામિછાને કિંગમેકરની ભૂમિકા ભજવી રહ્યા છે. આજે રવિ લામિછાને નેપાળના રાજકારણનું એવું કેન્દ્રબિંદુ બની ગયા છે, જેમના વગર સત્તાના સમીકરણો રચવા અશક્ય છે.

### અમે તમને મત આપ્યા છે, હવે કામ કરીને બતાવો: 'જેન ઝી'નો હુંકાર

૩૫ વર્ષીય બાલેન શાહ વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે ત્યારે નેપાળના જાગૃત યુવાનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, ''અમે તમને મત આપ્યા છે, હવે કામ કરીને બતાવો.'' સપ્ટેમ્બર ૨૦૨૫ના આંદોલનથી શરૂ થયેલી આ ક્રાંતિમાં યુવાનોએ ભ્રષ્ટાચાર, બેરોજગારી અને વંશવાદ સામે મોરચો માંડ્યો હતો. યુવા મતદારોનું કહેવું છે કે હવે માત્ર 'નેપાળને સ્વિટ્ઝરલેન્ડ બનાવી દેવા' જેવા પોલા વચનોથી કામ નહીં ચાલે. તેઓએ નવા નેતૃત્વ પાસે રોજગારીની તકો, મજબૂત આરોગ્ય સેવા અને શિક્ષણમાં તાત્કાલિક સુધારાની માંગ કરી છે, જેથી નેપાળના યુવાનોએ કામ માટે વિદેશ ન ભટકવું પડે. આ પેઢીએ સ્પષ્ટ કર્યું છે કે આ જીત કોઈ 'બ્લેન્ક ચેક' નથી; જો નવા નેતાઓ પરિણામ આપવામાં નિષ્ફળ જશે, તો આગામી સમયમાં જનતા તેમને પણ સત્તા પરથી ઉતારતા ખચકાશે નહીં.

# ભારતને અપાતા ક્રૂડ જથ્થાની વિગતો ''શુભચિંતકો''ને લઈ જાહેર કરવાનું ટાળતું રશિયા

## લગભગ ૨.૨ કરોડ બેરલ જેટલું રશિયન તેલ એક સપ્તાહમાં ભારત પહોંચી શકે પરંતુ આંકડા જાહેર કરવાથી વેપારમાં અવરોધ ઊભો થવાની શક્યતા

**અબતક, રાજકોટ**

રશિયાએ ભારતને નિકાસ કરવામાં આવતા ક્રૂડ ઓઈલના ચોક્કસ આંકડાઓ જાહેર કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે શુક્રવારે જણાવ્યું હતું કે, સુરક્ષા અને વૈશ્વિક રાજનીતિને ધ્યાનમાં રાખીને આ માહિતી ગુપ્ત રાખવી જરૂરી છે, કારણ કે હાલમાં રશિયાના અનેક 'શુભચિંતકો' (વિરોધીઓ) આ ડેટા પર નજર રાખી રહ્યા છે.

જ્યારે પેસ્કોવને પૂછવામાં આવ્યું કે શું રશિયા ભારતને મોકલાતા તેલનો જથ્થો જાહેર કરશે, ત્યારે તેમણે વળતો જવાબ આપ્યો કે, ''ના, અમે કોઈ પણ જથ્થાત્મક ડેટા પૂરો પાડવાના નથી. તેના સ્પષ્ટ કારણો છે. અત્યારે અમારા ઘણા 'શુભચિંતકો' સક્રિય છે જે આ વેપારમાં અવરોધ ઊભો કરી શકે છે.'' આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકાએ ભારતીય રિફાઈનરીઓને રશિયન તેલ ખરીદવા માટે ૩૦ દિવસની હંગામી છૂટ આપી છે. પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના સંઘર્ષને કારણે તેલના પુરવઠામાં જે વિક્ષેપ પડ્યો છે, તેને પહોંચી વળવા આ નિર્ણય લેવાયો છે. રશિયાના ડેપ્યુટી પીએમ એલેક્ઝાન્ડર નોવાકે અગાઉ સંકેત આપ્યો હતો કે રશિયા ભારત અને ચીનને ક્રૂડ ઓઈલનો સપ્લાય વધારવા માટે તૈયાર છે. અહેવાલો મુજબ, લગભગ ૨.૨ કરોડ બેરલ જેટલું રશિયન તેલ એક સપ્તાહમાં ભારત પહોંચી શકે છે.

રશિયા દ્વારા ડેટા છુપાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય પશ્ચિમી દેશોના પ્રતિબંધોની દેખરેખથી બચવાનો છે. રશિયા ઈચ્છે છે કે ભારત સાથેનો તેનો આર્થિક વ્યવહાર કોઈ પણ આંતરરાષ્ટ્રીય દબાણ વગર સુરક્ષિત રીતે ચાલુ રહે. રશિયન સ્ટેટ ટીવીએ તાજેતરમાં એક નકશો પણ જાહેર કર્યો હતો જેમાં અનેક ઓઈલ ટેન્કરો અરબી સમુદ્ર થઈને ભારતીય બંદરો તરફ જતાં દેખાય છે.




અબતક દ્વારા ૯મી ફેબ્રુઆરીના રોજ સમાચાર પ્રસિદ્ધ કરાયા હતા કે અમેરિકાના પ્રતિબંધો અને વૈશ્વિક દબાણ છતાં રશિયાની રોઝનેફ્ટ કંપનીની ભાગીદારી ધરાવતી વાડીનારની નાયરા રિફાઈનરી (અગાઉની એસ્સાર) હાલમાં ધમધમી રહી છે. રશિયાએ ''શુભચિંતકો'' (વિરોધીઓ) ને કારણે ભારતને મોકલાતા ક્રૂડના જથ્થાની વિગતો ગુપ્ત રાખી છે, જેથી આ તેલ પુરવઠો કોઈપણ અવરોધ વગર ચાલુ રહી શકે.

### અમેરિકાએ ભારતને રશિયન તેલ ખરીદવાની મંજૂરી કેમ આપી?

જ્યારે અમેરિકાએ અગાઉ ભારતને રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા કહ્યું હતું, ત્યારે પશ્ચિમ એશિયા (ખાસ કરીને ઈરાન સાથેના તણાવ) માં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક સ્તરે તેલના પુરવઠામાં અવરોધ ઊભો થયો છે. આ કટોકટીને પહોંચી વળવા માટે અમેરિકાએ ભારતને આગામી 30 દિવસ માટે રશિયન તેલ ખરીદવાની મંજૂરી આપી છે. આ છૂટ મુખ્યત્વે એવા તેલ માટે છે જે અત્યારે દરિયામાં જહાજોમાં ફસાયેલું છે આનાથી રશિયાને કોઈ નવો મોટો આર્થિક ફાયદો નહીં થાય, પરંતુ વૈશ્વિક બજારમાં તેલની અછત ઓછી થશે અને ભાવ નિયંત્રણમાં રહેશે.

# લોકસભાના સ્પીકર ઓમ બિરલાને હટાવવા વિપક્ષ સોમવારે પ્રસ્તાવ મૂકશે

## એનડીએ પાસે બહુમત હોય બીજી તરફ ટીએમસી સહિતના કેટલાક પક્ષો અવિશ્વાસની દરખાસ્તના સમર્થન આપી રહ્યા ન હોય બિરલાને ઉની આંચ નહીં આવે

**અબતક, રાજકોટ**

ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ અને વિપક્ષ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. લોકસભામાં સોમવારે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોના સાંસદો દ્વારા સમર્થિત ઠરાવ પર ચર્ચા કરશે જેમાં સ્પીકર ઓમ બિરલાને તેમના કથિત પક્ષપાતી વર્તન બદલ દૂર કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવશે.

ગૃહમાં હાલના ૫૪૧ સભ્યોમાં શાસક પક્ષના ૨૯૩ સાંસદો છે જે વિપક્ષના પ્રસ્તાવની હાર આપવવા માટે પર્યાપ્ત છે.પરંતુ તે વિપક્ષની રેન્કમાં એકતાની કસોટી કરશે. ટીએમસી સહિત તેના કેટલાક પક્ષોએ ઠરાવને સમર્થન આપ્યું ન હતું. જેના કારણે ટ્રેઝરી બેન્ચના સભ્યોમાં વિશ્વાસ જાગ્યો કે બિરલા બ્લોકની બહારથી પણ સમર્થન મેળવી શકે છે.બિરલાને હટાવવા માટે મતદાન પહેલા ભાજપ અને કોંગ્રેસે વ્હીપ જારી કર્યો છે.ભાજપ અને કોંગ્રેસ બંનેએ પોતપોતાના લોકસભા સભ્યોને વ્હીપ જારી કર્યો છે, જેમાં તેમને ગૃહમાં તેમની હાજરી સુનિશ્ચિત કરવા જણાવ્યું છે કારણ કે તેઓ મત વિભાજનની અપેક્ષા મુજબ મહત્તમ સંખ્યા વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના વ્હીપમાં પહેલા બે દિવસ તેના સાંસદોની ફરજિયાત હાજરી માટે કહેવામાં આવ્યું છે, જ્યારે કોંગ્રેસના નિર્દેશ પહેલા ત્રણ દિવસ માટે છે. નિયમો બિરલાને અધ્યક્ષ સ્થાને ન રહીને ગૃહમાં હાજર રહેવા અને પોતાનો બચાવ કરવાની મંજૂરી આપે છે. સોમવારના લોકસભાના કાર્યસૂચિમાં કોંગ્રેસના ત્રણ સાંસદો દ્વારા રજૂ કરાયેલા ઠરાવનો ઉલ્લેખ છે. ઠરાવ માટેની નોટિસને કોંગ્રેસ, સપા અને ડીએમકેના ૧૧૮ સાંસદો ઉપરાંત કેટલાક અન્ય સભ્યોએ ટેકો આપ્યો હતો. વિપક્ષના ઠરાવમાં બિરલાના લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય લોકોને બોલવાની મંજૂરી ન આપવા, મહિલા સાંસદો સામે ''અયોગ્ય આરોપો'' લગાવવા, આઠ વિપક્ષી સાંસદોને સસ્પેન્ડ કરવા અને ભૂતપૂર્વ વડા પ્રધાનો વિરુદ્ધ ''વાંધાજનક અને અપમાનજનક ટિપ્પણી કરવા બદલ શાસક પક્ષના સભ્યોને ઠપકો ન આપવા''ના નિર્ણયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છેતેમણે (બિરલા) ગૃહના તમામ વર્ગોના વિશ્વાસને કાબુમાં રાખવા માટે જરૂરી નિષ્પક્ષ વલણ જાળવવાનું બંધ કરી દીધું છે; કે તેમના પક્ષપાતી વલણમાં તેઓ સાંસદોના અધિકારોનો અનાદર કરે છે અને આવા અધિકારોને અસર કરવા અને નબળા પાડવા માટે ઘોષણાઓ કરે છે અને ચુકાદા આપે છે; કે તેઓ તમામ વિવાદાસ્પદ બાબતો પર શાસક પક્ષના સંસ્કરણને ખુલ્લેઆમ સમર્થન આપે છે,'' વિપક્ષ દ્વારા રજૂ કરાયેલા ઠરાવમાં એજન્ડા મુજબ જણાવાયું છે.આ ઉપરાંત, કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાના આરોપમાં આઠ વિપક્ષી સાંસદોના સસ્પેન્શન અને નહેરુ-ગાંધી પરિવારના સભ્યો પર હુમલો કરતા ભાજપના સાંસદ નિશિકાંત દુબેના ભાષણને બિરલા પ્રત્યે અવિશ્વાસ વ્યક્ત કરવા માટે વિરોધ પક્ષે મન બનાવી લીધું છે.

# પત્રકારની હત્યાના કેસમાં સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમીત રામ રહીમ નિર્દોષ જાહેર

## રામ રહીમના કહેવાથી પત્રકારને ગોળી મારીને હત્યા કરવાનો હતો આરોપ



**અબતક, ચંદીગઢ**

સીબીઆઈ માટે એક મોટા ફટકા સમાન ચુકાદામાં, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે શનિવારે ડેરા સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમીત રામ રહીમને પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યાના કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શીલ નાગુ અને જસ્ટિસ વિક્રમ અગ્રવાલની બેન્ચે નીચલી અદાલત દ્વારા વર્ષ ૨૦૧૯માં ફટકારવામાં આવેલી આજીવન કેદની સજાને રદ કરી છે.

રામ રહીમ તરફથી હાઈકોર્ટમાં દલીલ કરવામાં આવી હતી કે વર્ષ ૨૦૦૨માં હરિયાણા પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી પ્રથમ ચાર્જશીટમાં તેમનું નામ ક્યાંય નહોતું. સીબીઆઈએ બાદમાં રાજકીય દબાણ અથવા બદલાની ભાવનાથી તેમનું નામ ઉમેર્યું હતું. વકીલોએ જણાવ્યું હતું કે મુખ્ય સાક્ષી ખટ્ટા સિંહનું નિવેદન ઉપજાવી કાઢેલું હતું અને રામ રહીમ સામે કોઈ સીધા પુરાવા નહોતા. હાઈકોર્ટે આ દલીલોને ધ્યાને રાખીને ડેરા પ્રમુખને નિર્દોષ જાહેર કર્યા છે, જોકે આ કેસના અન્ય ત્રણ આરોપીઓની સજા યથાવત રાખવામાં આવી છે.

ભલે પત્રકાર હત્યા કેસમાં રામ રહીમને મોટી રાહત મળી હોય, પરંતુ તેઓ હજુ જેલમુક્ત થશે નહીં. રામ રહીમ હાલમાં બે મહિલા અનુયાયીઓ પર બળાત્કારના ગુનામાં ૨૦ વર્ષની જેલની સજા કાપી રહ્યા છે અને રોહતકની સુનારિયા જેલમાં બંધ છે. આ ઉપરાંત અન્ય એક હત્યા કેસમાં પણ તેમની સજા ચાલુ છે.

### શું હતો સમગ્ર કેસ?

વર્ષ ૨૦૦૨માં સિરસાના પત્રકાર અને 'પૂરા સચ' અખબારના સંપાદક રામચંદ્ર છત્રપતિની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આરોપ હતો કે પત્રકારે ડેરામાં સાધ્વીઓના યૌન શોષણ અંગેના અહેવાલો પ્રકાશિત કર્યા હોવાથી રામ રહીમના ઈશારે તેમની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં જાન્યુઆરી ૨૦૧૯માં પંચકુલાની વિશેષ સીબીઆઈ કોર્ટે રામ રહીમ અને અન્ય ત્રણ આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી

# હવે ૧૬ વર્ષથી નીચેના કુમળા બાળકોને સોશિયલ મીડિયાથી દુર રાખવા રાજ્ય સરકારો સક્રિય

## કર્ણાટકમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મુકાશે : અન્ય રાજ્યો પણ આ મુદ્દે સક્રિય

**અબતક, નવી દિલ્હી**

કર્ણાટક સરકારે બાળકોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાની તૈયારી દર્શાવી છે. શુક્રવારે વિધાનસભામાં પોતાના બજેટ ભાષણ દરમિયાન, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકશે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો પર વધી રહેલા મોબાઈલના વપરાશ અને તેની નકારાત્મક અસરોને અટકાવવાનો છે. હવે મુદ્દે અન્ય રાજ્યો પણ સક્રિય હોવાનું જાણવા મળી રહ્યું છે.

જોકે, આ પ્રતિબંધ ક્યારથી લાગુ કરવામાં આવશે તેની કોઈ ચોક્કસ તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. કાયદાકીય નિષ્ણાતોના મતે, આ કાયદાને અમલમાં મૂકવામાં અનેક બંધારણીય અને વ્યાવહારિક પડકારો આવી શકે છે. ઓનલાઈન પ્લેટફોર્મ્સનું નિયમન મુખ્યત્વે કેન્દ્ર સરકારના અધિકારક્ષેત્રમાં આવતું હોવાથી રાજ્ય સરકાર માટે આનો કડક અમલ કરાવવો આસાન નહીં રહે.નોંધનીય છે કે આ અગાઉ આંધ્રપ્રદેશ અને ગોવા પણ કિશોરો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર નિયંત્રણો લાવવા અંગે વિચારણા કરી ચૂક્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, ઓસ્ટ્રેલિયાએ ગત ડિસેમ્બરમાં ૧૬ વર્ષથી નીચેના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂક્યો હતો અને આવું કરનાર તે વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો.આ નિર્ણય પર ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપની માલિકી ધરાવતી કંપની મેટાએ પોતાની પ્રતિક્રિયા આપી છે. મેટાનું કહેવું છે કે આવા પ્રતિબંધોથી બાળકો અજાણતા જ અન્ય અસુરક્ષિત સાઈટ્સ તરફ વળી શકે છે. કંપનીનું માનવું છે કે બાળકો કઈ એપનો ઉપયોગ કરે તે નક્કી કરવાનો અધિકાર માતાપિતાનો હોવો જોઈએ. મેટાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''જ્યાં પણ આવા કાયદા લાગુ થશે ત્યાં અમે તેનું પાલન કરીશું, પરંતુ આજકાલ બાળકો દર અઠવાડિયે ૪૦થી વધુ એપ્સનો ઉપયોગ કરે છે, ત્યારે માત્ર અમુક જ કંપનીઓને નિશાન બનાવવાથી તેઓ સુરક્ષિત નહીં રહે. આવા પ્રતિબંધો તમામ એપ્સ પર સમાન રીતે લાગુ થવા જોઈએ.'' ભારત આ અમેરિકન કંપની માટે સૌથી મોટું માર્કેટ છે.

નિષ્ણાતો અને બાળ મનોચિકિત્સકો લાંબા સમયથી બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર સોશિયલ મીડિયાની પડતી ગંભીર અસરો અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. સાયબર બુલિંગ, વધુ પડતો સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વ્યસનના કારણે બાળકોમાં ડિપ્રેશન, અનિદ્રા અને એકાગ્રતાના અભાવના કિસ્સાઓ વધી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કર્ણાટક સરકારનું આ કદમ વાલીઓ માટે રાહતરૂપ સાબિત થઈ શકે છે, જેઓ પોતાના બાળકોને ડિજિટલ દુનિયાના જોખમોથી બચાવવા માટે સતત ચિંતિત રહે છે.

### નિયમને અમલમાં મુકવામાં અનેક સમસ્યાઓ

જોકે, જમીની સ્તર પર આ કાયદાનો અમલ કઈ રીતે થશે તે એક મોટો પ્રશ્ન છે. ઈન્ટરનેટ પર ઉંમરની સચોટ ચકાસણી કરવી તકનીકી રીતે ખૂબ જ જટિલ પ્રક્રિયા છે. બાળકો સરળતાથી ખોટી ઉંમર દર્શાવીને અથવા વીપીએન નો ઉપયોગ કરીને આ પ્રતિબંધોને બાયપાસ કરી શકે છે. શું સરકાર આ માટે ફરજિયાત કેવાયસી જેવી કોઈ સિસ્ટમ લાવશે કે પછી એપ ડેવલપર્સ પાસે કોઈ નવી ટેકનોલોજીની માંગ કરશે, તે આવનારા સમયમાં જ સ્પષ્ટ થશે. આ ઉપરાંત, યુઝર્સની ડેટા પ્રાઈવસી અને કાયદાના પાલન વચ્ચે સમતુલા જાળવવી પણ સરકાર માટે એક કઠિન પરીક્ષા બની રહેશે.



કોમલ હૈ કમજોર નહિ શક્તિ કા નામ નારી હૈ જગ કો જીવન દેને વાલી મૌત ભી તુજે તે હારી હૈ

# જગત જનનીથી આધુનિક યુગની આઈકોન રાજકોટના વિકાસમાં નારી શક્તિનો સિંહફાળો

## શક્તિનું સ્વરૂપ, ભક્તિનું પ્રતીકઃ સમાજ રૂપી રથનું મજબૂત પૈડું એટલે નારી

### રાજકોટની નારી શક્તિની અપ્રતિમ સિદ્ધિઓ, સાહસ અને સફળતાને 'અબતક'ની સલામઃ મહિલા દિવસ નિમિત્તે વિશેષ વંદના

## મહિલાઓ માત્ર ઘરની ધરી નથી, રાષ્ટ્રના વિકાસનું એન્જિન છેઃ ધારાસભ્ય ભાનુબેન બાબરિયા

'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે સમગ્ર વિશ્વ જ્યારે સ્ત્રી શક્તિના સંઘર્ષ અને પ્રેરણાને વંદન કરી રહ્યું છે, ત્યારે ગુજરાત પણ 'સશક્ત મહિલા, સમૃદ્ધ સમાજ'ના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે. ૭૧-રાજકોટ ગ્રામ્ય વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા જણાવે છે કે, ''સ્ત્રી એ ઈશ્વરનું સૌથી સુંદર સર્જન છે, જે પ્રેમ, સહનશીલતા અને શક્તિનો અદભૂત સંગમ છે.'' મહિલાઓ માત્ર પરિવારની ધરી જ નથી, પરંતુ રાષ્ટ્રના વિકાસનું જીવંત એન્જિન છે. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ભારત 'વુમન લેડ ડેવલપમેન્ટ' (મહિલા નેતૃત્વ હેઠળનો વિકાસ) ના મંત્ર સાથે 'વિકસિત ભારત'ના સ્વપનને સાકાર કરી રહ્યું છે.

ગુજરાત સરકાર દીકરીના જન્મથી લઈને વૃદ્ધાવસ્થા સુધી તેની પડખે ઊભી છે. વ્હાલી દીકરી યોજના, કન્યા કેળવણી અભિયાન, બેટી બચાવો-બેટી પઢાવો, પોષણ અભિયાન અને ગંગાસ્વરૂપા યોજના જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ દ્વારા નારીને આર્થિક અને સામાજિક રીતે મજબૂત બનાવવામાં આવી રહી છે. આજની નારી આ જાગૃતિના રોડમેપ થકી સંસારની કોઈપણ સમસ્યા ઉકેલવાની ક્ષમતા ધરાવે છે. મહિલા સશક્તિકરણ એ માત્ર સરકારની નહીં, પણ સમગ્ર સમાજની સહિયારી જવાબદારી છે. જ્યારે છેવાડાની મહિલા સુધી યોજનાઓના લાભ પહોંચશે અને તે સુરક્ષિત વાતાવરણમાં પ્રગતિ કરશે, ત્યારે જ સાચા અર્થમાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું નિર્માણ થશે.



## નારી તો સંવેદના અને સંકલ્પની શક્તિ છે : ડો. દર્શિતા શાહ



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાજકોટના ધારાસભ્ય ડો. દર્શિતા શાહે તમામ મહિલાઓને હાર્દિક શુભેચ્છા પાઠવતા જણાવ્યું છે કે, ૮મી માર્ચનો આ દિવસ માત્ર એક ઉજવણી નથી, પરંતુ નારીના સન્માન, શક્તિ અને સંકલ્પને અભિવાદન કરવાનો પવિત્ર અવસર છે. ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને ટાંકીને તેમણે ઉમેર્યું હતું કે, ''નારી એ સંવેદના છે અને નારી એ સંકલ્પની શક્તિ છે.'' જ્યારે પણ નારીને અવસર મળ્યો છે, ત્યારે તેણે સમાજને નવી દિશા ચીંધી છે અને પોતાના સાહસ, સંઘર્ષ તથા સમર્પણથી વિશ્વના ફલક પર ભારતનું નામ રોશન કર્યું છે.અંતમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નારી માત્ર ઘર નથી સંભાળતી પણ આખા સમાજનું ભવિષ્ય ઘડે છે. દેશની પ્રગતિમાં મહિલાઓનું યોગદાન અમૂલ્ય છે અને નારીને સશક્ત બનાવવી એ માત્ર સરકારની જ નહીં પરંતુ સમગ્ર સમાજની જવાબદારી છે.

## ઘરની ચાર દિવાલથી દેશના સર્વોચ્ચ પદ સુધી નારી શક્તિનો ડંકો : મેયર નયનાબેન પેઢડીયા



મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયાએ મહિલાઓને ઉષ્માભરી શુભેચ્છા પાઠવતા જણાવ્યું છે કે, સ્ત્રી એ સાક્ષાત શક્તિનું સ્વરૂપ છે અને પરિવારના સંઘર્ષમાં તેની ભૂમિકા પાયાની છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો અને મહિલાઓને રૂઢિચુસ્ત કુરિવાજોમાંથી બહાર લાવી શિક્ષિત બનાવવાનો છે. આજે વિજ્ઞાન, ટેકનોલોજી, અવકાશ, રમતગમત અને રાજકારણ જેવા તમામ ક્ષેત્રોમાં મહિલાઓ પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'કન્યા કેળવણી', 'બેટી બચાવો બેટી પઢાવો' અને મિલકત રજીસ્ટ્રેશનમાં સ્ટેમ્પ ડ્યૂટીમાં રાહત જેવા પગલાઓ દ્વારા ગુજરાત સરકાર નારી શક્તિને આર્થિક અને સામાજિક રીતે સુદ્રઢ બનાવવા કટિબદ્ધ છે.વર્તમાન સમયમાં મહિલાઓ પુરુષો સાથે ખભેખભો મિલાવીને દેશના સર્વોચ્ચ પદો પર બિરાજમાન છે, જેમાં રાષ્ટ્રપતિ મહામહિમ દ્રૌપદી મુર્મુ અને નાણામંત્રી નિર્મલા સિતારમણ જેવા વ્યકિતત્વો પ્રેરણારૂપ છે. આ ઉપરાંત કલ્પના ચાવલા, પી.ટી. ઉષા અને લતા મંગેશકર જેવી વિભૂતિઓએ પોતપોતાના ક્ષેત્રમાં ભારતનું નામ વિશ્વસ્તરે રોશન કર્યું છે. મેયરે ખાસ ઉલ્લેખ કર્યો કે, 'નારી શક્તિ વંદન અધિનિયમ' અંતર્ગત મહિલાઓને ૩૩% અનામત મળવી એ ઐતિહાસિક બાબત છે. અંતમાં તેમણે સંદેશ આપ્યો કે, ''એક માતા સો શિક્ષક બરાબર છે,'' તેથી આજની નારી ઘરની ચાર દીવાલોમાંથી બહાર નીકળી યુવા પેઢીને સંસ્કાર અને શિસ્તના પાઠ શીખવે તથા દેશનો 'વિકસિત રાષ્ટ્ર' બનાવવાના સંકલ્પમાં પોતાનું સક્રિય યોગદાન આપે તે સમયની અનિવાર્ય માંગ છે.

## સ્ત્રીને આત્મનિર્ભર બનવા માટે શિક્ષણ જ અમોઘ શસ્ત્રઃ અલ્પનાબેન ત્રિવેદી



ભારતીય સંસ્કૃતિમાં નારીને ત્યાગ, શકિત અને મમતાનું પ્રતીક માનવામાં આવે છે. આજના આધુનિક યુગમાં નારી દરેક ક્ષેત્રમાં પોતાની ઓળખ બનાવી રહી છે, ત્યારે શિક્ષણ એ તેના સશક્તિકરણનું સૌથી મોટું શસ્ત્ર છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે અલ્પનાબેન ત્રિવેદીએ નારી શક્તિ અને શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા પ્રેરણાદાયી સંદેશ આપ્યો છે.

અલ્પનાબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ''આજના યુગમાં આત્મનિર્ભર બનવા માટે શિક્ષણ અનિવાર્ય છે. જો એક દીકરી શિક્ષિત હશે, તો તે માત્ર પોતાનું જ નહીં પણ આખા ઘરનું ભવિષ્ય ઉજ્જવળ કરી શકશે.'' તેમણે ગ્રામ્ય વિસ્તારોના અનુભવો વહેંચતા દુઃખ વ્યક્ત કર્યું હતું કે, આજે પણ ક્યાંક ભાઈના ભણતર માટે બહેનોએ પોતાનું શિક્ષણ જતું કરવું પડે છે. આ પરિસ્થિતિ બદલવી જરૂરી છે.વધુમાં તેમણે ઉમેર્યું કે, નારી ભલે બે અક્ષરનો નાનો શબ્દ હોય, પણ તે આખી સૃષ્ટિની સર્જક છે. શિક્ષણનો વ્યાપ વધશે તો જ સમાજ આગળ આવશે.

## ડો. મોનાલીનો સંદેશઃ સ્ત્રીઓની બેવડી જવાબદારી એજ તેમની સાચી તાકાત



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે રાજકોટ સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડ ડોક્ટર મોનાલીબેન માકડીયાએ આજના આધુનિક યુગમાં સ્ત્રીની ભૂમિકા અને તેના સામર્થ્ય વિશે પ્રેરણાદાયી વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સ્ત્રી ભલે ઘરે હોય કે ઓફિસે, તેની વ્યવસ્થાપન શક્તિ અજોડ છે.ગૃહિણી પણ એક 'હોમ મેનેજર'ડો. મોનાલીબેને કહ્યું હતું કે, જે સ્ત્રીઓ ઘરે રહીને પરિવારની સંભાળ રાખે છે, તેઓ માત્ર ઘરકામ કરનાર નથી પરંતુ એક સક્ષમ 'હોમ મેનેજર' છે. ઘરના દરેક સભ્યોની જરૂરિયાત, આર્થિક વ્યવસ્થા અને સંચાલન જે રીતે સ્ત્રી કરે છે, તે કોઈ પણ પ્રોફેશનલ મેનેજમેન્ટથી ઓછું નથી.જે મહિલાઓ ઘરની સાથે નોકરી કે વ્યવસાયિક ક્ષેત્રે આગળ વધી રહી છે, તેમના વિશે વાત કરતા તેમણે કહ્યું કે, બંને જવાબદારીઓ એકસાથે નિભાવવી જરાય સહેલી નથી. સ્ત્રીઓ પોતાના અંગત સપનાઓ અને ઘરની ફરજો વચ્ચે સંતુલન જાળવવા સતત પ્રયત્નશીલ રહે છે, જે ખરેખર બિરદાવવા લાયક છે.ડોક્ટરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સ્ત્રી ગમે તેટલી સક્ષમ હોય, પરંતુ તેને જો પરિવારનો સંપૂર્ણ સહયોગ મળે તો તે અશક્યને પણ શક્ય બનાવી શકે છે. સ્ત્રીના વિકાસમાં તેના પરિવારનો સાથ સૌથી મોટું બળ પૂરું પાડે છે

## દીકરીઓ શારીરિક-માનસિક રીતે એટલી સશક્ત બને કે કોઈ શોષણ ન કરી શકેઃ ડીસીપી હેતલ પટેલ



ડીસીપી ઝોન ૧ હેતલ પટેલનો જન્મ મહીસાગર જિલ્લાના નદી કિનારે વસેલા એક ગામમાં થયો હતો, જ્યારે તેમનું શિક્ષણ અમદાવાદમાં પૂર્ણ થયું હતું. તેમના પિતા ઈસરોમાં વૈજ્ઞાનિક તરીકે સેવા આપી નિવૃત્ત થયા છે. કોલેજ કાળ દરમિયાન એનસીસીમાં જોડાયા બાદ તેમને ખાખી પ્રત્યે લગન લાગી હતી. તેમણે પોતાની મહેનતથી ત્રણ વખત જીપીએસસીની પરીક્ષા પાસ કરી, જેમાં તેમણે શરૂઆતમાં ટીડીઓ અને ત્યારબાદ ખંભાતમાં ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવી હતી. વર્ષ ૨૦૧૯ માં ડિવાયએસપી તરીકે પ્રમોશન મેળવ્યા બાદ, ૨૦૨૧ માં તેઓ આઈપીએસ તરીકે નોમિનેટ થયા હતા. હાલમાં તેઓ રાજકોટમાં ડીસીપી ઝોન-૧ તરીકે કાર્યરત છે અને મર્ડર જેવા ગંભીર ગુનાઓની તપાસમાં આરોપીઓને સજા અપાવવા સુધીની કામગીરીને એક પડકાર તરીકે સ્વીકારે છે.વ્યક્તિગત જીવનમાં હેતલ પટેલ સંયુક્ત પરિવારમાં રહે છે, જેમાં તેમના પતિ, સંતાનો અને સાસુ-સસરાનો સંપૂર્ણ સહકાર મળે છે. આ પારિવારિક પીઠબળને કારણે જ તેઓ પોતાની ૨૪ કલાકની સખત ફરજ અને ઘરની જવાબદારીઓ વચ્ચે સંતુલન જાળવી શકે છે. પોલીસ દળમાં સ્ત્રી-પુરુષના ભેદભાવને નકારતા તેઓ માને છે કે યુનિફોર્મ પહેર્યા પછી માત્ર ફરજ જ મુખ્ય હોય છે. સમાજની દીકરીઓ અને મહિલાઓને સંદેશ આપતા તેઓ જણાવે છે કે, મહિલાઓએ શારીરિક અને માનસિક રીતે સશક્ત બનવું જોઈએ જેથી કોઈ તેમનું શોષણ કે ઈમોશનલ બ્લેકમેઈલ ન કરી શકે. કોઈપણ મુશ્કેલીના સમયે તેઓ નિર્ભય બનીને પોલીસનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કરે છે.

## મહિલાઓ પારિવારિક અને વ્યવસાયિક જીવનમાં હંમેશા સજ્જ : ભાવિકા ધકાણ



મહિલાઓ પારિવારિક તથા વ્યવસાયિક જીવનની જવાબદારીઓ નિભાવવામાં હંમેશા સજ્જ રહે છે, એવું જણાવતાં ભાવિકા ધકાણે મહિલા દિવસ નિમિત્તે જણાવ્યું હતું કે કેટલીક મહિલાઓને રાત્રિ ડ્યૂટી પણ કરવી પડતી હોય છે, તેમ છતાં તેઓ પોતાની ફરજ નિડરતાપૂર્વક નિભાવે છે.

તેમણે જણાવ્યું હતું કે વર્ષમાં બે વખત તાલીમ આપવામાં આવે છે, જેમાં કટોકટીની પરિસ્થિતિમાં દર્દીને કેવી રીતે હેન્ડલ કરવો, પ્રાથમિક સારવાર આપવી અને દર્દીને ઝડપથી હોસ્પિટલ પહોંચાડવા જેવી બાબતો શીખવવામાં આવે છે. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ દર્દીના જીવને બચાવવાનો હોય છે.મહિલા દિવસના અવસરે તેમણે સંદેશ આપ્યો હતો કે દરેક મહિલાએ આત્મવિશ્વાસથી ભરપૂર બની નિડરતાથી પોતાની ફરજો નિભાવવી જોઈએ.

## મહિલા સશક્તિકરણથી સમર્થ રાષ્ટ્રનું નિર્માણ શક્ય : ડો. ભાવના જોષીપુરા



મહિલા સશકિતકરણનો સાચો અર્થ મહિલાઓમાં સ્વનિર્ભરતા, આત્મવિશ્વાસ અને સશક્તતાની ભાવનાનો વિકાસ છે, જે સમાજ અને દેશના ગૌરવરૂપ બને છે, એવું જણાવતાં ડો. ભાવના જોષીપુરાએ કહ્યું હતું કે આત્મનિર્ભર માતૃશક્તિના માધ્યમથી સમર્થ રાષ્ટ્રનું નિર્માણ વધુ અસરકારક રીતે થઈ શકે છે.


તેમણે જણાવ્યું હતું કે સ્વાવલંબન સ્વબુદ્ધિ, સ્વવિવેક અને સ્વશક્તિના વિકાસને પ્રોત્સાહન આપે છે, જ્યારે સ્વનિર્ભર મહિલા સુખી કુટુંબ અને મજબૂત સમાજની રચનામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા માટે આત્મનિર્ભર નારીની સંકલ્પના અત્યંત જરૂરી છે.વર્તમાન સમયમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી માત્ર અસરકારક જ નથી રહી, પરંતુ નિર્ણય લેવાની પ્રક્રિયામાં પણ તેઓ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. મહિલાઓની સહભાગિતાથી સામાજિક સંવેદના, કરૂણા અને જવાબદારી સાથે ઉત્તમ નિર્ણયો લેવામાં સહાય મળે છે, ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને શાસન ક્ષેત્રે.

ડો. જોષીપુરાએ વધુમાં જણાવ્યું હતું કે સ્વનિર્ભરતા આત્મસન્માનને મજબૂત બનાવે છે જ્યારે સ્વાવલંબન આત્મવિશ્વાસને દ્રઢ બનાવે છે. વૈશ્વિક દૃષ્ટિએ ૨૦૩૦ સુધીમાં મહિલાઓને તમામ સ્તરે સમાન હિસ્સેદારી, સમાનતા, સમાન વ્યવહાર અને સમાન સુરક્ષા મળે તે માટે પ્લેનેટ ૫૦-૫૦ ની સંકલ્પના નક્કી કરવામાં આવી છે.તેમણે અપીલ કરી હતી કે ૨૦૩૦ પહેલા આ વૈશ્વિક સંકલ્પનાને સાકાર કરવા માટે સમાન ન્યાયપૂર્ણ વ્યવહાર, દેખી શકાય તેવો સમાન વ્યવહાર અને હકીકત આધારિત સમાન તક - આ ત્રણ સંકલ્પનાઓને અમલમાં મૂકવી જરૂરી છે.

''યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ'' - જ્યાં નારીનું સન્માન થાય છે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે. સ્ત્રી એ માત્ર એક વ્યક્તિ નથી, પરંતુ સમાજની સંસ્કાર મૂર્તિ અને વિકાસનો મજબૂત આધાર સ્તંભ છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના આ પવિત્ર અવસરે રાજકોટ શહેરની તેજસ્વી મહિલાઓની સિદ્ધિઓ, તેમની અડગ હિંમત અને સામાજિક-આર્થિક ક્ષેત્રે મેળવેલી સફળતાને 'અબતક' ગૌરવપૂર્વક બિરદાવે છે.

સ્ત્રી એ ઈશ્વરની સૌથી સુંદર અને શક્તિશાળી શિલ્પકૃતિ છે. આજે રાજકોટની મહિલાઓ ઘરના ઉંબરા ઓળંગીને આકાશ આંબી રહી છે. વ્યવસાય હોય કે વિજ્ઞાન, રાજકારણ હોય કે રમતગમત - દરેક ક્ષેત્રે નારીએ પોતાની ક્ષમતા પુરવાર કરી છે. રાજકોટની નારીઓએ સાબિત કરી દીધું છે કે તેઓ માત્ર પરિવારનું જ નહીં, પરંતુ રાષ્ટ્રનું ઘડતર કરવાની પણ તાકાત ધરાવે છે. આર્થિક પગભર બનીને સ્ત્રીઓએ સમાજમાં એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે.

આજના આધુનિક યુગમાં મહિલાઓ સામાજિક રૂઢિચુસ્તતાને તોડીને નેતૃત્વના શિખરો સર કરી રહી છે. રાજકોટના વિકાસમાં મહિલા ઉદ્યોગ સાહસિકો, ડોકટરો, શિક્ષણવિદો અને સામાજિક કાર્યકરોનો ફાળો અતુલનીય છે. સ્ત્રીના સંઘર્ષની પાછળ રહેલી તેની હિંમત અને ગમે તેવી પરિસ્થિતિમાં અડગ રહેવાની તેની મક્કમતાને કારણે જ આજે 'નારી તું નારાયણી'નું સૂત્ર સાર્થક થઈ રહ્યું છે.'અબતક' પરિવાર આજના વુમન્સ ડે નિમિત્તે રાજકોટની દરેક એ મહિલાને વંદન કરે છે જેણે પોતાની મહેનતથી સમાજમાં નવો રાહ ચીંધ્યો છે. સ્ત્રી એ ત્યાગ,




સમર્પણ અને શક્તિનું સંગમ છે. આવો, આપણે સૌ સાથે મળીને નારીના અધિકારોનું સન્માન કરીએ અને તેને પ્રગતિના હજુ વધુ ઉંચા આયામો સર કરવા માટે સાથ-સહકાર આપીએ.

આજના સમયમાં મહિલાઓ માત્ર પોતાના સપનાઓ પૂરાં કરતી નથી, પરંતુ પરિવાર, સમાજ અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. શિક્ષણના વધતા અવસરો, ટેકનોલોજી અને આત્મનિર્ભરતાની ભાવનાએ મહિલાઓને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. રાજકોટ શહેરમાં પણ અનેક મહિલાઓ એવી છે જેમણે પોતાની પ્રતિભા અને મહેનતના બળ પર સમાજમાં આગવી ઓળખ ઉભી કરી છે.મહિલાઓ આજે સ્ટાર્ટઅપ, ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય, પ્રશાસન, મીડિયા અને રમતગમત જેવા ક્ષેત્રોમાં પણ સફળતાના નવા માપદંડ સ્થાપિત કરી રહી છે. ઘણી મહિલાઓ સમાજમાં પ્રેરણાદાયી નેતૃત્વ આપી રહી છે અને નવી પેઢીની યુવતીઓ માટે માર્ગદર્શન બની રહી છે.

સાથે સાથે મહિલાઓમાં વધતી આર્થિક સ્વતંત્રતા પણ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી રહી છે. આર્થિક રીતે સશક્ત મહિલા માત્ર પોતાના પરિવારને જ નહીં પરંતુ સમગ્ર સમાજને મજબૂત બનાવે છે. જ્યારે નારી સશક્ત બને છે ત્યારે સમગ્ર રાષ્ટ્ર વધુ સમૃદ્ધ અને વિકાસશીલ બને છે.આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ આપણને યાદ અપાવે છે કે સમાજમાં સાચી પ્રગતિ ત્યારે જ શક્ય છે જ્યારે સ્ત્રી અને પુરુષ બંનેને સમાન તક, સન્માન અને સુરક્ષા મળે. આવો, આપણે સૌ મળીને મહિલાઓને વધુ સશક્ત બનાવવા માટે પ્રયાસ કરીએ અને તેમના સપનાઓને સાકાર કરવા માટે પ્રોત્સાહન આપીએ.

નારી શક્તિ સમાજના સંસ્કાર, સહાનુભૂતિ અને માનવતાના મૂળમાં વસે છે. એક મહિલા જ્યારે શિક્ષિત અને સશક્ત બને છે ત્યારે તેના પરિવાર સાથે આખો સમાજ પણ પ્રગતિના માર્ગે આગળ વધે છે. માતા તરીકે તે સંસ્કાર આપે છે, શિક્ષિકા તરીકે જ્ઞાન આપે છે અને નેતા તરીકે સમાજને નવી દિશા આપે છે. તેથી જ કહેવાય છે કે એક પુરુષ શિક્ષિત થાય તો એક વ્યકિત શિક્ષિત થાય, પરંતુ એક મહિલા શિક્ષિત થાય તો આખું કુટુંબ શિક્ષિત બને છે.


## સ્પોર્ટ્સ અબતક

### સવા લાખથી વધુ દર્શકો વચ્ચે કાલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આખરી જંગ

# દર્શકોનો ઉત્સાહ પ્રેશર ન બને તો ભારત- ન્યુઝીલેન્ડને હરાવી કપ અંકે કરી શકશે?

### ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે 30 ટી-૨૦ મેચમાં ભારતે ૧૮માં જીત મેળવી છે જયારે ૧૧માં હારનો સામનો કરવો પડ્યો છેઃ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના મેચમાં બન્ને ટીમો અમદાવાદમાં સફળ થઇ નથી



### ફાઈનલ પહેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાશે મેગા શો

વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ ગણાતા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ફાઈનલ મુકાબલો રમાનાર છે. આ મહામુકાબલા પહેલા ભવ્ય ક્લોઝિંગ સેરેમની અને મેગા કલ્ચરલ શોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દેશ-વિદેશના જાણીતા ગાયકો પ્રદર્શન કરશે. આ ભવ્ય કાર્યક્રમમાં પ્રખ્યાત ગાયક અરિજીત સિંહ, ગુજરાતની લોકપ્રિય ગાયિકા ફાલ્ગુની પાઠક અને આંતરરાષ્ટ્રીય પોપ સ્ટાર રિકી માર્ટિન પરફોર્મન્સ આપશે. અંદાજે ૧.૨૫ લાખથી વધુ પ્રેક્ષકોની હાજરીમાં યોજાનાર આ કાર્યક્રમ ટી૨૦ વર્લ્ડ કપના સમાપનને યાદગાર બનાવશે. સંગીત, લાઈટિંગ અને ભવ્ય સ્ટેજ શો સાથે ક્રિકેટ અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળશે.

### ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ઈનામી રકમ

- વિજેતા આશરે ૨૭.૫૦ કરોડ
- બીજા ક્રમે આશરે ૧૪.૬૭ કરોડ
- સેમિફાઈનલમાં હારનારાઓ આશરે ૭.૨૪ કરોડ
- ૫માથી ૧૨મા ક્રમે રહેલી ટીમો આશરે ૩.૪૮ કરોડ
- ૧૩માથી ૨૦મા ક્રમે રહેલી ટીમો આશરે ૨.૨૯ કરોડ

### સેમિફાઈનલમાં અભિષેકની "હેડલેસ" બેટીંગઃ અશ્વિન

ઈંગ્લેન્ડ સામેની સેમીફાઈનલમાં અભિષેક શર્મા ૭ બોલમાં ૯ રન બનાવીને આઉટ થયો. અભિષેક ફરી એકવાર મોટો શોટ મારવાનો પ્રયાસ કરતા કેચ આઉટ થઈ ગયો હતો. તેની વિકેટ ઓફ સ્પિનર વિલ જેક્સે લીધી હતી. રવિચંદ્રન અશ્વિને અભિષેક શર્માની બેટીંગ "હેડલેસ" ગણાવી છે.

### નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયાનો રેકોર્ડ

ટીમ ઈન્ડિયાએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અત્યાર સુધીમાં ૧૦ ટી૨૦ મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન, ભારતે ૭ મેચ જીતી છે અને ૩ હારી છે. ભારતે આ ટુર્નામેન્ટમાં અહીં ૨ મેચ રમી છે. ટીમ ઈન્ડિયાએ નેધરલેન્ડ્સને ૧૭ રનથી હરાવ્યું હતું, પરંતુ દક્ષિણ આફ્રિકા સામે ૭૬ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો, જે આ આવૃત્તિમાં ભારતનો એકમાત્ર હાર પણ છે.

**અબતક, રાજકોટ**

ભારતીય ટીમ કાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ની ફાઈનલ મેચ ન્યુઝીલેન્ડ સામે રમવા માટે મેદાનમાં ઉતરશે. સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ ઈન્ડિયાએ ફરી એકવાર ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. ફાઈનલમાં પહોંચતી વખતે, ભારત ફક્ત એક જ મેચ હારી ગયું હતું, એક સુપર ૮ મેચ દક્ષિણ આફ્રિકા સામે. ત્યારબાદ, ટીમ ઈન્ડિયાએ શાનદાર વાપસી કરી અને ફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. ત્યારે સવા લાખ દર્શકોનો ઉત્સાહ પ્રેસર ન બને તો ભારત ન્યુઝીલેન્ડને હરાવી કપ અંકે કરી શકશે?

ભારતીય ટીમે અત્યાર સુધી 30 ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ન્યૂઝીલેન્ડનો સામનો કર્યો છે.ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં, ભારતીય ટીમે તેમાંથી ૧૮ જીતી છે, ૧૧ હારનો સામનો કર્યો છે અને એક ટાઇ રહી છે. વધુમાં, ન્યૂઝીલેન્ડ સામે ટીમ ઈન્ડિયાનો ઘરઆંગણેનો રેકોર્ડ દર્શાવે છે કે બંને ટીમો વચ્ચે ૧૬ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ છે, જેમાં ટીમ ઈન્ડિયા ૧૧ જીતી છે અને ફક્ત પાંચ હારનો સામનો કરી છે. સૌથી વધુ વખત ફાઇનલમાં પહોંચવાની ટીમોમાં ભારત ચાર વખત (૨૦૦૭, ૨૦૧૪, ૨૦૨૪ અને ૨૦૨૬) પાકિસ્તાન ત્રણ વખત (૨૦૦૭, ૨૦૦૯, ૨૦૨૨), ઇંગ્લેન્ડ ત્રીજી વખત (૨૦૧૦, ૨૦૧૬, ૨૦૨૨) અને શ્રીલંકા ત્રણ વખત (૨૦૦૯, ૨૦૧૨ અને ૨૦૧૪)નો સમાવેશ થાય છે.

ભારત માટે ઘરઆંગણાનો લાભ, વાતાવરણ ઉપરાંત સ્થાનિક પ્રેક્ષકોનો પ્લસ પોઇન્ટ ટીમનાં વિજય માટે કાફી છે. માત્ર ખેલાડીઓએ આત્મવિશ્વાસ થકી કિવીઝને પ્રથમ વખત ટી-૨૦ વિશ્વ કપ વિજેતા બનવા રોકવાનું છે. વર્લ્ડ કપ ૨૦૨૬ માં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન અત્યાર સુધી ખૂબ જ મજબૂત રહ્યું છે. જોકે, ફાઇનલમાં ન્યુઝીલેન્ડને હરાવવું સરળ રહેશે નહીં. હકીકતમાં, ભારતીય ટીમ આ ટુર્નામેન્ટમાં ન્યુઝીલેન્ડ સામે એક પણ મેચ જીતી શકી નથી.ટી૨૦ વર્લ્ડ કપમાં બંને ટીમો વચ્ચે કુલ ૩ મેચ રમાઈ છે, અને ટીમ ઈન્ડિયા ત્રણેય વખત હારી ગઈ છે.ટીમ ઈન્ડિયાએ બાઉન્ડરી ફટકારવામાં ચોક્કસપણે ન્યૂઝીલેન્ડને પાછળ છોડી દીધું. ભારતે ૮૮ છગ્ગા અને ૧૨૮ ચોગ્ગા ફટકાર્યા. કિવી ટીમ ૫૭ છગ્ગા અને ફક્ત ૧૦૯ ચોગ્ગા જ ફટકારી શકી. ભારતે ટુર્નામેન્ટમાં ૩ વખત ૨૦૦ +નો સ્કોર પણ બનાવ્યો, જ્યારે કિવી ટીમનો શ્રેષ્ઠ સ્કોર ફક્ત ૧૮૩ રન જ છે. જોકે, આ સ્કોર પણ રન ચેઝમાં આવ્યો હતો.

### ભારત માટે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો એકમાત્ર દાવેદાર સંજુ સેમસન

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા શુક્રવારે વર્તમાન ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ માટે 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ'ના આઠ દાવેદારોની યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહેલા ભારતીય ઓપનર સંજુ સેમસનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતી ટીમ ફાઈનલમાં પહોંચી છે અને રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડ સામે તે ફાઈનલ મુકાબલો કરશે.ટુર્નામેન્ટની શરૂઆતમાં ટીમમાં સ્થાન ન મળવા છતાં સેમસને તક મળતા જ શાનદાર પ્રદર્શન કર્યું છે. સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે તેણે ૪૨ બોલમાં ૮૯ રન ફટકારીને ભારતને સફળતા અપાવી હતી. ભારતની છેલ્લી બે મેચમાં તે જીતનો હીરો બન્યો હતો. આ અગાઉ વેસ્ટ ઈન્ડિઝ સામેની ક્વાર્ટર ફાઈનલમાં પણ તેણે ૫૦ બોલમાં ૯૭ રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી.

### ફાઈનલ મેચમાં ૨૦૦૦ પોલીસ બજાવશે ફરજ

અમદાવાદમાં આવતીકાલે ઈન્ડિયા-ન્યૂઝીલેન્ડ વચ્ચે ટી૨૦વર્લ્ડ કપ ફાઈનલ મેચ યોજાવા જઈ રહી છે અને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પોલીસનો ચાંપતો બંદોબસ્ત રહેશે. સ્ટેડિયમમાં બીડીડીએસ અને એનડીઆરએફની ટીમ તૈનાત રહેશે અને ૭ ડીસીપી, ૧૦ એસીપી સહિત ૨૫ પીઆઈ રહેશે હાજર જેમાં ૭૮ પીએસઆઈ, ૧૪૭૦ પોલીસકર્મીઓ બંદોબસ્તમાં રહેશે અને સ્ટેડિયમમાં બીડીડીએસ ૪, એનડીઆરએફની ૧ ટીમ રહેશે તૈનાત રહેશે, ટ્રાફિક સંચાલન માટે ૭૪૪ અધિકારી-કર્મીઓ તૈનાત રહેશે, ૧ જેસીપી, ૩ ડીસીપી, ૪ એસીપી, ૧૧ પીઆઇ, ૨૫ પીએસઆઇ રહેશે હાજર. પોલીસકર્મી, ટીઆરબી સહિત ૭૦૦ જવાનો ટ્રાફિક નિયમન કરશે.

## રોનાલ્ડોને મદદે આવવા વિન્ડિઝના ખેલાડીઓની આજીજી!!!

### મધ્ય પૂર્વના સંઘર્ષને કારણે વિન્ડિઝની ટિમ પાંચ દિવસથી કોલકતામાં ફસાઈ



**અબતક, રાજકોટ**

તાજેતરમાં ચાલી રહેલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં વેસ્ટ ઈન્ડીઝની ટીમનું અભિયાન સુપર-૮ પછી સમાપ્ત થયું હતું. ભારતમાં રમાયેલા મેચો પછી ટીમના ખેલાડીઓ અને સ્ટાફને પોતાના દેશ કેરેબિયન પરત ફરવામાં મોટી મુશ્કેલી પડી રહી છે.

આનું કારણ છે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈઝરાયેલ, ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવને કારણે આંતરરાષ્ટ્રીય એરસ્પેસમાં મોટા ભાગના રૂટ્સ બંધ થઈ ગયા છે, ઘણી ફ્લાઈટ્સ કેન્સલ થઈ છે અને એરપોર્ટ્સ પર હાઈ એલર્ટ જાહેર કરાયું છે. આ કારણે વેસ્ટ ઈન્ડીઝની ટીમ કોલકાતમાં અટવાઈ ગઈ છે અને ૪-૫ દિવસથી વધુ સમયથી પરત ફરી શકી નથી.

આ પરિસ્થિતિમાં ટીમના ખેલાડીઓમાં હતાશા વધી ગઈ છે. કેપ્ટન અને કોચ ડેરેન સેમીએ પણ સોશિયલ મીડિયા પર પોતાની નિરાશા વ્યક્ત કરી હતી.ત્યારે વેસ્ટ ઈન્ડીઝના ખેલાડીએ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને મદદ માટે પોકાર કરી છે અને કહ્યું કે તમારું ચોપર મોકલો એટલે અમે ઘરે પહોંચીએ.

ક્રિકેટ વેસ્ટ ઈન્ડીઝે જણાવ્યું છે કે ટીમ માટે ચાર્ટર્ડ ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, પરંતુ એરસ્પેસ ક્લિયરન્સ મળવાની રાહ જોવી પડી રહી છે. જયોર્જીકલ તણાવ રમતગમતની દુનિયાને પણ અસર કરી રહ્યો છે, અને ખેલાડીઓ પણ મજાકમાં પોતાની ફ્રસ્ટ્રેશન વ્યક્ત કરી રહ્યા છે!

## બાંગ્લાદેશ સામેની સિરીઝ માટે પાક. ટીમમાં છ ફેરફાર કરાયાઃ આફ્રિદી કેપ્ટન




**અબતક, રાજકોટ**

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બાંગ્લાદેશ સામેની ત્રણ મેચની વન-ડે ક્રિકેટ સિરીઝ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ૧૧મી માર્ચથી શરૂ થઈ રહેલી આ સિરીઝ માટેની ટીમમાં નવા ચહેરાનો સમાવેશ કરવામાં આવ્યો છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેની ત્રણ વન-ડે મેચની સિરીઝ ૧૧, ૧૩ અને ૧૫મી માર્ચે ઢાકા ખાતે રમાશે. આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપના સુપર-૮ સ્ટેજમાં પાકિસ્તાનના નબળા પ્રદર્શન બાદ પસંદગીકારોએ કડક વલણ અપનાવ્યું હોય તેમ લાગે છે. માઝ સદાકત, શામિલ હુસૈન, ગાઝી ઘોરી, સાદ મસૂદ અને અબ્દુલ સમદ જેવા યુવાન ખેલાડીઓને ટીમમાં આપવામાં આવ્યું છે.

ઉપરાંત સિનિયર ખેલાડીઓ ઝડપી બોલર હેરિસ રઉફ અને બેટ્સમેન હુસૈન તલતનું ટીમમાં પુનરાગમન થયું છે. ટીમનું નેતૃત્વ શાહિન શાહ આફ્રિદી સંભાળશે. ઈરાન યુદ્ધને કારણે ફ્લાઈટમાં થયેલા વિક્ષેપને લીધે આ પ્રવાસ પર અનિશ્ચિતતાના વાદળો છવાયા હતા, પરંતુ આખરે પીસીબીએ ટીમ જાહેર કરીને પ્રવાસની પુષ્ટિ કરી છે. પાકિસ્તાની ટીમ નવમી માર્ચે ઢાકા જવા રવાના થશે. શ્રેણીની ત્રણેય વનડે મેચો શેર-એ-બાંગ્લા નેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે.બાંગ્લાદેશના પ્રવાસ માટેની પાકિસ્તાની ટીમ આ મુજબ છે. શાહિન શાહ આફ્રિદી (સુકાની), મોહમ્મદ રિઝવાન, મોહમ્મદ ગાઝી ઘોરી, હેરિસ રઉફ, હુસૈન તલત, અબ્દુલ સમદ, અબરાર અહેમદ, ફહીમ અશરફ, ફૈઝલ અકરમ, માઝ સદાકત, મોહમ્મદ વસીમ જુનિયર, સાદ મસૂદ, સાહિબઝાદા ફરહાન, સલમાન અલી આગા, શામિલ હુસૈન.



## મધ્ય પૂર્વના સંઘર્ષની ફૂટબોલ પર અસરઃ ટેનિસની એટીપી ટુર્નામેન્ટ રદ

**અબતક, રાજકોટ**

યુએસ-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના વધતા યુદ્ધને કારણે મધ્ય પૂર્વમાં રમતગમતની પ્રવૃત્તિઓ અને મુસાફરી પર ભારે અસર પડી છે. આ સંઘર્ષને કારણે હવાઈ માર્ગો બંધ થઈ ગયા છે, ફ્લાઈટ્સ રદ થઈ છે અને અનેક રમતગમતની સ્પર્ધાઓ રદ અથવા સ્થગિત થઈ ગઈ છે. આ અસર ભારતીય ખેલાડી પીવી સિંધુથી લઈને ફોર્મ્યુલા વન અને ફૂટબોલ સુધી પહોંચી ગઈ છે.

બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા ભારતીય બેડમિન્ટન સ્ટાર પી વી સિંધૂ ગલ્ફ વિસ્તારમાં હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે દુબઈમાં ફસાઈ ગઈ હતી. તે બર્મિંગહામમાં ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાંથી બહાર નીકળ્યા બાદ દેશમાં પરત ફરી છે. સિંધૂએ એક્સ પર પોસ્ટ કરીને પોતે શહેરમાં પરત ફરી હોવાની જાહેરાત કરી હતી.હું બેંગલુરુમાં મારા ઘરે સુરક્ષિત પરત ફરી છું. મધ્ય પૂર્વમાં યોજાનાર એટીપી ચેલેન્જર ટુર્નામેન્ટ્સ, ખાસ કરીને યુએઈના ફુજૈરાહ ચેલેન્જર રદ કરવામાં આવ્યા છે. સુરક્ષા ચેતવણી અને ઈરાનના હુમલાઓને કારણે ટુર્નામેન્ટ વચ્ચે જ બંધ કરવો પડ્યો. ઘણા ટેનિસ ખેલાડીઓ દુબઈ અને અન્ય વિસ્તારોમાં ફસાઈ ગયા છે, જેમાં ડેનિયલ મેડવેદેવ જેવા મોટા નામોનો સમાવેશ થાય છે. તેઓને ચાર્ટર્ડ ફ્લાઈટ્સ દ્વારા મોંઘા ભાવે બહાર કાઢવા પડ્યા છે.

ફૂટબોલમાં પણ મોટી અસર પડી છે. ઈરાનમાં તમામ રમતગમતની પ્રવૃત્તિઓ અનિશ્ચિત કાળ માટે રદ કરવામાં આવી છે, જેમાં પર્શિયન ગલ્ફ પ્રો લીગનો સમાવેશ થાય છે. કતારમાં તમામ ફૂટબોલ મેચો સ્થગિત કરવામાં આવી છે, જેના કારણે સ્પેન વિ. આર્જેન્ટિના જેવી હાઈ-પ્રોફાઈલ ફ્રેન્ડલી મેચ પર સંકટ છે.

### ફોર્મ્યુલા વન પર જોખમ!

ફોર્મ્યુલા વનની આગામી રેસો, બેહરીન ગ્રાન્ડ પ્રિ (એપ્રિલમાં) અને સાઉદી અરેબિયા ગ્રાન્ડ પ્રિ પર મોટું જોખમ છે. આ વિસ્તારોમાં ઈરાનના પ્રતિ હુમલાઓને કારણે હવાઈ મુસાફરી અને લોજિસ્ટિક્સમાં વિક્ષેપ પડ્યો છે.એફ ૧ના હજારો સ્ટાફ અને ટીમ મેમ્બર્સની ફ્લાઈટ્સ રદ થઈ છે.એફ ૧ના અધિકારીઓ સ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે અને સુરક્ષાને પ્રાથમિકતા આપી રહ્યા છે. ઘણા અહેવાલો અનુસાર આ રેસો રદ થવાની શક્યતા વધુ છે.

**ઈંગ્લેન્ડ જવાને બદલે સિંધૂ દુબઈથી જ ભારત પરત ફરી, ખાડીના યુદ્ધ દરમિયાન બેડમિન્ટન સ્ટાર દુબઈમાં ફસાઈ ગઈ હતી**

હળવદના કોયબા ગામે કેમ્પ્રો ઈન્ડસ્ટ્રીઝમાં સીઆઈડી ક્રાઈમનો દરોડો

# કેમિકલ વેસ્ટનો ખેતરમાં નિકાલ કરી જાહેર જીવનને જોખમમાં મુકનાર ફેક્ટરી માલિકો સામે ગુનો

## સીઆઈ સેલની ટીમે લીધેલા પાણીમાં હાઈડ્રોક્લોરીક એસિડની હાજરી મળતા સીઆઈડી ક્રાઈમ રાજકોટ ઝોન કચેરીમાં ફરિયાદ નોંધાઈ: ફેક્ટરી વિરૂદ્ધ પગલાં લેવા જીપીસીબીને રિપોર્ટ કરાશે

**અબતક, રાજકોટ**

હળવદના કોયબા ગામે આવેલી કેમ્પ્રો ઈન્ડસ્ટ્રીઝના માલિકોએ જાહેરમાં કેમિકલયુક્ત પાણી છોડી જાહેર જીવન પર જોખમ ઉભું કરતા સીઆઈડી ક્રાઈમની સીઆઈ સેલે અહીં દરોડો પાડી ફેક્ટરીના ત્રણ ભાગીદારો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. જયારે ફેક્ટરી વિરુદ્ધ પગલાં લેવા જીપીસીબીને રિપોર્ટ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

મામલામાં સીઆઈડી ક્રાઈમ, ગાંધીનગર ખાતે સી.આઈ. સેલમાં ડિટેક્ટિવ પીએસઆઈ તરીકે ફરજ બજાવતા એ સી ઈશરાણીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કેમ્પ્રો ઈન્ડસ્ટ્રીઝ (કોયબા ગામ, હળવદ,મોરબી)ના ત્રણ ભાગીદારો અલ્પેશ અંબારામ વશીયાણી(રહે. લુણસર, મોરબી), સંજય અમરશીભાઈ પટેલ (રહે. અજીતગઢ, હળવદ, મોરબી) અને વિજય જસમતભાઈ પટેલ(રહે. જૂના દેવળીયા, હળવદ, મોરબી)નું નામ આપતા સીઆઈડી ક્રાઈમ રાજકોટ ઝોનની કચેરીએ બીએનએસની કલમ ૨૭૦, ૨૭૧, ૨૭૨ અને ૫૪ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર સીઆઈ સેલની ટીમને બાતમી મળી હતી કે, મોરબી જિલ્લાના હળવદ તાલુકાના કોયબા ગામે રેવન્યુ સર્વે નં. ૨૭૦ પૈકી બેમાં આવેલ કેમ્પ્રો ઈન્ડસ્ટ્રીઝ નામની ફેક્ટરીમાંથી કેમિકલયુક્ત પાણી આસપાસના ખેતરોમાં છોડવામાં આવી રહ્યું છે. જે હકીકતના આધારે ગત તા.૧૩-૦૯-૨૦૨૫ ના રોજ સીઆઈડી ક્રાઈમની સીઆઈ સેલની ટીમે કોયબા ગામે આવેલ કેમ્પ્રો ઈન્ડસ્ટ્રીઝ ખાતે દરોડો પાડ્યો હતો. જયાંથી ફેક્ટરીના બે ભાગીદાર અલ્પેશ અંબારામભાઈ વસિયાણી અને સંજય અમરશીભાઈ પટેલ મળી આવતા તેમને ફેક્ટરી બાબતે પૂછતા અહીં તેઓ સિલિકાનું ઉત્પાદન કરતા હોવાનું જણાવ્યું હતું. બાદમાં બંને ભાગીદારીને સાથે રાખી ફેક્ટરીમાં અને આસપાસના ખેતરોમાં તપાસ કરતા બે ખેતરોમાં પાણી ભરાયા હોવાનું ધ્યાને આવ્યું હતું. જે પાણી ખરેખર વરસાદી પાણી છે કે કેમિકલ વેસ્ટ તે પ્રાથમિક દ્રષ્ટિએ નક્કી કરી શકાય તેમ ન હોય પાણીના નમુના કબજે કરી તપાસ અર્થે એફએસએલ કચેરીને મોકલવામાં આવેલ હતા.

બાદ એફએસએલ રિપોર્ટમાં આ પાણીમાં હાઈડ્રોજન અને ક્લોરાઈડ જે હાઈડ્રોક્લોરિક એસિડના ઘટકો હોય તેની હાજરી મળી આવી હતી. જેથી આ ઘટકોયુકત કેમિકલ વેસ્ટ છોડવાથી મનુષ્ય તેમજ પશુઓની જિંદગી પર જોખમ ઊભું થાય તેમજ આસપાસની જમીનની ફળદ્રુપતા ઘટે અને પર્યાવરણને નુકસાન થાય તેમ જાણતા હોવા છતાં ફેક્ટરીના માલિકોએ જાહેરમાં કેમિકલ વેસ્ટ છોડ્યાનું સામે આવતા સીઆઈ સેલની ટીમે રાજકોટ સીઆઈડી ક્રાઈમ ખાતે ગુનો નોંધાવ્યો હતો.

હાલ સીઆઈડી ક્રાઈમને ટીમે સમગ્ર મામલે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ(જીપીસીબી)ને રિપોર્ટ કરી આરોપીઓ અને તેમની ફેક્ટરી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ આદરી છે.

# શાપર પંથકના વિધવાની જમીન સામે જેઠનો દાવો રદ

## મિલકત માત્ર રજિસ્ટર દસ્તાવેજથી ટ્રાન્સફર થઈ શકે, અનરજિસ્ટર્ડ લખાણોથી નહિ

**અબતક, રાજકોટ**

શાપર પંથકના પરિવારમાં લઘુબંધુના વિધવા હસ્તકની મિલકત અંગે ઘરમેળે ભાયુભાગના લખાણના આધારે જેઠ દ્વારા કરવામાં આવેલો દાવો કોટડા સાંગાણી સિવિલ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવ્યો છે.આ કેસની હકીકત મુજબ કોટડા સાંગણી તાલુકાના શાપર ગોકળભાઈ સવજીભાઈ ટીલાળા એ એવા પ્રકારનો દાવો દાખલ કરેલ કે શાપરના રેવન્યુ સર્વે નંબર ૧૦૩ પૈકી ૩ જમીન અંગે ઘરમેળે પંચો રૂબરૂ ગુજ. મનસુખભાઈ સવજીભાઈની હયાતીમાં તા. ૨૦/ ૧૨/ ૧૯૯૧ના રોજ જમીન તથા મકાનની વહેંચણી થયેલી અને મનસુખભાઈએ આ મિલ્કતમાંથી ભાગ ઉઠાવી લીધેલ અને મનસુખભાઈના હિસ્સાની જમીન એ. ૩-૨૮ ગુંઠા જે આવેલ હતી, તે પેટે રૂા. ૫ લાખ રોકડા સ્વીકારી અને આ જમીનમાંથી તેનો હક્ક ઉઠાવી લઈ આ જમીન ગોકળભાઈ સવજીભાઈ ટીલાળાએ ખરીદ કરેલી અને તેની પાસે કબજો છે. જેથી આ કબજો ભોગવટો કરવામાં અને ખેડવા વાવવામાં મનસુખભાઈ સવજીભાઈના વિધવા ગીતાબેન કે તેના પુત્ર કુલદીપ રૂકાવટ કરે નહીં તેવા મનાઈ હુકમની માંગણી કરાઈ હતી.આ દાવો ચાલવા ઉપર આવતા સામાવાળા વતી એડવોકેટ અર્જુન પટેલે રજુ કરેલા પુરાવા, વાદીની ઉલટ તપાસમાં રેકર્ડ ઉપર આવેલ વિપરીત હકીકતો અને દલીલો ધ્યાને લઈ અદાલતે લંબાણપુર્વકનો ચુકાદો આપતાં આ દાવો રદ કરતાં જણાવેલ છે કે, વાદી તા. ૧૮/ ૦૯/ ૨૦૨૪ના ભાયુભાગની વહેંચણીના લખાણના જે દસ્તાવેજ ઉપર આધાર રાખે છે તે દસ્તાવેજ રજિસ્ટર ન હોય તેમજ સ્ટેમ્પ પેપર ઉપર રજુ થયેલ ન હોય તેથી આ લખાણને પુરાવામાં અદાલતે ગ્રાહય રાખેલ નથી. વાદીને આ હકીકતની જાણ હોવા છતાં અન્ય કોઈ યોગ્ય પુરાવા રજુ કરેલા નથી. જેથી આ વાદીએ માંગેલી દાદ કે ડેકલેરેશન મેળવવા હક્કદાર નથી. અદાલતે ચુકાદામાં ટકોર કરતાં જણાવેલ કે, વાદી કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવતાં ન હોય તેમ જણાય આવે છે. નોંધ નં. ૫૮૬૬ તા.૨૦/ ૦૪/ ૨૦૧૦ની વિરૂધ્ધની દાદ માંગી રહયા છે. આ નોંધ વર્ષ : ૨૦૧૦ની હોવા છતાં વાદી દ્વારા ૨૦૧૬ની સાલમાં દાવો કરવામાં આવેલ છે, જે લિમિટેશન એકટની કલમ-૫૮ની જોગવાઈ જોતાં સમય મર્યાદા બહારનો છે. અને રેવન્યુ રેકર્ડ ગુજ. મનસુખભાઈ ટીલાળાના વારસોના નામે આવેલું છે તે સંજોગોમાં વાદી તેનો દાવો સાબીત કરવામાં નિષ્ફળ રહેલ છે તેમ ઠરાવી વાદીનો દાવો રદ કર્યો છે. પ્રતિવાદી વતી રાજકોટના વિદ્વાન ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ.પાનસુરીયા, આકાંક્ષા એચ. રાજદેવ તથા જાનવી વિરાણી રોકાયા હતા.

# માતા અને સંતાનનું વચગાળાનુ ભરણપોષણ મંજૂર

## કેશોદ સ્થિત પતિએ માસિક રૂ.૭,૦૦૦ ચૂકવવા હુકમ

**અબતકલ રાજકોટ**

કેશોદ ખાતે સાસરિયાનો ત્રાસ, પતિ સાથે અણબનાવોને કારણે રાજકોટ માવતર આવી ગયેલી પરિણીતા અને પુત્રને ફેમિલી કોર્ટે વચગાળાના ભરણપોષણ પેટે પત્ની તથા સગીર સંતાનને કુલ માસિક રૂા. ૭,૦૦૦/- ચૂકવવાનો ફરમાવેલ હુકમ આ અંગેની હકીકત મુજબ, રાજકોટના વિશ્વકર્મા સોસાયટી, બાપા સિતારામની સામે, પુનિત નગ ૨, વાવડી ખાતે રહેતા ભુપતભાઈ સીદીભાઈ ઓરાની પુત્રી કોમલના લગ્ન ખોડલ કૃપા, મહેશ નગર, બસ સ્ટેન્ડની આગળ, વેરાવળ રોડ, કેશોદ મુકામે રહેતા પ્રીતેશભાઈ ઉર્ફે અભી કનુભાઈ મક્કા સાથે તા.૨૯/૦૫/ ૨૦૧૪ના રોજ થયા હતા, લગ્ન બાદ પરિણીતાને સાસરે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. જે દરમિયાન બાળકનો જન્મ થયો હતો. બાદમાં તેમના પતિ તથા સાસુ દ્વારા શારીરિક -માનસિક ત્રાસ તથા પતિ-પત્ની વચ્ચે અણબનાવ થતાં કોમલબેન પુત્ર સાથે પોતાના માવતરે પરત ફરેલ હતી. જે દરમિયાન પતિએ ભરણપોષણ અંગે કોઈ દરકાર નહીં કરતા તેણે પોતાના પતિ વિરૂદ્ધ બી.એન.એસ.એસ.ની કલમ ૧૪૪ હેઠળ ભરણપોષણ મેળવવા માટે રાજકોટ ફેમિલી કોર્ટ સમક્ષ તા. ૦૧/ ૦૭/ ૨૦૨૫ના રોજ વકીલ મારફત ફરિયાદ દાખલ કરી હતી. તેમજ કેસ ચાલે ત્યાં સુધીમાં વચગાળામાં પણ ભરણપોષણની માંગ કરતી અરજી દાખલ કરી હતી. આ વચગાળાની રાહતોની માંગ કરતી અરજી દલીલ પર આવતાં પરિણીતાના વકીલની દલીલો રજૂ કરેલ અને જે તમામ દલીલોને સહમત થઈ અદાલતમાં કેસ ચાલે તે દરમ્યાન પરીણીતા તથા તેના સગીર સંતાનને માસિક રૂા. ૭ હજાર અરજીની દાખલ તારીખથી એટલે કે તા.૦૧/૦૭/૨૦૨૫થી પતિએ ચડયેચડયા ચૂકવવા તેવો પતિને હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં પરિણીતા વતી એડવોકેટ જગદિશ બી. નારીગરા, કનકસિંહ ડી. ચૌહાણ, ભારતી એસ. રાણેવાડીયા રોકાયા છે.

# નવાગામ પોલીસ ચોકી પાસે ૧૯ વર્ષીય યુવકને પંચથી માર મારી, સોનાની વીંટી લૂંટી લીધી

## હુમલામાં યુવકને માથે શરીરે ઈજાઓ થતા સિવિલ ખસેડાયો, પોલીસે તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

શહેરના નવાગામ પોલીસ ચોકી પાસે મોડી રાત્રે લૂંટની ઘટના બની હતી. જેમાં ચકરડીનો વ્યવસાય કરતા ૧૯ વર્ષીય યુવાનને તેના જ મિત્રએ , છરીની અણીએ સોનાની વીંટી લૂંટી લેતા ચકચાર મચી ગઈ છે. લોખંડના પંચ વડે કરાયેલા હુમલામાં ઘવાયેલા યુવાનને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

નવાગામ આવાસ ક્વાર્ટરમાં રહેતો મંથન યતીનભાઈ બારૈયા (ઉં.વ. ૧૯) ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ પોતાનું કામ પૂરું કરીને ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે આ હુમલો થયો હતો. મંથનએ જણાવ્યું હતું કે તેના મિત્ર રાહુલનો ફોન આવ્યો હતો અને તેણે મને નવાગામ પોલીસ ચોકી પાસે આવેલા પેટ્રોલ પંપે મળવા બોલાવ્યો હતો. જ્યારે હું પેટ્રોલ પંપ પાસે પહોંચ્યો ત્યારે ત્યાં હાજર રાહુલ,ફારુક અને તેના અન્ય લોકોએ મને ઘેરી લીધો હતો. હુમલાખોરોએ મારી પાસે રહેલી સોનાની વીંટી માંગી હતી, પરંતુ મેં ના પાડતા ફારુકે મને પકડી રાખ્યો હતો અને રાહીલે છરી બતાવી ધાકધમકી આપી હતી. ત્યારબાદ આ શખ્સોએ મારા હાથમાંથી સોનાની વીંટી બળજબરીથી કાઢી લીધી હતી. લૂંટ ચલાવ્યા બાદ હુમલાખોરોએ મને મોઢા પર અને માથાના ભાગે લોખંડના પંચ વડે આડેધડ ઘા ઝીંક્યા હતા. હુમલામાં ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ કયા કારણોસર આ હુમલો કર્યો તે દિશામાં પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# મવડી-પાળ રોડ પર દારૂ ભરેલી સ્વીફ્ટ કાર સાથે બુટલેગર બેલડી ઝબ્બે

## કોઠારીયા રોડનો ઋત્વિક સોજીત્રા દિલ્હીથી ટ્રકમાં દારૂ ભરીને આવ્યો'તો: ગોવર્ધન ચોકના અભિ ખાનપરા સાથે દારૂ કારમાં ભરી નીકળ્યા અને પીસીબી ત્રાટકી: રૂ.૨.૬૩ લાખનો શરાબ કબ્જે

**અબતક, રાજકોટ**




મવડી પાળ રોડ પર રામ વિલા પાર્ટી પ્લોટ પાસેથી દારૂ ભરેલ સ્વિફ્ટ કાર સાથે બે બુટલેગરને પીસીબીની ટીમે પકડી પાડી રૂ.૬.૬૩ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. રૂત્વીક સોજીત્રા દિલ્હીથી દારૂ ટ્રકમાં લઈ પહોંચ્યો ત્યાં જ અભી રીસીવ કરવા ઉભો હતો અને બંને દારૂ લઈ મુકામ સુધી પહોંચે તે પહેલાં જ પકડાયા હતાં.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેર વિસ્તારમાં પ્રોહીબીશનની ગેર કાયદેસર પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવાની આપેલ સુચનાથી પીસીબી પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીઆઈ એમ.જે.હુણ સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મવડી પાળ રોડ રાજકોટ તરફ આવતા રોડ ઉપર રામ વિલા પાર્ટી પ્લોટ પાસે જાહેર રોડ ઉપર એક દારૂ ભરેલ સ્વીફ્ટ કાર ઉભી હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી દારૂ ભરેલ કાર સાથે રૂત્વીક દિપક સોજીત્રા (ઉ.વ.૨૨ રહે.કોઠારીયા રોડ માટેલ પાર્ક માધવ પાર્ક શેરી નં.૬ ના ખુણે લીજ્જત પાપડની પાછળ) અને અભિ જયંતિ ખાનપરા (ઉ.વ.૩૦, રહે,૧૫૦ ફુટ રીંગ રોડ ગોવર્ધન ચોક તપોવન સ્કુલની પાછળ અલય વાટીકા શેરી નં.૩ બ્લોક નં.૫૬) ને પકડી પાડી તેની પાસેથી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ-૧૨૦ રૂા.૨,૬૩,૪૦૦ અને કાર સહિત રૂ.૬.૬૩ લાખનો મુદામાલ કબ્જે કરી પૂછતાછ આદરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ ઋત્વિક સોજીત્રા દિલ્હીથી દારૂ લઈ ટ્રક મારફતે રાજકોટ પહોંચ્યો હતો. ત્યારે તે આવતા જ અભિ ખાનપરા સ્વીફ્ટ કાર લઈ તેને રિસીવ કરવા માટે ગયો હતો, જે બંને દારૂનો જથ્થો લઈ ઘરે પહોંચે તે પહેલા જ પીસીબીની ટીમ ત્રાટકી હતી. વધુમાં પકડાયેલા અભિએ જણાવ્યું હતું કે, દારૂનો જથ્થો ઋત્વિક સોજીત્રાનો હતો તેમાંથી તેમને ફક્ત ૧૨ બોટલ દારૂ લેવાનો હતો.

# સજાના હુકમ સામે કરેલી અપીલ ફગાવી આરોપીને નિર્દોષ છોડી મુક્તી સેશન્સ કોર્ટ

## રૂ.૨,૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં સજાના હુકમ સામે સેશન્સ કોર્ટમાં દાદ માંગી તી

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતા યુવાને આર્થિક મદદ માટે આપેલા ₹૮,૦૦,૦૦૦ પૈકી₹૨,૫૦ લાખ ના ચેક રિટર્ન ના કેસ માં સજાના હુકમ સામે સેશન્સ કોર્ટમાં કરેલી અપીલમા આરોપીને નિર્દોષ છોડી મૂકી ટ્રાયલ કોર્ટના હુકમને સેશન્સ અદાલત ફગાવી દીધો છે.

રાજકોટ શહેરમા પરેશ પ્રાણલાલ શિંગાળા પાસેથી વર્ષીત હરેશભાઈ મોરજરીયા અને પિતા હરેશભાઈએ ₹૮લાખ હાથ ઉછીના લીધેલા હતા. તે પૈકી ₹૨,૫૦ લાખ ચૂકવવા ચેક આપેલો હતો જે રિટર્ન થતા પરેશ શિંગાળાએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે કેસ ચાલી જતા એડી. ચીફ જ્યુડી મેજિસ્ટ્રેટ દ્વારા વર્ષીત હરેશભાઈ મોરજરીયાને સજા



કરવામાં આવી હતી. જે હુકમથી નારાજ થઈ વર્ષીત હરેશભાઈ મોરજરીયાએ સેશન્સ કોર્ટ માં અપીલ દાખલ કરી હતી. વર્ષીત હરેશભાઈ મોરજરીયા દ્વારા અપીલ કરવામાં આવી હતી. રાજકોટના એડી સેશન્સ કોર્ટ સમક્ષ ચાલતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ આરોપી તરફે કરવામાં આવેલી દલીલમાં આરોપીના પિતા હયાત હતા. કેસ દાખલ કરવામાં આવેલ હોવા છતાં તેમને કોઈ નોટિસ આપવામાં આવેલ નથી કે આરોપી પણ બનાવવામાં આવેલ નથી ફરિયાદી ની ઉલટતપાસ માંથી લેણું ટાઈમબાર નું છે તેવું પણ કોર્ટ ના રેકર્ડ પર લાવેલ હોઈ તેમજ હાલ ના આરોપી ના કોઈ કાયદેસર ના લેણાં પેટે ચેક આપેલ ન હોઈ તે તમામ રજૂઆતો લક્ષ માં લઈ એડી. સેશન્સ જજ વી કે ભટ્ટ વર્ષીત હરેશભાઈ મોરજરીયા ની અપીલ મંજૂર કરી ટ્રાયલ કોર્ટ નો હુકમ રદ કર્યો છે. અરજદાર તરફે રાજકોટનાં દફતરી લો ચેબર્સ ના ધારાશાસ્ત્રી પથીકભાઈ દફતરી, ભાવિનભાઈ દફતરી, નુપુરબેન દફતરી, નેહાબેન દફતરી, યુવરાજસિંહ જાડેજા, સંજયસિંહ જાડેજા, પરેશ કુકાવા નીશાબેન સુદ્રા અને શીવાંગી મજીઠીયા રોકાયેલ હતા.

# મારા દીકરાઓ વિરૂદ્ધની ફરિયાદ પરત ખેંચી લેજે કહી પ્રૌઢને સગી બહેને ધમકાવ્યા

## સમાધાન નહિ કરો તો હું દવા પી જઈશ કહી ધમકી આપનાર વેજા ગામની મહિલા વિરૂદ્ધ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં રહેતા પ્રૌઢને વેજા ગામે રહેતી સગી બહેને ઘરે ધસી આવી ધમકી આપ્યા અંગે યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી છે.

રૈયાધાર વિસ્તારમાં ઈન્દિરાનગરમાં ૧૨/૧૩ ના ખૂણે રહેતા રાજુભાઈ પ્રેમજીભાઈ મુછડીયા (ઉ.વ.૫૮) દ્વારા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે વેજા ગામમાં રહેતી પોતાની સગી નાની બહેન કાંતાબેન હમીરભાઈ મેરીયાનું નામ આપ્યું છે. રાજુભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તે મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ગઈકાલે બપોરના સાડા ચારેક વાગ્યા આસપાસ ફરિયાદીની નાની બહેન કાન્તા અહીં ઘરે આવી હતી. આ સમયે ફરિયાદી તથા તેમના પત્ની નાથીબેન હાજર હતા. તે સમયે કાન્તાએ ધમકી આપી હતી કે, તમે જે ફરિયાદ મારા દીકરાઓ વિરૂધ્ધમાં આપી હતી તે પાછી ખેંચી લ્યો અને સમાધાન કરી નાખો નહીંતર હું દવા પી જઈશ.

રાજુભાઈએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, આ પહેલા પણ તેની બહેન કાંતા અવારનવાર ફરિયાદ બાબતે સમાધાન કરવા ઘરે આવતી હોય પરંતુ ફરિયાદીને સમાધાન કરવું ન હોય અને તેને પોતાનો તથા પરિવારનો ડર લાગતા ૧૧૨ માં કોલ કરી પોલીસ બોલાવી હતી. બાદમાં આ મામલે સગી બહેન વિરુદ્ધ ભાઈએ આ ફરિયાદ નોંધાવી છે.

# આજી જીઆઈડીસીમાંથી ચોરાઉ એક્ટિવા સાથે કૂબલીયાપરાની બેલડી ઝડપાઈ

## પ્ર.નગર પોલિસ મથકમાં નોંધાયેલા વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલતી થોરાળા પોલિસ

**અબતક, રાજકોટ**

થોરાળા પોલિસની ટીમે આજી જીઆઈડીસીમાંથી ચોરાઉ એકિટવા મોટરસાયકલ સાથે કૂબલીયાપરાના ઉઠાવગીર બેલડીની ધરપકડ કરી પ્ર.નગર પોલિસ મથકમાં નોંધાયેલા વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.



પોલીસ મથક વિસ્તારમાં સખત પેટ્રોલિંગ કરી ગુના ડિટેક્ટ કરવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે થોરાળા પોલીસ મથકના પીઆઈ એન જી વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ એસ મહેશ્વરીની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ મહેશભાઈ સોલંકી, હેડ કોન્સ્ટેબલ ઈમરાનભાઈ ચુડાસમા અને ધર્મેન્દ્રભાઈ ગઢવીને મળેલી હકીકતના આધારે આજી જીઆઈડીસી સર્વિસ સ્ટેશનની પાછળથી બે શખ્સોને શંકાસ્પદ એકટીવા મોટરસાયકલ સાથે પકડી લેવાયા હતા. બાદ બંને શખ્સોની યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા ચોરીથી એકટીવા મોટરસાયકલ મેળવવાની કેફિયત આપી હતી. જેથી ઈ-ગુજકોપમાં વેરીફાઈ કરતા એકટીવા ચોરી અંગે પ્ર.નગર પોલીસ મથકમાં ગુનો નોંધાયાનું સામે આવતા થોરાળા પોલીસની ટીમે રોહિત ઉર્ફે ભયો વિનુભાઈ સોલંકી (ઉવ ૧૯) અને આકાશ વિજયભાઈ સોલંકી (ઉવ ૨૦ બંને રહે. કૂબલીયાપરા શેરી નં.-૫, રાજકોટ)ની ધરપકડ કરી રૂ.૨૦ હજારની કિંમતનું જીજે-૦૩-ડીસી-૯૫૩૩ નંબરનું એકટીવા મોટરસાયકલ કબજે કર્યું હતું.

# વ્યાજબી ભાવના દુકાનદારો માટે 'ડિજિટલ વોલેટ' સિસ્ટમની વિક્રેતાઓની માંગ

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં રાશનના અનાજની વ્યવસ્થા સાથે સંકળાયેલા મિત્ર કોઈ પણ અને નાગરિક પુરવઠા મંત્રી ને પત્ર પાઠવી વ્યાજબી ભાવના દુકાનદારો માટે રીયલ ટાઈમ કમિશન સેટલમેન્ટ અને ડિજિટલ વોલેટ સિસ્ટમ અમલીએ બનાવવા માંગ કરી છે

રાજ્ય સરકાર દ્વારા ૨૨ લાખ રેશનકાર્ડ ધારકોને ઓનબોર્ડ કરી અને કુલ ૭૨ લાખ રેશનકાર્ડને વ્હાઈટ લિસ્ટેડ કરવાની જે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, તે અત્યંત પ્રશંસનીય અને પારદર્શક છે. રાજ્યના અંદાજે ૧૭,૦૦૦ જેટલા વાજબી ભાવના દુકાનદારો પહેલેથી જ વ્હાઈટ લિસ્ટેડ છે અને જેમની ઈ-પ્રોફાઈલ, બેંક વિગતો સહિતની તમામ માહિતી પુરવઠા વિભાગ પાસે ઉપલબ્ધ છે, તેઓ આ વ્યવસ્થાનો અભિન્ન હિસ્સો છે. સરકારે એવી ફુલ-પ્રુફ સિસ્ટમ ગોઠવી છે કે મૂળ દુકાનદાર સિવાય અન્ય કોઈ વ્યક્તિ દુકાનનુ સંચાલન પણ ન કરી શકે. આ આધુનિકીકરણના યુગમાં અમે' ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા પુરવઠા મંત્રાલય રજૂઆત કરી માંગ કરી છે કે' ફૂડ કુપન અને ડિજિટલ વોલેટ: જે રીતે એનએફએસએ કાર્ડધારકોને દર મહિને મોબાઈલમાં ફૂડ કુપન અને વોલેટની સુવિધા અપાય છે, તેવી જ રીતે દુકાનદારો માટે પણ 'મર્ચન્ટ વોલેટ' તૈયાર કરવામાં આવે. ગ્રાહક જ્યારે દુકાન પર આવી ક્યુઆર કોડ સ્કેન કરીને પોતાનો જથ્થો મેળવે, તે જ ઘડીએ તે ટ્રાન્ઝેક્શનનું નિર્ધારિત કમિશન સીધું દુકાનદારના વોલેટમાં જમા થવું જોઈએ. રાજ્ય સરકાર જ્યારે ગરીબ અને જરૂરિયાતમંદો માટે મહેરબાન છે, ત્યારે આ સિસ્ટમમાં સામાન્ય સુધારો કરીને નાના દુકાનદારોના હિતમાં નિર્ણય લેવા રાશનકાર્ડ વિક્રેતાઓ વતી ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજા મહામંત્રી હિતુભા જાડેજા અને આગેવાનોએ લેખિત રજૂઆત કરી છે.

# ગોકુલધામ ૮૦ ફૂટ રોડ પાસે યુવાને ઝેરી દવા ગટગટાવી

## નવો ફોન લેવાની પિતાએ ના પાડતા આપઘાતનો પ્રયાસ કર્યો, સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો

**અબતક રાજકોટ**

શહેરના ગોકુલધામ ૮૦ ફૂટ રોડ પાસે ૨૧ વર્ષીય યુવાને પિતાએ નવો મોબાઈલ લઈ આપવાની ના પાડતા માઠું લાગી આવતા ઉંદર મારવાની દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. જેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના ખોડિયાર નગર શેરી નંબર ૯/ ૧૧ ના ખૂણે રહેતા રોહિતભાઈ સુરેશભાઈ ગોહિલ (ઉ.વ. ૨૧) એ ગઈકાલે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ રિક્ષાનો ફેરો લઈને ગોકુલધામ ૮૦ ફૂટ રોડ જઈ રહ્યો હતો ત્યારે ત્યાં તેમણે ઉંદર મારવાની દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ તેને તાત્કાલિક ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, રોહિતનો જૂનો મોબાઈલ બગડી ગયો હોવાથી તેને નવો ફોન લેવાની ઈચ્છા હતી. તેણે પોતાના પિતા પાસે નવા મોબાઈલની માંગણી કરી હતી, પરંતુ પિતાએ હાલમાં નવો ફોન લેવાની ના પાડતા રોહિતને માઠું લાગી આવ્યું હતું. જેને લઈ તેને આ પગલું ભર્યું હતું. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે રોહિત અપરિણીત છે અને એક ભાઈ તથા એક બહેનમાં સૌથી નાનો છે. રિક્ષા ચલાવીને તે પરિવારનું ગુજરાન ચલાવે છે. હાલ આ મામલે પોલીસે નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઈરાન – ઈઝરાયેલ યુધ્ધથી

# લોકો પેનિક થવા માંડ્યાઃ પેટ્રોલ પંપ પર વાહન ચાલકોની કતાર



તસવીરઃ હર્ષ ઠાકર, અમરેલી

### ઈંધણનો પુરતો જ ઉપલબ્ધ છે. લોકોને અફવામાં ન દોહરાવવા ઓઈલ કંપનીઓની અપીલઃ અમરેલીમાં ત્રણ દિવસનો ડીઝલનો જથ્થો માત્ર ચાર કલાકમાં ખાલી થઈ ગયો

**અબતક, રાજકોટ**

ઈરાન - ઈઝરાયેલા અમેરિકા વચ્ચે છેલ્લા છ દિવસથી ચાલી રહેલા ભીષણ યુધ્ધની અસર હવે ભારત પર દેખાવા લાગી છે. ગેસની અછતના કારણે મોરબીમાં ૧૦૦ થી વધુ સિરામીક યુનિટને તાળા લાગી ગયા છે. બીજી તરફ પેટ્રોલ - ડીઝલની તિવ્ર અછત સર્જાવાની અફવાએ અફરા તફરી સર્જી દીધી છે. પેટ્રોલ પંપ પર વાહન ચાલકોની કતારો લાગી જવા પામી છે. અમરેલી પંથકમાં ત્રણ દિવસ સુધી ચાલનારો ડીઝલનો જથ્થો માત્ર ત્રણ કલાકમાં પૂર્ણ થઈ ગયો છે.

અમરેલી જિલ્લામાં અફવાને પગલે ગઈકાલે રાત્રિના સમયે પેટ્રોલ પંપો પર વાહનચાલકોની લાંબી કતારો જોવા મળી હતી, જેના કારણે વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી.

આ અફવાએ જોર પકડતા જ અમરેલી શહેર સહિત હાઈવે પરના તમામ પેટ્રોલ પંપો પર લોકો ડીઝલ ભરાવવા માટે ઉમટી પડ્યા હતા.

પંપ માલિકોના જણાવ્યા અનુસાર, જે સ્ટોક સામાન્ય રીતે બે થી ત્રણ દિવસ ચાલતો હોય છે, તે ગભરાટમાં આવેલા લોકોના ઘસારાને કારણે માત્ર ચાર કલાકમાં જ ખાલી થઈ ગયો હતો.

ડીઝલનો સ્ટોક પૂરો થઈ જતાં શહેર અને હાઈવેના મોટાભાગના પંપો પર ડીઝલ નથી ના બોર્ડ લાગી ગયા હતા, જેના કારણે ખાસ કરીને ટ્રક અને અન્ય ભારે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

પરિસ્થિતિ અંગે સ્પષ્ટતા કરતા પેટ્રોલ પંપ એસોસિએશન અને માલિકોએ જણાવ્યું હતું કે, ડીઝલની કોઈ અછત નથી. આ માત્ર અફવાના કારણે સર્જાયેલી કૃત્રિમ અછત હતી. લોકોએ ગભરાઈને જરૂરિયાત કરતાં વધુ જથ્થો એકસાથે ખરીદવાનો પ્રયાસ કરતા વ્યવસ્થા પર ભારણ વધ્યું હતું.

તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે આવી કોઈ પણ અફવાઓથી દૂર રહેવું અને ગભરાટમાં આવીને સંગ્રહખોરી ન કરવી.

હાલ અમરેલી જિલ્લામાં ડીઝલ પેટ્રોલની કોઈ કમી નથી, તમામ કંપનીઓના પેટ્રોલપંપ ઉપર પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. જેથી લોકોએ અફવાઓને લઈ ગેરમાર્ગે નહીં દોરવા અને સંગ્રહ ખોરી પણ નહીં કરવા જિલ્લા પુરવઠા અધિકારી પ્રતીક કુંભાણીએ અપીલ કરી છે.

મોરબી ડિસ્ટ્રીકટ પેટ્રોલિયમ એસોસીએશનના પ્રમુખ વિનોદભાઈ ડાભીએ જણાવ્યું હતું કે, જીલ્લામાં ઈંધણનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. લોકોએ અફવાઓમાં આવવું નહીં. જરૂરીયાત પુરતુ જ ઈંધણ પુરાવવું બીનજરુરી સ્ટોક કરવાનું જોખમ ઉઠાવવું નહીં. સોશિયલ મીડીયા પર એવા ખોટા અહેવાલો ફરી

(અનુ. આઠમા પાને)

# ભુજના આકાશમાં તારાની ટ્રેન દેખાતા લોકો ભારે રોમાંચિત

### એલેન મસ્કના સેટેલાઈટ નીકળતા તારા જેવી ટ્રેન જેવું અદભુત દ્રશ્ય દેખાયું



**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

ભુજના આકાશમાં ગઈકાલે રાત્રે એક અદભુત અને રોમાંચિત કરી દેતું દ્રશ્ય જોવા મળ્યું હતું. તારા જુથની એક ચમકતી ટ્રેન આકાશમાંથી પ્રસાર થતાં લોકો ભારે આશ્ચર્ય સાથે રોમાંચિત થઈ ગયા હતા. અનેક લોકોએ આ ક્ષણને પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરી લીધી હતી. અનેક તર્ક વિતર્કો પણ સર્જાયા હતી.આકાશમાં દેખાયેલા આ અદભુત દ્રશ્ય બાદ એવું જાણવા મળી રહ્યું છે. કે એલેન મસ્કના સેટેલાઈટ આકાશમાં નીકળવાના કારણે તારાઓની ટ્રેન જઈ રહી હોય તેવું અલૌકિક દ્રશ્ય જોવા મળ્યું હતું.ખરેખર આ દ્રશ્ય અને ઘટના તમામને રોમાંચિક કરી દેનારી હતી કેમ્પ એરિયા અને રાજેન્દ્રનગર વિસ્તારમાં આ ઘટનાનો લોકોએ વીડીયો ઉતાર્યા હતો. ૧૫ મીનીટ પહેલા આકાશમાં દેખાયેલો આ નજારો કોઈ સેટેલાઈટ ટ્રેન છે કે કેમ એ બાબતે પણ થઈ રહી છે. તપાસ અગાઉ પણ એલેન મસ્કના સેટેલાઈટ હારબધ રીતે નીકળતા આકાશમાં જાણે તારાઓની ટ્રેન જઈ રહી હોય તેવા દ્રશ્ય સર્જાયા હતા.

# આજથી ગરમીનું જોર વધશેઃ યલો એલર્ટ

### દરિયા કાંઠા વિસ્તારોમાં હિટવેવની અસર જોવા મળશે

**અબતક, રાજકોટ**

રાજયભરમાં આજથી ગરમીનું જોર વધશેઃ આગામી મંગળવાર સુધી હિટવેવની આગાહી વચ્ચે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. દરિયા કાંઠા વિસ્તારમાં હીટવેવની અસર અનુભવાશે, ભાવનગર, પોરબંદર, વેરાવળ, દિવ, દમણ, સુરત, નવસારી અને વલસાડ, ભરૂચ જિલ્લામાં મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે.

આ વર્ષ ગુજરાત સહિતના દેશના અનેક રાજયોમાં ઉનાળો આકરો રહેવાના સ્પષ્ટ એંધાણ વર્તાય રહ્યા છે. રાજયના ૭ જિલ્લામાં આગામી મંગળવાર સુધી હિટવેવની આગાહી આપવામાં આવી છે.

આજે ભાવનગર જીલ્લામાં હિટવેવની અસર દેખાવા લાગશે. પોરબંદર, વેરાવળ, ભાવનગર સહિતના વિસ્તારોમાં ગરમીનું જોર દેખાશે આજે સવારે અમદાવાદમાં વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. ગાઢ ધુમ્મસનું આવરણ છવાયું હતું. રાજકોટમાં આકાશમાં વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો.

શુક્રવારે ભુજ ૩૭.૨ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જયારે અમદાવાદનું તાપમાન ૩૬.૩ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૬.૯ ડિગ્રી, બરોડાનું તાપમાન ૩૬ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૩.૨ ડિગ્રી, દાહોદનું તાપમાન ૩૪.૫ ડીગ્રી, દમણનું તાપમાન ૩૨ ડિગ્રી, ડાંગનું તાપમાન ૩૫.૭ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૫.૩ ડિગ્રી, દિવનું તાપમાન ૩૦ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૮.૪ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૫.૫ ડિગ્રી, કંડલાનું તાપમાન ૩૧.૩ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૦.૬ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૯.૮ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૧.૮ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૩૬.૩ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૬.૨ ડિગ્રી અને વેરાવળનું તાપમાન ૩૦.૨ ડિગ્રી નોંધાયું હતું.

આજથી ચાર દિવસ રાજયના સાત જીલ્લામાં ગરમીનો પારો ઉચકાશે, આકરા ઉનાળાનો આરંભ થઈ જશે.

રાજયમાં માર્ચ મહિનાના આરંભે મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી ગયો હતો.આ વર્ષે ઉનાળો તમામ રેકોર્ડ બ્રેક કરે તેવી સંભાવના હવામાન વિભાગ દ્વારા અગાઉ જ વ્યકિત કરવામાં આવી છે. મેં મહિનામાં તાપમાન ૪૭ ડિગ્રી પહોંચી જાય તેવી શકયતા પણ નકારી શકાતી નથી. રાજયના સાત જિલ્લાઓમાં આજથી ચાર દિવસ માટે હીટવેવની આગાહી આપવામાં આવી છે. બીજી તરફ આજે સવારે અમદાવાદના અનેક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ગાઢ ધુમ્મસ છવાયું હતું રાજકોટમાં પણ સવારે થોડી ઠંડક રહી હતી ધુળેટીને દિવસે રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી પહોંચી ગયું હતું.

# બ્રેવો...યુપીએસસીના ટોપર બની રહ્યા છે ખેડૂતોના મહેનતું પુત્રો



### રાજસ્થાનના કોટાનો અનુજ અગ્નિહોત્રી સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે ચમક્યો

**અબતક, રાજકોટ**

યુપીએસસીની પરીક્ષામાં હવે નામી શૈક્ષણિક સંસ્થઓના નહીં પરંતુ ખેડૂતોના મહેનતું પુત્રો ટોપર બની રહ્યા છે.યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા ગત ડિસેમ્બરથી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલા પર્સનલ ઈન્ટરવ્યૂમાં સ્પીપામાંથી સૌથી વધુ ૩૪ ઉમેદવારો સિવિલ સર્વિસ માટે પસંદગી પામ્યા છે. ૮૨ ઉમેદવારોએ પર્સનલ ઈન્ટરવ્યૂ આપ્યા હતા. રાજસ્થાનના કોટાના ઉમેદવાર અનુજ અગ્નિહોત્રી સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યા છે.

યુપીએસસી દ્વારા ગત મે માસમાં લેવાયેલી સિવિલ સર્વિસ પ્રિલિમ પરીક્ષાનું પરિણામ ૧૧

(અનુ. આઠમા પાને)

### યુપીએસસીની પરીક્ષામાં ગુજરાતના ૩૪ વિદ્યાર્થીઓ ઉતિર્ણ

### દિશાંત નિસારે ટોપ-૨૦માં સ્થાન મેળવ્યુંઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શૂભકામના પાઠવી







યુપીએસસીની પરીક્ષાનું પરિણામ ગઈકાલે જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત માટે સૌથી ગૌરવની વાતએ છે કે ગુજરાતના ૩૪ ઉમેદવારો ઉતીર્ણ થયા છે. નિસાર દિશાંત અમૃતભાઈ ઓલ ઈન્ડિયા રેન્કિંગમાં ૧૯માં ક્રમે ઝળક્યો છે. યુપીએસસી પરીક્ષામાં સફળ થયેલા તમામ છાત્રોને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્ય માટે શૂભકામના પાઠવી છે. સ્પીપા થકી ગુજરાત સરકાર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પૂરી પાડવામાં આવતી ઉત્તમ તાલીમ, પ્રોત્સાહક વાતાવરણ અને રાજ્યના યુવાનોની અથાગ મહેનત સફળતાના શિખરો સર કરી રહી છે.

યુપીએસસીની પરીક્ષામાં નિસાર દિશાંત અમૃતલાલ ઉપરાંત વિપુલભાઈ ચૌધરી, ભાવેશ જગલાણ, પંકજ સોની, સૌરભ શર્મા, તુષાર મેંદપરા, કિર્તન ભટ્ટ, અનિકેત પટેલ, જીતેન્દ્ર પ્રજાપતિ, સવન સરવદિયા, કોમલ માવી, રાહુલ, શ્રેય। પ્રિયદર્શી, કિશનકુમાર રામ, સૌરભ, મહમદ હાસ્મી, નિશાંત પ્રિયદર્શી, પ્રવિણ કોલાપે, અશુંલ યાદવ, જૈનીશ્રી ચૌહાણ, જીતકુમાર નામ્હા, આદિત્ય અમરાણી, સત્યમ પાંડે, પ્રદિપભાઈ પરમાર, મીહિરભાઈ પટેલ, અભિષેક મીણા, હિમાંશુ વર્મા, સ્નેહ પટેલ, સાગર જાદવ, વિરેન પરમાર, નરેન્દ્રભાઈ રાઠોડ, પંથ રાજપાલ,

(અનુ. આઠમા પાને)

# સુરતના ડીંડોલીમાં સ્વામિનારાયણ મંદિરના બાથરૂમમાંથી બે વિદ્યાર્થિનીના મૃતદેહ મળતાં ખળભળાટ

### કોલેજ જવા નીકળેલી બંને યુવતીઓની મંદિર પરિસરમાંથી લાશ મળતા અનેક સવાલઃ અકસ્માત, આપઘાત કે અન્ય કંઈ? પોલીસ તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

સુરતના ડીંડોલી વિસ્તારમાં આવેલા સણીયા કણદે રોડ પર સ્થિત આત્મીય સંસ્કારધામ સ્વામિનારાયણ મંદિરમાંથી બે યુવતીઓના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટના બાદ સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે.


ઘટના અંગે મળતી માહિતી મુજબ, ઉધના સિટીઝન કોલેજમાં અભ્યાસ કરતી બે વિદ્યાર્થિનીઓ સવારે કોલેજ જવા માટે ઘરેથી નીકળી હતી. મૃતક યુવતીઓની ઓળખ ૧૮ વર્ષીય રોશની શરદ શિરસાઠ અને ૨૦ વર્ષીય જોસના અતુલ ચૌધરી તરીકે થઈ છે.

કોલેજ ગયા બાદ બંને યુવતીઓ મોડે સુધી ઘરે પરત ન ફરતા ચિંતિત પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. પરિવારના સભ્યો સતત ફોન કરી રહ્યા હતા પરંતુ કોઈ જવાબ મળી રહ્યો નહોતો. અંતે, મંદિર પરિસરના બાથરૂમમાંથી બંનેની લાશ શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી.

ઘટનાની જાણ થતા જ ડીંડોલી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે બંને યુવતીઓના મૃતદેહનો કબજો મેળવીને તેને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા છે. આ મોત આકસ્મિક છે, આત્મહત્યા કે અન્ય કોઈ કારણ, તે જાણવા માટે પોલીસે ઊંડી તપાસ હાથ ધરી છે. મંદિર જેવા પવિત્ર પરિસરમાં બે યુવાન દીકરીઓના રહસ્યમય મોતે અનેક સવાલો ઉભા કર્યા છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ આ મૃત્યુ પાછળનું સાચું કારણ સ્પષ્ટ થશે.

# સ્વાદ રસિકો આનંદોઃ ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીની આવક

### પ્રથમ આવકમાં કેરીના ચાર બોકસ આવ્યાઃ મુહુર્તમાં એક કિલોના ભાવ રૂ. ૫૦૧ બોલાયા



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

કેરીનો સ્વાદ માણવા માટે તલ પાપડ થઈ રહેલા સ્વાદ રસિકો માટે આનંદના સમાચાર મળી રહ્યા છે. ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીની આવકના શ્રી ગણેશ થયા છે.

સૌરાષ્ટ્રનું અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટીંગ યાર્ડ જણસી સાથે ફળ ફ્રુટમાં પણ અવ્વલ દરજ્જો ધરાવે છે. ફળોના રાજા ગણાતા કેસર કેરીનું વિધિવત આગમન ગોંડલ યાર્ડમાં થતાં કેરી રસિકો માટે સારા સમાચાર છે. ગોંડલ માર્કેટીંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે પ્રથમ કેસર કેરીના ૪ બોકસ ની આવક થઈ હતી. જેના હરરાજીમાં મુહુર્ત ના ભાવ એક કિલોના ૫૦૧ રૂપિયા ભાવ બોલાયા હતા.

આ વર્ષે શિયાળાની સિઝનમાં

(અનુ. આઠમા પાને)

# પાંડેસરા જીઆઈડીસીમાં ટાંકી સાફ કરવા ઉતરેલા ચાર શ્રમીકોના ગુંગળામણથી મોત

### ન્યુ પારસ ડાઈંગ મિલમાં કેમિકલની ટાંકી સાફ કરવા જતાં ગેસ લિકેજ ચાર યુવકોએ સારવારમાં દમ તોડી દેતાં અરેરાટી

**અબતક, રાજકોટ**

સુરતના પાંડેસરા જીઆઈડીસી ખાતે આવેલા ન્યુ પારસ ડાઈંગ મિલમાં કેમિકલની ટાંકી સાફ કરવા ઉતરેલા ચાર શ્રામિકોને ગૂંગળામણ થતાં તમામ સારવાર માટે તમામને હોસ્પિટલ ખસેડાયા હતા. ડીંડોલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ચારેય યુવકના મોત નિપજ્યા છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, પાંડેસરા ગણેશનગર વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય સોનુકુમાર ઉર્ફે ધનજંય કમલેશ પાસવાન, દિનુકુમાર ઉર્ફે અંકિત રવિન્દ્ર પાસવાન (ઉં.વ.૨૦), મહેન્દ્ર મેસર પાસવાન અને સંદીપ સંતોષ પાસવાન ગુરૂવારે(૫ માર્ચ, ૨૦૨૬) રાત્રે પાંડેસરા જીઆઈડીસીમાં આવેલા ન્યુ પારસ ડાઈંગ મિલમાં આવેલી કેમિકલની ટાંકીમાંથી ઈલેકિટ્રક મોટરની મદદથી પાણી બહાર કાઢવા અને ટાંકીમાં જમા થયેલો કચરો સાફ કરવા માટે શ્રમિકો ઉતર્યા હતા. આ દરમિયાન ટાંકીમાં રહેલી ગેસની પાઈપમાંથી અચાનક કેમિકલનો ગેસ લીકેજ શરૂ થતા ટાંકીની અંદર ગેસ ફેલાઈ ગયો હતો.

ગેસ લીકેજના કારણે ચારેય શ્રામિકને ગૂંગળામણ થવા લાગી હતી અને થોડા જ સમયમાં તેઓ ટાંકીની અંદર બેભાન થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં મિલના મેન્ટેનન્સ વિભાગના કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને જહેમત બાદ ચારેય શ્રામિકને ટાંકીમાંથી બહાર કાઢયા હતા. ત્યારબાદ તેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન સોનુકુમાર ઉર્ફે ધનજંયનું ગુરૂવારે મોડી રાત્રે જ મોત થયું હતું.

ત્યારબાદ શુક્રવારે(૬ માર્ચ) સવારે દિનુકુમાર ઉર્ફે અંકિત રવિન્દ્રનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે શુક્રવારે સાંજે મહેન્દ્ર અને સંદીપનું પણ ડીંડોલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. મૃતક ધનંજયના પાંચ વર્ષ પહેલા જ લગ્ન થયા હોવાનું પરિવારે જણાવ્યું હતું.

આ બનાવ અંગે પાંડેસરા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ચારેય મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા. પોલીસના જણાવ્યા મુજબ, મૃતક ચારેય યુવક કંપનીના કર્મચારી નહોતા. તેમને કોન્ટ્રાક્ટ હેઠળ બહારથી કેમિકલની ટાંકી સાફ કરવા માટે બોલાવવામાં આવ્યા હતા.

### શ્રમીકોની સુરક્ષામાં બેદરકારી? પોલિસ તપાસનો ધમધમાટ

સમગ્ર મામલે પોલીસે ગેસ લીકેજ કેવી રીતે થયો તેમજ સુરક્ષા વ્યવસ્થામાં કોઈ બેદરકારી હતી કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરી છે. મૃતક સંદીપ સંતોષ પાસવાનનો પરિવાર વતનમાં રહેતો હતો અને તે શહેરમાં પાંડેસરાના ગણેશનગરમાં વતનના અન્ય લોકો સાથે રહી મજૂરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો.